રાજ્ય અભ્યાસક્રમ રૂપરેખા પાયાનો તબક્કો - ૨૦૨૪ (SCF-FS) આધારિત

# પ્રજ્ઞા

દ્વિતીય સત્ર

વર્ષ : ૨૦૨૫-૨૬

# અધ્યયન સંપુટ
# ગુજરાતી

## ધોરણ ૧

વિદ્યાર્થીનું નામ : ____________________

શાળાનું નામ : ____________________



# શિક્ષણનાં વિકાસાત્મક ક્ષેત્રો અને અભ્યાસક્રમનાં ધ્યેયો

## શારીરિક વિકાસ

CG-1 બાળકોમાં એવી ટેવો વિકસે છે જે તેમને સ્વસ્થ અને સુરક્ષિત રાખે છે.

CG-2 બાળકો સંવેદનાત્મક દૃષ્ટિકોણમાં ચોક્સાઈ (શાર્પનેસ) વિકસાવે છે.

CG-3 બાળકો તંદુરસ્ત અને લચીલું શરીર વિકસાવે છે.

## સામાજિક-ભાવાત્મક અને નૈતિક વિકાસ

CG-4 બાળકો ભાવાત્મક બુદ્ધિ વિકસાવે છે, એટલે કે, તેમની પોતાની લાગણીઓને સમજવા અને તેનું સંચાલન કરવાની ક્ષમતા કેળવે છે તેમજ સામાજિક ધોરણોને હકારાત્મક પ્રતિસાદ આપે છે.

CG-5 બાળકો ઉત્પાદક કાર્ય અને 'સેવા' પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવે છે.

CG-6 બાળકો તેમની આસપાસના કુદરતી વાતાવરણ પ્રત્યે સકારાત્મક સંબંધ વિકસાવે છે.

## જ્ઞાનાત્મક વિકાસ

CG-7 બાળકો અવલોકન અને તાર્કિક વિચાર દ્વારા આસપાસની દુનિયાને સમજે છે.

CG-8 વિશ્વને ઓળખવા માટે બાળકો માત્રા, આકારો અને માપન દ્વારા ગાણિતિક સમજ અને ક્ષમતા વિકસાવે છે.

## ભાષા અને સાક્ષરતા વિકાસ

CG-9 બાળકો બે ભાષાઓમાં રોજબરોજની ક્રિયાપ્રતિક્રિયા માટે અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકસાવે છે.

CG-10 બાળકો પ્રથમ ભાષામાં વાંચવાની અને લખવાની ઝડપ વિકસાવે છે.

CG-11 બાળકો દ્વિતીય ભાષામાં વાંચવાનું અને લખવાનું શરૂ કરે છે.

## કલાત્મક અને સાંસ્કૃતિક વિકાસ

CG-12 બાળકો દૃશ્યમાન કલા અને પ્રસ્તુતિની ક્ષમતાઓ અને સંવેદનશીલતા વિકસાવે છે તથા કલા દ્વારા અર્થપૂર્ણ અને આનંદદાયી રીતે તેમની લાગણીઓ વ્યક્ત કરે છે.

## અધ્યયનની સકારાત્મક ટેવનો વિકાસ

CG-13 બાળકો શાળાના વર્ગખંડ જેવા ઔપચારિક શિક્ષણના વાતાવરણમાં સક્રિયપણે ભાગ લેવા માટેની અધ્યયનની ટેવ વિકસાવે છે.

આ ધ્યેય આધારે ક્ષમતાઓ (Compentencies) નિશ્ચિત કરી છે. તેના આધારે બાલવાટિકાથી લઈને ધોરણ - ૨ સુધીની અધ્યયન નિષ્પત્તિઓ સૂચવવામાં આવી છે.

## માર્ગદર્શન

**ડૉ. એમ. આઈ. જોષી**
નિયામક, પ્રાથમિક શિક્ષણ

**પ્રકાશ ત્રિવેદી**
નિયામક, જીસીઈઆરટી

**ડૉ. એમ. એમ. પટેલ (GAS)**
એડી.એસપીડી, સમગ્ર શિક્ષા

**શિલ્પા પટેલ**
સચિવ, સમગ્ર શિક્ષા

**એસ. જે. ડુમરાળિયા**
સચિવ, જીસીઈઆરટી

## સંકલન

**અનિલકુમાર ઉપાધ્યાય**

| | |
|---|---|
| ધર્મેશ રામાનુજ | સુચિત પ્રજાપતિ |
| સંજય ચૌધરી | અતુલ પંચાલ |
| નીરવ મિસ્ત્રી | હેમલ પંડ્યા |
| જયદિપસિંહ ચૌહાણ | રિઝવાના મિરઝા |

## સલાહકાર

**ડૉ. મહેન્દ્ર ચોટલીઆ**

## લેખન-સમીક્ષા

| | |
|---|---|
| ડૉ. હરેશ ચૌધરી | રાકેશ પટેલ |
| છાયા ઉપાધ્યાય | રમેશ દેસાઈ |
| પૂજા જોષી | મમતા શર્મા |
| ડૉ. પ્રિસ્કીલા ચૌહાણ | હિતેષ નાયક |
| હર્ષવી પટેલ | મૌલી સંખારિયા |
| હેમલત્તા રણા | નટવરસિંહ પરમાર |
| મહિપાલસિંહ જેતાવત | પાયલ પટેલ |
| નિતલ પંચાલ | ભૂમિકા પટેલ |
| પલ્કા ચૌધરી | નિતલ ધાંધલા |

## સમીક્ષા

ડૉ. ભાર્ગવ ઠક્કર
વૈશાલીબેન ચાવડા
યાહ્યા સપાટવાલા


## પ્રસ્તાવના

શિક્ષક મિત્રો અને વાલીઓ, નમસ્કાર.

NEP-2020, નિપુણ ભારત મિશન, FLN, NCF-SCF FSના વિવિધ અભિગમોને ધ્યાને લઈ 'પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન' શિક્ષણપ્રણાલીને સાર્થક કરતી શીખવાની શૈક્ષણિક સામગ્રી અને અધ્યયન સંપુટનાં ઉપયોગથી પ્રથમ સત્રનું શિક્ષણકાર્ય ઉત્તમ રીતે થયું તે માટે ધન્યવાદ. સામગ્રી સાથે વર્ગમાં શીખવાની નવી પદ્ધતિ અને પ્રયુક્તિઓનું સ્થાપન થાય તે માટે થયેલ વર્ગકાર્યને પણ બિરદાવું છું.

સૌ પ્રથમ તો આપ સૌના દ્વારા ધોરણ-૧ના અધ્યયન સંપુટના પ્રથમ સત્રનું શૈક્ષણિક કાર્ય જે રીતે પૂર્ણ થયું અને તેના મૂલ્યાંકનમાં જે સકારાત્મક અસર દેખાઈ તે દર્શાવે છે કે બદલાયેલા અભિગમનો શિક્ષક અને બાળક બંનેએ સ્વીકાર કર્યો છે. ભાષાશિક્ષણ અંતર્ગત બાળકોએ ધોરણ-૧માં અક્ષરો અને તેની વિવિધ માત્રાઓ સાથેની અડધી યાત્રા પૂર્ણ કરી તેને બીજા સત્રમાં આગળ લઇ જવાનું આયોજન કરાયેલ છે. હવે વર્ગમાં અભ્યાસ કરતા બાળકો અધ્યયન નિષ્પત્તિ આધારિત નિર્માણ થયેલી ભાષા પ્રવૃત્તિઓ જેવી કે અક્ષરો, અક્ષરોથી બનતાં સાદાં વાક્યો, મોટાં વાક્યોનું વાંચન-લેખન, ગીત-કવિતાની અર્થસભર પંક્તિઓનું વાંચન, ચિત્ર દ્વારા અર્થગ્રહણ હોંશે હોંશે કરતાં થયાં હશે. પ્રથમ સત્ર દરમિયાન ભાષાશિક્ષણ માટેના અધ્યયન સંપુટના માધ્યમે ગીત, વાર્તા, પ્રશ્નોત્તરી, વાતચીત, અનુલેખન, શ્રુતલેખન, સારી રીતે કરવાની ટેવ પણ આપે વિકસાવી હશે.

બીજા સત્ર દરમિયાન પણ આ જ બાબતોનું દૃઢીકરણ થાય તેવી અપેક્ષા રાખું છું. બીજા સત્રમાં ખાસ કરીને શીખવાની જે બાબતો પર કાળજી લેવાની છે તેમાં પ્રથમ સત્રમાં શીખેલા અક્ષરોનું વારંવાર પુનરાવર્તન થાય, વિષયવસ્તુ સંદર્ભે આપેલ પ્રવૃત્તિને સ્વરૂપ મુજબ સમૂહ-જૂથ, જોડી કે વ્યક્તિગત રીતે થાય તેવું આયોજન અને વ્યક્તિગત મૂલ્યાંકન બાદ તેનું ઉચિત ઉપચારાત્મક કાર્ય, સપ્તરંગી શનિવારનું સઘન આયોજન અને વર્ગમાં રહેલી શીખવા-શીખવવાની સહાયક સામગ્રીના સતત ઉપયોગનો સમાવેશ થાય છે.

બીજા સત્રનાં અધ્યયન સંપુટ દ્વારા આગામી સમયમાં બાળકો ભાષાની રચના અને સ્વતંત્રલેખન તરફ પર જાય તેવું આયોજન વિચારેલ છે. આપના હાથમાં બીજા સત્રનો અજમાયશી અધ્યયન સંપુટ મૂકી રહ્યા છીએ તેનો સંતોષ છે. હવે આપ શિક્ષક-બાળકની અપેક્ષાઓ પૂર્ણ થાય તેવી અભ્યાસ સામગ્રીથી પરિચિત થયેલાં હોવાથી અભિગમને સારી રીતે જાણી શક્યા છો.આ સત્રમાં પણ બધા જ પ્રકારની સામગ્રી બાળકો દ્વારા વારંવાર ઉપયોગમાં લેવાય તેની આપ ખાસ કાળજી લેશો. પ્રથમ સત્રની માફક દ્વિતીય સત્રના અધ્યયન સંપુટની પ્રવૃત્તિઓ બાળકો ઉમંગભેર કરે તે અપેક્ષા...

જે. રંજીથકુમાર (IAS)
**સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા, ગાંધીનગર, ગુજરાત.**

# અભ્યાસક્રમનાં ધ્યેય અને અધ્યયન નિષ્પત્તિ

## (ધોરણ-૧ ભાષા અધ્યયન સંપુટ અધ્યયન નિષ્પત્તિ પત્રક)

### CG-9 બાળકો બે ભાષામાં રોજબરોજની ક્રિયા-પ્રતિક્રિયા માટે અસરકારક સંચાર-કૌશલ્ય વિકસાવે છે.

C 9.1 સાદાં ગીત, જોડકણાં અને કવિતાઓ સાંભળે છે અને માણે છે.

9.1.1 કવિતા/ જોડકણાં સાંભળે અને ગાય છે. 9.1.2 કવિતા/ જોડકણાં વિષે વાતચીત કરે છે અને પ્રશ્નો પૂછે છે.

9.1.3 કવિતા/ જોડકણાં ગાય છે અને પઠન કરે છે.

C 9.2 પોતાની મેળે સરળ ગીતો અને કવિતાઓ બનાવે છે.

9.2.1 શિક્ષકની મદદથી ટૂંકી કવિતાઓ/જોડકણાં વિસ્તારે છે/ બનાવે છે.

C 9.3 સળંગ અને અર્થપૂર્ણ વાતચીત કરી શકે છે.

9.3.1 વાતચીતમાં જોડાય છે, બોલવાનો વારો આવે તેની રાહ જુએ છે અને અન્યને બોલવા દે છે.

9.3.2 વર્ગમાં વાંચી સંભળાવેલી કે ચર્ચાયેલી વાસ્તવિક બાબતો સાથે પોતાના પૂર્વ અનુભવો જોડે છે અને તેના વિષે વાત કરે છે.

C 9.4 જટિલ કાર્ય માટે આપેલી મૌખિક સૂચનાઓ સમજે છે અને તે કાર્ય કરાવવા માટે અન્ય લોકોને સ્પષ્ટ મૌખિક સૂચનાઓ આપે છે.

9.4.1 આઠથી દસ વિવિધ બાબતો (પગલાં) સમાવતી સૂચનાઓ સમજે છે અને અનુસરે છે.

9.4.2 આઠથી નવ બાબતો (પગલાં) સમાવતી સૂચના સ્પષ્ટ રીતે આપે છે.

C 9.5 સાંભળેલી/ વાંચેલી વાર્તાઓ સમજે છે અને પાત્રો, વાર્તા અને લેખક શું કહેવા માગે છે તે સમજે છે.

9.5.1 વાર્તાનો હેતુ અને પાત્રોની લાક્ષણિકતાઓને ધ્યાને રાખી વાર્તાને અલગ સ્વરૂપમાં ફરીથી કહે છે.

C 9.6 સ્પષ્ટ કથાવસ્તુ અને પાત્રો સાથે ટૂંકી વાર્તા કહે છે.

9.6.1 સરળ કથાવસ્તુ અને પાત્રો સાથેની વાર્તા બનાવે છે.

C 9.7 રોજબરોજનો વ્યવહાર અસરકારક રીતે કરવા માટે પૂરતા શબ્દો જાણે છે અને તેનો ઉપયોગ કરે છે અને તેમની પાસે જે શબ્દભંડોળ છે તેનો ઉપયોગ કરીને નવા શબ્દોના અર્થનું અનુમાન કરી શકે છે.

9.7.1 ચિત્ર અને અન્ય સંદર્ભોનો ઉપયોગ કરીને પાઠ્યસામગ્રીમાં આવતા નવા શબ્દોના અર્થનું અનુમાન કરે છે.

### CG-10 બાળકો પ્રથમ ભાષામાં વાંચવાની અને લખવાની ઝડપ વિકસાવે છે

C 10.2 મુદ્રણ (પ્રિન્ટ) સભાનતા વિકસાવે છે અને મૂળભૂત વિરામ ચિહ્નોને ઓળખે છે.

10.2.1 સાદાં વિરામ ચિહ્નોનોને ઓળખે છે. (પૂર્ણ વિરામ, પ્રશ્નાર્થ ચિહ્ન)

C 10.3 વર્ણમાળાનાં બધાં અક્ષરો અને માત્રાઓ ઓળખે છે અને વાંચવા અને લખવા માટે તેનો ઉપયોગ કરે છે.

10.3.1 તમામ અક્ષરો (મૂળાક્ષરો)ને ઓળખે છે અને અનુરૂપ ધ્વનિ સાથે જોડે છે.

10.3.2 વિવિધ અક્ષરોથી બનેલા શબ્દો વાંચે છે.

C 10.4 યોગ્ય ઝડપ અને આરોહ-અવરોહ સાથે ચોકસાઈપૂર્વક અને પ્રવાહિતા સાથે પ્રથમ ભાષાની વાર્તાઓ અને ફકરા વાંચે છે.

10.4.1 યોગ્ય સ્વર અને વિરામ સાથે ટૂંકા ફકરા ચોકસાઈથી વાંચે છે.

C 10.5 ટૂંકી વાર્તાઓ વાંચે છે અને પોતાની રીતે પાત્રો, વાર્તાનું કથાવસ્તુ અને લેખક શું કહેવા માગે છે તે ઓળખીને તેનો અર્થ સમજે છે.

10.5.1 સમાન પાઠ્ય અને દૃશ્ય સામગ્રીવાળાં પુસ્તકોને સ્વતંત્ર રીતે વાંચવાનું શરૂ કરે છે.

10.5.2 અપરિચિત વાર્તાનાં પુસ્તકો વાંચવાનું અને શિક્ષકના માર્ગદર્શનથી સમજવાનું શરૂ કરે છે.

10.5.3 વાર્તાનાં કથાવસ્તુ અને પાત્રોને ઓળખે છે.

C 10.6 ટૂંકી વાર્તાઓ વાંચે છે અને શબ્દોની પસંદગી અને કલ્પના માટે કવિતાની પ્રશંસા કરે છે.

10.6.1 ટૂંકી કવિતાઓ વાંચે છે અને કવિતાનો શાબ્દિક અર્થ વર્ણવે છે.

C 10.7 ટૂંકા સમાચાર, સૂચનાઓ અને પ્રચારસામગ્રી વાંચે છે તેમજ તેનો અર્થ સમજે છે.

10.7.1 રમત રમવા માટે સરળ સૂચનાઓ વાંચે છે અને જૂથ સાથે તે રમે છે.

C 10.8 પોતાની સમજણ અને અનુભવો વ્યક્ત કરવા માટે ફકરો લખે છે.

10.8.1 ત્રણ અથવા ચાર અક્ષરવાળા શબ્દો ચોકસાઈથી લખે છે. (શ્રુતલેખન)

10.8.2 ચિત્રોને ક્રમમાં ગોઠવે છે અને તેની સાથે ટૂંકાં વાક્યો લખે છે. 10.8.3 શબ્દો અને ટૂંકાં વાક્યો લખીને ચિત્ર (કાર્ડ)નું વર્ણન કરે છે.

10.8.4 સરળ પ્રક્રિયાઓ માટે સહપાઠીઓ માટે ટૂંકી સૂચનાઓ લખે છે.

C 10.9 બાળસાહિત્યનાં વિવિધ પુસ્તકો લેવામાં અને વાંચવામાં રુચિ બતાવે છે.

10.9.1 પુસ્તક પસંદ કરતી વખતે પોતાની પ્રાથમિકતા સમજાવે છે. 10.9.2 નિયમિત અંતરાલ પર નાનાં પુસ્તકો વાંચે છે.

# કેવી રીતે?

૧. ગીતડું/ગીતિકા/ગીત

- ગીતનું પઠન કરાવો.
- પઠન કરાવ્યા બાદ વિદ્યાર્થીઓને જૂથમાં/જોડીમાં/જાતે કેવા રાગે ગાઈશું, તે પૂછો – નક્કી કરવા દો.
- કોઈ એક રાગ નક્કી થાય પછી તમે ગીતનું ગાન કરો.
- તેની એક-એક પંક્તિનું ઝીલગાન કરાવો.
- બરાબર ઝીલતાં આવડી જાય પછી સમૂહગાન કરાવો.
- ગીતનો શક્ય હોય તો અભિનય કરાવો (દરેક ગીતમાં અપેક્ષિત નથી.)
- આવાં ગીતો એકમ દરમિયાન સમયાંતરે ગવડાવતા રહો.

૨. વાતચીત

- એકમ દરમિયાન ક્યાંક ગીત કે ગીતડું, ચિત્ર કેલેન્ડર, વાર્તા અને કોઈ ભાષા પ્રવૃત્તિ બાદ વાતચીત મૂકવામાં આવી છે.
- ચિત્ર/વાર્તા/કવિતા સાથે વાતચીતમાં આપેલા બધા પ્રશ્નો તમે એક વાર વાંચી જાઓ.
- વાતચીતમાં આપેલા પ્રશ્નો સ્થાનિક ભાષામાં (બાળકો સમજી શકે તે રીતે) પૂછો.
- ચિત્ર જોઈને કે વાર્તા/કવિતા સાંભળ્યા બાદ તરત જ બાળકો જાતે જ તેના વિશે વાતો કરવા માંડે તો છાપેલા પ્રશ્નો પૂછવાને બદલે તેમની વાતોમાંથી પ્રશ્નો પૂછો.
- તેઓ અટકી જાય તેવું લાગે કે તરત જ આ પ્રશ્નો પૂછી તેમને ફરી બોલતા કરો.
- આ પ્રશ્નો વાતચીત કરવાની ભાષામાં પૂછો.
- આપેલા પ્રશ્નો સિવાયના પેટા કે પૂરક પ્રશ્નો પૂછી શકો છો.
- વાતચીતમાં બાળકનો કોઈ જવાબ તમને ખોટો લાગે તો પણ બાળકને 'ખોટા'નું લેબલ ન લગાડો. બાળકને પૂછો કે તેમને એવો જવાબ કેમ લાગે છે.
- વાતચીતના પ્રશ્નો લખાવવાના નથી.
- વાતચીતના પ્રશ્નો આપેલ ક્રમમાં જ પૂછવાનો આગ્રહ ન રાખો.

૩. ચિત્ર કેલેન્ડર

- વર્ગનાં તમામ બાળકો જોઈ શકે તે રીતે ચિત્ર કેલેન્ડર લટકાવો.
- બધાંને તે ચિત્ર એક મિનિટ જેટલો સમય કંઈ પણ બોલ્યા વગર જોવા કહો.
- ચિત્ર કેલેન્ડરના ચિત્ર આધારિત વાતચીત કરો.

૪. વાર્તા

- બાળકોની ચોપડી બંધ રખાવી વાર્તાનું ભાવવાહી પઠન કરો. (પઠન પહેલાં વાર્તા મોઢે કહેવી નહિ કે વીડિયો બતાવવા નહીં.)
- પહેલી વાર આ વાંચન કરી લો કે તરત જ તેના આધારે વાતચીત કરો.
- આ પછી વાર્તાના આધારે કોઈ કામ કરવાનું આવે એટલી વાર વાર્તા ફરી વાંચી સંભળાવો. બીજા ધોરણમાં બાળકો દ્વારા પણ વારાફરતી વાર્તાનું મુખરવાંચન કરાવો.
- બાળકોને પણ તે વાર્તા કહેવા દો.

૫. શ્રુતલેખન

- શ્રુતલેખન કરાવતાં પહેલાં બાળકોને પેન્સિલ વગેરે હાથમાં રાખ્યા વગર તે તમામ શબ્દો અને વાક્યો મોટેથી યોગ્ય ગતિ સાથે વાંચી સંભળાવો.

- પહેલેથી સૂચના આપો કે તમે દરેક શબ્દ કે વાક્ય એક જ વાર બોલશો.
- શ્રુતલેખન કરાવતી વખતે શબ્દને શબ્દ તરીકે બોલો, અક્ષર છૂટા પાડીને ન જ બોલો. દા. ત. 'કો... ય... લ...' એ રીતે ન બોલો, 'કોયલ' એમ આખો શબ્દ સાથે બોલતા શિખવવો.
- એક વાર બોલ્યા બાદ એ લખાઈ રહે ત્યાં સુધી મૌન રહો. (બીજી કોઈ સૂચના વગેરે પણ ન આપો.)
- બાળકોનું શ્રુતલેખન વ્યક્તિગત ચકાસો. તેમાં રહેલી ભૂલો પ્રત્યે બાળકોનું ધ્યાન દોરો. જેમ કે, બાળક કોઈ અક્ષર ખોટો લખે છે, કોઈ અક્ષર વધારાનો લખે છે, કોઈક શબ્દ લખવાનું ચૂકી જાય છે, માત્રા કરવાની રહી જાય છે, ખોટી માત્રા લખે છે વગેરે. જોકે શરૂઆતમાં હ્રસ્વ ઇ કે ઉ અને દીર્ઘ ઈ કે ઊ ની માત્રાઓની સામાન્ય ભૂલો તરફ માત્ર નિર્દેશ કરો, એ ભૂલ સુધારવા માટે વધારાના વિશેષ પ્રયત્નોની જરૂર નથી. બાળક જેમ જેમ સાચા શબ્દો વાંચતું-જોતું જશે તેમ તેમ એ ભૂલ આપોઆપ સુધરતી જશે. પરંતુ બાળક જો 'એ' ને બદલે 'આ' કે 'ઓ'ની માત્રા, 'ઉ' ને બદલે 'ઈ' ની માત્રા વાપરે તો તે સુધારવા માટે પ્રયત્ન કરવો.

## ૬. ફરી યાદ કરીએ

- બધા પ્રશ્નો એક વાર વાંચી જાઓ.
- આ પ્રશ્નો મૂલ્યાંકનના નથી એટલે એને કોઈ ચોક્કસ જવાબની અપેક્ષા રાખીને પૂછો નહીં.
- તમે એક પ્રશ્ન પૂછો એ પછી જો વિદ્યાર્થીઓ જાતે જ અન્ય બાબતો વિશે પોતાનું અનુચિંતન (Reflection) કરવા માંડે તો એ વિશેના પ્રશ્નો પૂછો નહીં.

## ૭. જૂથકાર્ય

- આ પ્રકારની પ્રવૃત્તિ માટે વર્ગ સંખ્યા મુજબ નાનાં નાનાં ચાર કે તેથી વધુ જૂથ પાડો.
- જૂથમાં સોંપવાની પ્રવૃત્તિ પૈકી કોઈ એકનું નિદર્શન બધાં જૂથનાં એક-એક બાળકને વર્ગ સમક્ષ લાવી કરાવો.
- ત્યાર બાદ તેમને જૂથકાર્ય માટેનો ચોક્કસ સમય આપો. (જેમ કે ૧૦ મિનિટ/૧૫ મિનિટ)
- જૂથકાર્ય દરમિયાન બાળકોની વચ્ચે બેસી તેમને તેઓ જે કરતાં હોય તેના વિશે પ્રશ્નો પૂછતા રહો.
- સમાન બાળકોનું એક જ જૂથ વારંવાર ન બની જાય તેનો ખ્યાલ રાખો.
- જૂથકાર્ય પૂરું થાય ત્યારે તેમણે કરેલું કાર્ય બધા સમક્ષ રજૂ કરવા કહો. બીજા જૂથ તેમાં પોતાનાં સૂચનો આપે તેવું આયોજન કરો.

## ૮. જોડીકાર્ય

- જોડીકાર્ય માટે બે-બે બાળકોની જોડી બનાવવા કહો.
- જોડીમાં જે પ્રવૃત્તિ કરવાની હોય તેનું એક ઉદાહરણ કોઈ એક જોડીને વર્ગ સમક્ષ લાવીને આપો.
- જોડીકાર્યની પ્રવૃત્તિ માટે ચોક્કસ સમય આપો.
- જોડીકાર્યને વર્ગ સમક્ષ રજૂ કરાવો.

## ૯. વાંચીમાર

- આ રમતનો મુખ્ય હેતુ અક્ષર અને શબ્દવાંચનની ઓળખ માટેનો છે.
- જે તે એકમ અને અગાઉના એકમ આધારિત અક્ષરોની/શબ્દોની પસંદગી કરો.
- અક્ષરો અને શબ્દોના કાર્ડ બનાવો. (અક્ષરપેટીનો ઉપયોગ કરી શકો.)
- દરેક બાળકોને દેખાય તે રીતે કાર્ડને ઊભા મૂકો.
- વર્ગખંડના બાળકોનાં ત્રણ-ત્રણ કે ચાર-ચારનાં જૂથ બનાવો.
- દરેક જૂથમાંથી એક બાળકને દડો આપી તમે બોલો તે અક્ષર કે શબ્દ ઉપર દડો મારવા કહો.
- વિદ્યાર્થીને અક્ષર અથવા શબ્દ વાંચીને દડો મારવા કહો. દડો મારનાર જૂથના મિત્રોની મદદ લઈ શકે.
- આવી રીતે અલગ અલગ અક્ષરો અને શબ્દો બદલી રમત આગળ વધારો.

- જે જૂથ વધારે સાચી રીતે દડો મારી શકે તે જૂથને વિજેતા જાહેર કરો.

### ૧૦. અક્ષરથપ્પો

- અક્ષરની ઓળખ માટે આ રમત રમાડો.
- એકમ આધારિત તેમજ અગાઉ શીખેલા અક્ષરોના વધુમાં વધુ આઠ અક્ષરો લો.
- રમત શરુ કરતાં પહેલાં વિદ્યાર્થીઓને ફ્લેશકાર્ડ બતાવી ઓળખ કરાવો.
- બનાવેલાં ફ્લેશકાર્ડ વિદ્યાર્થીઓને પહેરાવી વર્ગખંડમાં અલગ અલગ જગ્યાએ ઊભા રાખો.
- વર્ગખંડના આઠ કે તેથી ઓછા વિદ્યાર્થીઓને રમત રમવા ઊભા કરો. બાકીના વિદ્યાર્થીઓ વર્ગમાં વચ્ચે બેસે અને રમત જુએ.
- ખંજરી કે ઘૂઘરો વગાડો એટલે એ આઠ વિદ્યાર્થીઓ વર્ગમાં ગોળગોળ ફરે.
- એક અક્ષર મોટા અવાજે બોલી વગાડવાનું બંધ કરો.
- વિદ્યાર્થીઓ તે અક્ષર સાંભળી તે અક્ષરના કાર્ડ તરફ ભેગા થાય.
- જે વિદ્યાર્થીને ઓળખવામાં તકલીફ પડે તેમને ધ્યાને લઈ ફરી રમત રમાડતા રહો.

### ૧૧. ગોતી લો...

- વિદ્યાર્થી અક્ષર ઓળખે છે કે નહિ, તે ચકાસવા માટે આ પ્રવૃત્તિ કરાવો.
- બોર્ડ ઉપર એક શબ્દનું ઉદાહરણ આપી વર્તુળ કરવાની સમજ આપો.
- કોઈ એક અક્ષર બધા વિદ્યાર્થી સાંભળી શકે તે રીતે બોલો.
- વિદ્યાર્થીઓને સંપુટમાં કે અન્ય વાંચન સામગ્રીમાં આપેલા શબ્દોમાંથી તે અક્ષર આવતો હોય તેવા શબ્દો શોધવા કહો.
- શબ્દમાંથી અક્ષર શોધી વર્તુળ કરવા કહો.
- શબ્દોમાંથી એક અક્ષર શોધી લીધા પછી અન્ય અક્ષર લો.
- આવી પ્રવૃત્તિ ફકરામાંથી અને વાક્યમાંથી પણ કરાવી શકો.
- બોર્ડ ઉપર લખીને તથા જુદાં જુદાં શબ્દકાર્ડ દ્વારા પણ આ પ્રવૃત્તિ કરાવી શકો.

### ૧૨. સૂનો, ઢૂંઢો, નિકાલો...

- અક્ષરની ઓળખ અને સમજ માટે આ પ્રવૃત્તિ કરાવો.
- આ પ્રવૃતિમાં સાંભળી, સમજી અને છેકવાની પ્રવૃત્તિ કરાવવાની છે.
- કોઈ અક્ષર મોટેથી બોલો.
- ત્યાર બાદ કેટલાક શબ્દો સંપુટમાં આપ્યા છે તે વાંચો.
- જે શબ્દમાં તમે બોલેલો અક્ષર સંભળાય તે શબ્દ વિદ્યાર્થીઓ છેકી નાખે તેવી તેમને સૂચના આપો.
- એક શબ્દ વાંચી સંભળાવ્યા બાદ અન્ય શબ્દોમાં પણ છેકવાની પ્રવૃત્તિ કરાવો.
- હવે, બીજા અક્ષરની પ્રવૃત્તિ પણ આજ રીતે કરાવો.

### ૧૩. કોણ ગુમ થયું?

- અક્ષર અને શબ્દ સાથે આ રમત રમાડો.
- વર્ગની સંખ્યા પ્રમાણે ચાર-ચાર કે પાંચ-પાંચ વિદ્યાર્થીઓનાં જૂથ બનાવો.
- બોર્ડ ઉપર ચાર કે પાંચ શબ્દો લખો. થોડી વાર તે શબ્દો જોઈને વાંચવા કહો. (શબ્દકાર્ડ બનાવીને પણ આ રમત રમાડી શકો.)
- દરેક જૂથના તમામ વિદ્યાર્થીઓની આંખો બંધ કરાવી કોઈ એક શબ્દ ભૂંસી નાખો.
- પહેલા જૂથને 'કયો શબ્દ ગુમ થયો?' તે પૂછો. આવી રીતે અન્ય જૂથનો વારો લેવો.
- જે જૂથ સૌથી વધારે સાચા ઉત્તર આપે તે જૂથને વિજેતા જાહેર કરો.
- આવી રીતે વાક્યમાંથી એક શબ્દ કે ત્રણ-ચાર નાનાં વાક્યો લખી તેમાંથી એક વાક્ય ભૂંસીને પણ રમત રમાડી શકો.

# અનુક્રમણિકા

Q6T3M6


| ક્રમ | એકમ | પાન નં. |
|---|---|---|
| ૫. | લપલપિયો કાચબો | ૧ |
| ૬. | અજબ નગર | ૨૩ |
| ૭. | મારા ઘરના સભ્યો | ૫૨ |
| ૮. | બળિયો ભીમ | ૭૧ |

મહાવરો

| | | |
|---|---|---|
| • | એકમ-૫ના વિશેષ મહાવરા માટે | ૯૩ |
| • | એકમ-૬ના વિશેષ મહાવરા માટે | ૯૬ |
| • | એકમ-૭ના વિશેષ મહાવરા માટે | ૧૦૧ |
| • | એકમ-૮ના વિશેષ મહાવરા માટે | ૧૦૪ |


## યાદ રાખીશું



આ સંપુટમાં એકમ-૫થી ૮ના અંતે 'આટલું તો આવડે છે' તરીકે વિદ્યાર્થીઓને સ્વમૂલ્યાંકન માટે તક આપવામાં આવે છે. વર્ગના વિદ્યાર્થીઓએ દરેક પ્રવૃત્તિ જે તે ક્રમમાં પૂરેપૂરી કરી હોય તો તેઓ જાતે જ તે પ્રવૃત્તિ ક્રમ ઉપર ◯ કરે અને અધૂરી હોય તો ◡ કરે. જે વિદ્યાર્થીઓને તમામ પ્રવૃત્તિઓ પૂરી થઈ ગઈ હોય તેમને જાતે કરી શકે તેવાં કામ સોંપો. જેમને બાકી રહી હોય તેવા વિદ્યાર્થીઓને તે અધૂરી પ્રવૃત્તિઓ પૂરી કરાવડાવો.

**એકમ-૫ માટેની પૂર્વતૈયારી...**

- વાર્તાનાં પાત્રોનાં મહોરાં
- લ, ટ, ચ, ખ ના અક્ષરકાર્ડ
- અક્ષર લેખન માટે ગુંદર/ગ્લુસ્ટિક, રેતી, કાગળ
- શાકભાજીનાં / વાહનનાં ચિત્રો
- લાર્જ સ્ટોરીબુક, ચિત્ર કેલેન્ડર, અર્લી રીડર, પોસ્ટર, IIT કિટ (શબ્દમિલાપ પેટી) પ્રોજેક્ટ પ્રવૃત્તિ બુક, સ્લેટ-પેન, નોટબુક



# ૫. લપલપિયો કાચબો

- જમીન પર બેઠાં-બેઠાં હવામાં સાઈકલ ચલાવો.

૧. ચાલો, ગીત ગાઈએ અને જાણીએ કે કોની પાસેથી શું શીખવા જેવું છે. (પઠન, ગાન, ઝીલગાન, સમૂહગાન) બીજા પક્ષી/પ્રાણીના નામ મૂકી કવિતા આગળ વધારાવો.

9.1.1, 9.2.1

## હે ઢીંકાચિકા ઢીંકાચિકા ઢીંકાચિકા... તું



હે... ઢીંકાચિકા ઢીંકાચિકા ઢીંકાચિકા તું
ઢીંકાચિકા ઢીંકાચિકા ઢીંકાચિકા તું
પતંગિયા, ઓ પતંગિયા, તું શીખવી જા મને ઊડવાનું...
હે ઢીંકાચિકા... તું.
હે... ઢીંકાચિકા ઢીંકાચિકા ઢીંકાચિકા તું
ઢીંકાચિકા ઢીંકાચિકા ઢીંકાચિકા તું



કોયલબેન, ઓ કોયલબેન, તું શીખવી જા મને ગાવાનું...
હે ઢીંકાચિકા... તું.
હે... ઢીંકાચિકા ચિંતાકિતા ઢીંકાચિકા તું
ઢીંકાચિકા ઢીંકાચિકા ઢીંકાચિકા તું



મોરલિયા, ઓ મોરલિયા, તું શીખવી જા મને નાચવાનું...
હે ઢીંકાચિકા... તું.
હે... ઢીંકાચિકા ચિંતાકિતા ઢીંકાચિકા તું
ઢીંકાચિકા ઢીંકાચિકા ઢીંકાચિકા તું




માછલીબેન, ઓ માછલીબેન, તું શીખવી જા મને તરવાનું...
હે... ઢીંકાચિકા... તું.
હે... ઢીંકાચિકા ચિંતાકિતા ઢીંકાચિકા તું
ઢીંકાચિકા ઢીંકાચિકા ઢીંકાચિકા તું
લપલપિયા ઓ બકબકિયા, તું શીખવી જા ચૂપ રહેવાનું...
હે ઢીંકાચિકા... તું.



૦૧ દોરો :

૨. ચિત્ર જુઓ. બબ્બે ચિત્રની સરખામણી કરો. ચિત્ર નં. ૧-૨, ચિત્ર નં. ૨-૩ અને ચિત્ર નં. ૩-૪ની સરખામણી કરતાં તે બંનેમાં શું સરખું છે? શું જુદું છે? કહો. (ચિત્ર કૅલેન્ડરનો ઉપયોગ કરો.)

9.3.1, 10.5.3




**વાતચીત**

- પહેલા ચિત્રમાં સસલું શું કરે છે?
- બીજા ચિત્રમાં વાઘ શું કરે છે?
- ત્રીજા ચિત્રમાં સસલું ક્યાં છે? વાઘ શું કરે છે?
- સસલું ત્રીજા ચિત્રમાં ક્યાં હતું? ચોથામાં ક્યાં છે?
- વાઘે ઉંદરને છોડી દીધો હશે કે તે પોતાની રીતે છૂટ્યો હશે?
- તમારા શિક્ષક પાસેથી આ વાર્તા સાંભળો.

- બોર્ડબુક નં. ૧૧ જળચર જીવોનો પરિચય કરાવો.
- વિદ્યાર્થીઓને મનપસંદ જીવનું ચિત્ર દોરવા કહો.

 દોરો : ટ ટ (બે)

૩. રમીએ

10.7.1

એક વર્તુળ દોરી વર્ગના વિદ્યાર્થીઓને તેની બહાર ઊભા રાખો. ત્યારબાદ સૂચના આપો કે દરિયામાં રહેતા હોય તેવા જીવજંતુનું નામ બોલો તો વિદ્યાર્થીઓએ વર્તુળની અંદર આવવું. જો દરિયામાં રહેતા ન હોય તેવાનું નામ બોલો તો વર્તુળની બહાર નીકળી જવું. આ ક્રિયા કરવામાં ભૂલ કરે તે વિદ્યાર્થી આઉટ ગણાશે.


## લપલપિયો કાચબો

૪. વાર્તા સાંભળીએ

9.3.1, 9.3.2, 10.5.3

એક તળાવ હતું. તળાવમાં એક કાચબો રહે. તેને બોલબોલ કરવાની ટેવ. કોઈ ન મળે તો એકલો એકલો પણ બોલ્યા કરે. એકવાર માનસરોવરના બે હંસ તળાવ પાસે આવ્યા. એમને તો તળાવ ગમી ગયું. એ તો તળાવકાંઠે જ રહી ગયા. પેલા ભડભડિયા કાચબાને તો હંસો સાથે ભાઈબંધી થઈ ગઈ. કાચબો હંસો સાથે ફરવા જાય, તરવા જાય. કાચબો વાતો કહ્યા કરે, હંસો વાતો સાંભળ્યા કરે.

ઉનાળો આવ્યો એટલે હંસો માનસરોવર જવા તૈયાર થયા. કાચબાને માનસરોવર જોવાનું મન થઈ ગયું. એણે તો હંસોને કહ્યું, "મારે આવવું છે, મારે માનસરોવર જોવું છે!" હંસો કહે : "પણ અમે તને કેમ કરીને લઈ જઈએ? તને ઊડતાં તો આવડતું નથી!"



કાચબો કહે : "કોઈ ઉપાય કરીને પણ મને લઈ જાઓ, હવે તો આપણે ભાઈબંધો કહેવાઈએ!"

હંસોએ એક ઉપાય કર્યો. એ તો એક લાકડી લઈ આવ્યા. તેમણે લાકડીને બે છેડેથી ચાંચ વડે પકડી. કાચબાને મોઢા વડે વચ્ચેથી લાકડી પકડાવી. સાથે સાથે એમણે શરત કરી. તેમણે કાચબાને કહ્યું કે, "તારે બોલ બોલ કરવાની ટેવને ભૂલવી પડશે. ખબરદાર જો મોઢું ખોલ્યું છે તો!"

હંસો તો ભાઈ ચાંચોમાં લાકડી પકડીને ઊડ્યા, સાથે કાચબાભાઈ પણ! રસ્તામાં મોટાં મોટાં જંગલો, મોટાં મોટાં સરોવરો ને મોટા મોટા પહાડો આવ્યા. મોટી મોટી નદીઓ પણ આવી. રસ્તામાં એક ગામ પણ આવ્યું. ગામલોકોએ ઊંચે નજર કરી. કાચબાભાઈને ઊડતા જોઈ સહુ હસવા લાગ્યા. કાચબાભાઈની

૦૩ દોરો : ડ ડ ડ ડ

નજર પડી. એમને થયું, "ગામલોકોને કંઈક સંભળાવું!" પણ જેવા કંઈક બોલવા ગયા એવી જ લાકડી તેના મોઢામાંથી છૂટી ગઈ અને તેઓ જમીન પર પડ્યા.

**વાતચીત**

- હવે કાચબાનું શું થયું હશે?
- તમને ક્યારે ક્યારે હસવું આવ્યું?
- કાચબાને માનસરોવર લઈ જવા હંસોએ શું કર્યું?
- તમે કાચબાને બીજી જગ્યાએ કેવી રીતે લઈ જશો?
- તમારે બહારગામ જવાનું થાય ત્યારે તમારાં મમ્મી-પપ્પા શી સલાહ આપે છે?
- વાહનની મુસાફરી કરતાં શું શું ધ્યાન રાખશો?
- બહારગામ જાઓ ત્યારે રસ્તામાં તમને શું શું જોવા મળે?
- કાચબો હંસો સાથે શી વાતો કરતો હશે?
- કાચબાભાઈ પડ્યા ત્યારે કેવો અવાજ આવ્યો હશે?

- વાર્તામાં અલગ રંગથી આપેલા અક્ષરો તરફ વિદ્યાર્થીઓનું ધ્યાન દોરો અને તેનાથી બનતાં વાક્યો બોર્ડ પર લખી તે વાંચો અને વંચાવો. (દા.ત. બોલ બોલ, લાકડી)

**૫. આ વાત કોણ બોલી શકે? કાચબો | હંસ કે લોકો?** 10.5.2, 10.5.3

૧. મને તો માનસરોવર જવાની બહુ જ ઇચ્છા થઈ છે. ..........

૨. પણ તું બહુ બોલબોલ ન કરતો હોં. ..........

૩. જુઓ, જુઓ, કાચબો ઊડે. ..........

૪. બચાવો, બચાવો, બચાવો. ..........

૫. તે હેં... તમારા માનસરોવરમાં પાણી કેવું હોય? ..........

૬. મને તો ક્યાં બોલવાની ટેવ છે! ..........

૭. કાચબાને લઈ જવા માટે આપણે શું કરીશું? ..........

 **દોરો :** ટ ડ ટ ડ ટ ડ 

૬. વાર્તામાં આવું હતું? જો વાત સાચી હોય તો ઊડવાનો અભિનય કરો. જો વાત ખોટી હોય તો તરવાનો અભિનય કરો. 10.5.3

૧. કાચબો કૂવામાં રહેતો હતો.

૨. કાચબાને બોલ બોલ કરવાની ટેવ હતી.

૩. હંસો માનસરોવરથી આવ્યા.

૪. કાચબાને હંસો સાથે દુશ્મની થઈ.

૫. હંસો કાચબાની વાતો સાંભળતા.

૬. શિયાળાને કારણે હંસો માનસરોવર જવા નીકળ્યા.

૭. કાચબાએ મોંમાં લાકડી પકડી.

૮. કાચબાને ઊડતો જોઈ ગામલોકો હસવા લાગ્યા.

૯. કાચબાના મોંમાંથી લાકડી છૂટતાં હંસો જમીન પર પડ્યા.

૧૦. કાચબો લપલપિયો હતો.



## ૭. ચિત્ર જુઓ, ક્રમ આપો. 10.5.3, 10.8.2






૮. ઘટના કયા ક્રમમાં થઈ હતી તે કહો. ક્રમ લખો. 10.5.2, 10.8.2

- ધડામ કરતો કાચબો પડ્યો. [ ]
- કાચબા અને હંસો વચ્ચે દોસ્તી થઈ. [ ]
- કાચબાને લઈ હંસો ઊડ્યા. [ ]

૯. પ્રવૃત્તિ-૮ના ઘટનાક્રમ અનુસાર વાક્યોનું સુલેખન કરો. 10.8.2

૧. ____________________

૨. ____________________

૩. ____________________



૧૦. સાંભળો અને શોધો. 9.7.1







- વારાફરતી એક-એક વ્યવસાયકાર વિશે વાક્ય બોલો. વિદ્યાર્થીઓ ચિત્રમાંથી તે વ્યવસાયકાર ને લાગુ પડતી ચીજવસ્તુ બતાવશે. વ્યવસાયકારની બોર્ડબુકનો ઉપયોગ કરો.

૧૧. પ્લાસ્ટિકના ડબ્બામાં રહેલા વાર્તાના ફ્લૅશકાર્ડનો ઉપયોગ કરો. 9.6.1

વિદ્યાર્થીઓનાં છ જૂથ પાડો. કાર્ડને આધારે ચિત્ર જોઈ વાર્તા કહેવા કહો.

૧૨. રમત રમીએ. નીચે મુજબની સૂચના વિદ્યાર્થીઓને સમજાવો. 10.7.1

- જો શબ્દમાં લ આવતો હોય તો તાળી પાડો.
- જો શબ્દમાં ટ આવતો હોય તો ચપટી વગાડો.
- બંને આવે તો તાળી અને ચપટી બંને વગાડો.


(આવી રીતે અન્ય મૂળાક્ષર ચ, ખ, માટે પ્રવૃત્તિ કરાવો.)

લસણ, ટપાલી, કાચ, માખણ, કલમ, લટકમટક, ખમણ, ખાખરો, ટનાટન, કચકચ, લાખ, ચમેલી, ચાલાક, પચાક, ખટખટ, ચટપટ

૦૬ દોરો : લ લ લ

૧૩. અક્ષરના ખાનામાં અક્ષરનું પત્તું મૂકો. 10.3.1, 10.7.1

પાંચ ખાનાં દોરી તેમાં લ, ટ, ચ, ખ અને ઐ લખો. વારાફરતી પાંચ પાંચ વિદ્યાર્થીઓને બોલાવી, તેમને આ અક્ષરપત્તાં આપો. વિદ્યાર્થીઓને જે તે અક્ષરના ખાનામાં અક્ષરપત્તું મૂકવા કહો. નવા પાંચ વિદ્યાર્થીઓને બોલાવો ત્યારે ખાનામાંના અક્ષરોની જગ્યા બદલી નાખવી.




 લ, ટ, ચ, ખ અને ૈ આવતા અક્ષર ફરતે ◯ કરો. તેમાંથી તમને ગમતા બે-બે શબ્દો લખો.

10.3.2, 10.8.1

(લ) લસણ, છાલક, અનિલ, તિલક

(ટ) ટપાલી, માટલું, ટમેટું, વાટકી


(ચ) ચોરસ, ચમચી, તડબૂચ, કાચબો

(ખ) ખાતર, ભાખરી, નખ, માખણ

(ઐ) ઐરાવત, દૈનિક, કુવૈત, સદૈવ

૧૫. 'અક્ષરથપ્પો' રમો. (લ, ટ, ચ, ખ અને બે માત્રાવાળા અક્ષર લેવા.) 10.3.1, 10.7.1

૧૬. બે હાથ ઘસો, મુઠ્ઠી વાળો, દેડકાની જેમ એક કૂદકો લગાવી જગ્યા બદલો. હવે, તીરની નિશાનીની દિશામાં આંગળી ફેરવો. (લ, ટ, ચ, ખ) 10.3.1




૦૭ ઘૂંટો : લટચખ લટચખ લટચખ લટચખ લટચખ

વિદ્યાર્થીઓ તરફ પીઠ રાખીને ઊભા રહો. હવામાં આંગળીથી અક્ષર લખો. વિદ્યાર્થીઓને તે અક્ષર ઓળખી કાઢવા કહો. ત્યારબાદ તમે અક્ષર બોલો અને વિદ્યાર્થીઓને હવામાં તે અક્ષર લખવા કહો.

૧. આંગળી મૂકીને એક-એક અક્ષર મોટેથી બોલાવો.

૨. ત્યારબાદ તમે જે અક્ષર બોલો તેના પર વિદ્યાર્થીઓને આંગળી મૂકવા કહો. કયા નંબર પર આંગળી મૂકી તે પૂછો.

૩. તમે કોઈ એક અક્ષર પર આંગળી મૂકી તેનો સાચો/ખોટો ઉચ્ચાર કરો જો એ સાચું હોય તો વિદ્યાર્થીઓને હાથ ઊંચા કરવા અને ખોટું હોય તો જીભ મોંમાંથી બહાર કાઢવા કહો.

૪. હવે, તમે અંક બોલો અને વિદ્યાર્થીઓને તે ક્રમમાં લખેલો અક્ષર બોલવા કહો.

- **ગીતડું ગાઓ, લપલપિયો કાચબો વાર્તા સાંભળો.**

**૧૭. જુઓ, લખો અને ત્રણ વાર બોલો : લ ટ ચ ખ..., લી ટી ચી ખી.** **10.3.1**

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| લ | લ | લ | લ | લા | લૈ | લે | લી | લિ | લૈ | લે |
| | લ | | | | | | | | | |
| ટ | ટ | ટ | ટ | ટા | ટૈ | ટે | ટી | ટિ | ટૈ | ટે |
| | ટ | | | | | | | | | |
| ચ | ચ | ચ | ચ | ચા | ચૈ | ચે | ચી | ચિ | ચૈ | ચે |
| | ચ | | | | | | | | | |
| ખ | ખ | ખ | ખ | ખા | ખૈ | ખે | ખી | ખિ | ખૈ | ખે |
| | ખ | | | | | | | | | |

 લખો : લૈ લૈ 

‘મારી લેખનપોથી’માં આ એકમમાં આવેલા તેમજ અગાઉ આવેલા અક્ષરોનું (લ, લા, લિ, લી, લે, લૈ, ટ, ટા, ખા, ખૈ...વગેરેનું) લેખનકાર્ય કરાવવું.




10.3.1, 10.7.1

- જોડીમાં કામ કરો. શીખેલા કોઈ એક અક્ષરને તમારા મિત્રની હથેળીમાં આંગળી વડે લખો. તમારો મિત્ર તે ઓળખી શકે છે કે નહિ તે જુઓ. આવી રીતે તમારા મિત્રને પણ તમારી હથેળીમાં લખવા માટે કહો. (આ રીતે એકબીજાની પીઠ પર લખીને રમત રમો.)

- વિદ્યાર્થીઓને જોડીમાં આ રમત રમવા કહો.
- વર્ગ સમક્ષ હવામાં કોઈ વિદ્યાર્થીની પીઠ પર લ, ટ, ચ, ખ અક્ષરો બનાવી ઓળખવા માટે કહો.




10.3.1, 10.3.2, 10.4.1

નીચેનાં ચારેય ખાનાંનાં વાક્યો એક-એક કરીને બોર્ડ પર લખો. એક-એક વાક્યનું ઝીલવાંચન કરાવો. ત્યારબાદ વિદ્યાર્થીઓને વારાફરતી બોર્ડ પરથી વંચાવો.

| | |
|---|---|
| ૧<br>કૈલાશ<br>કૈલાશને કાબર ગમે છે.<br>કૈલાશને કલબલ કરતી કાબર ગમે છે. | ૨<br>ટીનટીન ચકલી<br>ટીનટીન ચકલી આવે છે.<br>ટીનટીન ચકલી ચીં ચીં ચીં કરે છે. |
| ૩<br>ખટારો<br>ખટારો ખડખડ ચાલે છે.<br>ખટારો ખીણમાં પણ ચાલે છે. | ૪<br>નૈના<br>નૈના દવા આપે છે.<br>નૈના દવા આપી સેવા કરે છે. |

 લખો : ટૈ ટૈ 

૨૦. ફકરો વાંચો. 10.3.1, 10.3.2, 10.8.1

**વિદ્યાર્થીઓને આ ફકરો મોટેથી વાંચી સંભળાવો. ત્યારબાદ તેઓને જોડીમાં બેસી લ, ટ, ચ, ખ વાળા શબ્દો શોધી ◯ કરી લખવા કહો.**

ખટારો ધમ ધમ કરતો આવે છે. તેમાં ટામેટાં ભરેલાં છે... લાલચટાક ટામેટાં, ખાટાંમીઠાં ટામેટાં તાજાંતાજાં ટામેટાં. મમ્મી બોલી, આજે તો સેવટામેટાંનું શાક બનાવીએ.

- **ફકરામાં લ, ટ, ચ, ખ વાળા શબ્દો ફરતે ◯ કરો અને તે શબ્દો અહીં લખો.** 10.3.1

શિક્ષકની સહી : ____________ | A | B | C | તારીખ : ____________

૨૧. જેની સાથે ૈ જોડાયેલ હોય તેવા અક્ષરને ફરતે ◯ કરો. 10.3.1, 10.8.1

| | | | | |
|---|---|---|---|---|
| પૈસા | સૈનિક | ઐરાવત | પપૈયું | સદૈવ |
| જૈવિક | વૈદ | નૈતિક | ચૈતર | વૈદિક |

૨૨. વાંચો. 'ૈ' માત્રાવાળા શબ્દ નીચે લીટી કરો અને તે શબ્દો બાજુમાં લખો. 10.3.1, 10.8.1

શૈલેષને મોટા થઈને સૈનિક થવું છે. — શૈલેષ — સૈનિક

તે દૈનિક કસરત કરે છે. — દૈનિક — દૈનિક

ભાઈને હિન્દીમાં ભૈયા કહેવાય. મેનાને મૈના કહેવાય.
મમ્મીને મૈયા કહેવાય,
તો કહો ગાયને શું કહેવાય?

ગોપી સાથે રાસ રમે તે કનૈયો.
નવરાત્રીમાં રાસ રમે તે ખેલૈયો
ને ધૂળેટીએ રંગથી રમે તે ઘેરૈયો.

૧૦ લખો : ચૈ ચૈ (દસ)

## ૨૩. ચાલો, કવિતા ગાઈએ.

9.3.1, 10.3.1, 10.6.1, 10.8.1

પઠન, ગાન, ઝીલગાન, સમૂહગાન. સમૂહગાન કરાવ્યા પછી કવિતામાંથી કે કવિતા સિવાયના સરખી રીતે બોલાતા શબ્દોની જોડી બાજુમાં લખવા કહો.











### ટીકુ વાંદરો

ટીકુ વાંદરો તોફાની,
રોજ કરતો મનમાની!
ઊંધો લટકી, હીંચકા ખાય,
હૂપાહૂપ બસ કરતો જાય!
તોડે ડાળખાં, તોડે પાંદ...
સૌને એનાથી ફરિયાદ!
તળાવમાં ફેંકે પથ્થર,
ગુસ્સે થઈ ગ્યો એક મગર!
મગરે મનમાં વાળી ગાંઠ,
ટીકુડાને ભણાવું પાઠ!
પાણી પીવા ટીકુ જાય,
મગરના મોંમાં પગ પડકાય!
ટીકુ વાંદરો ચીસાચીસ,
મગર મોઢું ભીંસાભીંસ!
સૌ આ દેખી, રાજી થાય,
ભલે ટીકુને મગર ખાય!
ટીકુ વાંદરો જોડે હાથ
"મને કરો, મગરભાઈ માફ!
નહીં કરું, કોઈ દી' તોફાન."
મગરની સામે પકડ્યા કાન!
દયા મગરને આવી ગઈ...
દાંતની બેડી ખૂલી ગઈ!
પગ ટીકુનો છૂટ્યો ફટ...
ઊભી પૂંછડીએ ભાગ્યો ઝટ!

| | |
|---|---|
| તોફાની | પોતાની |

## વાતચીત

- ટીકુ કેવાં કેવાં તોફાન કરતો હતો?
- તમે કેવાં કેવાં તોફાન કરો છો?
- ટીકુનો પગ મગરના મોંમાં ક્યારે આવી ગયો?
- વાંદરાને મગરે પકડ્યો તો બધા રાજી કેમ થયા?
- તમને મસ્તી કરતાં કોણ કોણ રોકે છે?
- તમને મસ્તી કરવાનું કોણ શીખવે છે?

**૨૪. ચિત્ર ઓળખી શબ્દ લખો.** 9.7.1











શિક્ષકની સહી : ____________ | A | B | C | તારીખ : ____________



**૨૫. વાર્તા સાંભળો.** 9.1.2, 10.5.2, 10.5.3

**બિગબુક અને ચિત્રવાર્તા પુસ્તિકામાંથી વિદ્યાર્થીઓ કહે તે વાર્તા વાંચી સંભળાવો.**

**૨૬. ગીતના આધારે મને ઓળખો.**

૧. મેં માફી માગી. ____________

૨. મેં એ તોફાનીનો પગ પકડી લીધો. ____________

 લખો : ભૈયા 

૩. મેં તેની પૂંછડી પકડી લીધી.

૪. મારાથી સૌ હેરાન થઈ ગયા હતા.

૫. મને દયા આવી ગઈ.

૬. ટીકુ રોજ અમને તોડ્યા કરે છે.


૭. મેં તળાવમાં પથ્થર ફેંક્યો.

૮. હું ઝડપથી ત્યાંથી ભાગી ગયો.


૯. ટીકુએ અમને તળાવમાં ફેંકી દીધા.


**૨૭. આ ચિત્ર કવિતાની કઈ લીટી સાથે જોડાય છે? શિક્ષકની મદદથી શોધો અને કાવ્યપંક્તિ લખો.** 10.8.2

૧. 

૨. 

૩. 

૪. 

૫. 

## ૨૮. જવાબ આપો.

9.1.2

**વિદ્યાર્થીઓને આ પ્રશ્નો પૂછો. તેઓને નીચે આપેલા શબ્દોમાંથી જવાબ આપવા કહો. જે તે જવાબના બૉક્સમાં તે પ્રશ્નનો ક્રમ લખવા કહો.**

૧. કોણ ખૂબ તોફાન કરતું હતું?

૨. વાંદરાને કોણે પાઠ ભણાવ્યો?

૩. વાંદરો શું પીવા તળાવમાં ગયો?

૪. વાંદરો મગરથી ડરીને શું કરવા લાગ્યો?

| જવાબ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| સાચીસચી | પીણા | વાનર | ચીસાચીસ | પાણી | મરગ | વનાર | મગર |

**૨૯. 'અ' વિભાગમાં આપેલ વાક્યના ટુકડાને 'બ' વિભાગ સાથે જોડી વાક્ય પૂરું કરો. 'બ' વિભાગમાં જે તે ક્રમ લખો.** 10.8.1

| અ | બ |
|---|---|
| ૧. લારીમાં લાલ લાલ | ◯ બદામ ખાય છે. |
| ૨. મારા આંગણે | (૪) ખેલાડી છે. |
| ૩. ખિસકોલી વારંવાર | ◯ ચીં ચીં કરતી ચકલીઓ આવી. |
| ૪. રોહિત ટેનિસનો | ◯ ટામેટાં છે. |



## ૩૦. શબ્દ શોધીને લખો.

10.3.1

**'ટીકુ વાંદરો' કવિતામાંથી લ, ટ, ચ, ખ આવતા હોય તેવા શબ્દો શોધીને લખો.**

લ ______ ______ ______ ______

ટ ______ ______ ______ ______

ચ ______ ______ ______ ______

ખ ______ ______ ______ ______

૩૧. શબ્દ પૂરા કરો. વાક્ય અને શબ્દ જોડો. એ શબ્દ બે વાર લખો. 10.8.3

| | | | |
|---|---|---|---|
| મને  ભાવે છે. | ટા___ડું | ______ | ______ |
|  ખાટુંમીઠું હોય છે. | ___ટારો | ______ | ______ |
| મારા ઘરે  આવે છે. | ___ડવા | ______ | ______ |
|  ધીમે ધીમે ચાલે છે. | ચક___ | ______ | ______ |

૩૨. ખૂટતો અક્ષર મૂકો. શબ્દ વાંચો. 10.3.1, 10.3.2, 10.8.3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
|  | ☐ | સ | ણ | |  | ☐ | ખો | ટી | |
|  | ☐ | મે | ટું | |  | ☐ | ☐ | રો | |
|  | ☐ | નિ | ક | |  | ☐ | ક | ☐ | |
|  | ☐ | ટ | લો | |  | ચો | ☐ | ☐ | ટ |

૩૩. ચિત્ર જુઓ. કોણ શું કરે છે, તે કહો અને લખો. 10.8.3





- મોર શું કરે છે? ______
- છોકરી શું કરે છે? ______

 વાંચો : સૈનિક, લસણ, ચોકલેટ, ખટારો 





- ગાય શું કરે છે? ____________
- છોકરો શું કરે છે? ____________

**૩૪. વાંચો. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.** 10.3.2

૧. દાદાજીની ________ નો ઘોડો. (લાકડા / લાકડી)

૨. મારી પાસે લાકડાનું ________ છે. (ટેબલ / ટેબલો)

૩. ________ થી ખીર ખાઉં છું. (ચમચો / ચમચી)

૪. બા મને ________ આપે છે. (લખાટી / લખોટી)

૫. લીલા ________ ખાય છે. (જલેબી / જબેલી)

૬. ________ રસ પીએ છે. (તે / અમે)

**૩૫. સાંભળીએ, લખીએ, વાંચીએ.** 10.3.1, 10.3.2, 10.8.3

ચિત્ર જોઈ પહેલાં છૂટા અને પછી ભેગા અક્ષરો લખો. આપેલા અક્ષર પહેલાં છૂટા અને તરત જ ભેગા વાંચી સંભળાવો. જેમ કે ટ…બ… ટબ.



ચ | મ | ચી

ચમચી









છૂટું પાડો : ચમચીવટાણા : ____________ ____________









૩૬. એકમ-૫ની અર્લીરીડર વાંચો. તેમાં આવતા શબ્દો અને વાક્યો સ્લેટ અને નોટમાં લખો. 10.3.2, 10.9.2



૩૭. સાંભળો, ઓળખી કાઢો, લખો. 9.1.1, 10.8.1

તબડક તબડક ચાલું છું,
ચણાઘાસ ખાઉં છું,
ગાડીએ જોડાઉં છું,
બોલો ભાઈ, હું કોણ છું?

ઝાડે ઝાડે કૂદું છું.
હૂપાહૂપ બોલું છું,
માણસ જેવું રૂપ મારું,
બોલો ભાઈ, હું કોણ છું?

પા પા પગલી પાડું છું,
અંધારામાં ભાળું છું,
મ્યાઉં મ્યાઉં કરું છું,
બોલો ભાઈ, હું કોણ છું?

વહેલી સવારે ઊગું છું,
સંધ્યાટાણે ડૂબું છું,
સૌને ગરમી આપું છું,
બોલો ભાઈ, હું કોણ છું?

- અહીં આપેલ અક્ષરોની જગ્યા બદલાઈ ગઈ છે. તેમને યોગ્ય જગ્યાએ ગોઠવી શબ્દ બનાવો. ઉખાણામાંથી તે શબ્દ શોધી તેની નીચે લીટી કરો.

કડતબ ........ વારેસ ........ ગપલી ........

મીરગ ........ પાહૂપહૂ ........ લીહેવ ........

 છૂટું પાડો : લાકડીટપાલી : ........ ........ 

૩૮. પ્રવૃત્તિ ૩૭ની જેમ શબ્દ બનાવો. 10.8.1

| | |
|---|---|
| મ ગા લ → લગામ | જૂ ખ ર → ________ |
| ક લી ચ → ________ | ડો લી મ → ________ |
| ટી ખો લ → ________ | સ લા કે → ________ |
| ક સૈ નિ → ________ | દૈ ક નિ → ________ |
| ટા રો ખ → ________ | ટ લી પા → ________ |




10.3.1, 10.3.2, 10.4.1, 10.5.1

લૈલા નામની ચકલી ચૈં ચૈં કરતી. તેને પપૈયું ખાવું ખૂબ ગમતું. તેને ગટુ નામની ખિસકોલી મળી. ગટુ ખિસકોલી ખૈં ખૈં કરતી. ગટુને ખાટી કેરી ખાવી ખૂબ ગમતી. તેમને લટુ નામની સસલી મળી. સસલી સૈં સૈં કરતી. લટુને રવૈયાં ખાવાં ખૂબ ગમતાં. લૈલાએ પપૈયું, ગટુએ ખાટી કેરી અને લટુએ રવૈયાં ખાધાં.

- ફકરા પરથી વાંચો અને લખો.

- 'ચ' વાળા શબ્દોની સંખ્યા ☐
- 'ટ' વાળા શબ્દોની સંખ્યા ☐
- 'ખ' વાળા શબ્દોની સંખ્યા ☐
- 'લ' વાળા શબ્દોની સંખ્યા ☐

- ફકરામાં ૈ (બે માત્રાવાળા) શબ્દોની નીચે લીટી કરો અને તે શબ્દો અહીં લખો.

________ ________ ________

________ ________ ________

- ફકરામાં ૈ (બે માત્રાવાળા) શબ્દોની આગળનો શબ્દ શોધો અને લખો.

________ ________ ________ ________

________ ________ ________ ________

 છૂટું પાડો : લૈલાનામનીચકલીઃ ________ ________ ________ 

- આ ફકરો હવે બરાબર વંચાઈ ગયોને! નીચેના પ્રશ્નોના જવાબ જાતે જ લખો.

૧. કયા કયા પક્ષીની વાત છે? ______

૨. કયા પ્રાણીની વાત આવે છે? ______

૩. ખિસકોલીનું નામ : ______

૪. કયાં ફળની વાત આવે છે? ______

૫. કેરી કેવી હતી? ______

**૪૦. સાંભળીને લખો.** 10.8.1

લ, ટ, ચ, ખ, ઐ, ૈ આધારિત છ શબ્દો અને બે વાક્યોનું શ્રુતલેખન કરાવો.

૧. ______ ૨. ______ ૩. ______

૪. ______ ૫. ______ ૬. ______

વાક્ય ૧ ______

વાક્ય ૨ ______

શિક્ષકની સહી : ______ | A | B | C | તારીખ : ______

## ૪૧. હસહસાટ

મીનુ : સાહેબ...!

શિક્ષક : હા, બોલ.

મીનુ : મેં જે કામ નથી કર્યું તે માટે તમે મારા પર ગુસ્સે થશો?


શિક્ષક : નારે! સહેજ પણ નહીં. બોલ, શું થયું?

મીનુ : આજે મેં લેસન નથી કર્યું.



૧૯ દોરો : ______ (ઓગણીસ)

## ૪૨. ફરી યાદ કરીએ...!



(૧) આ પાઠમાં તમને કઈ પ્રવૃત્તિમાં સૌથી વધારે મજા આવી?

(૨) કયા કયા અક્ષર શીખ્યા? ક્યો અક્ષર શીખવામાં મજા આવી?

(૩) 'ટીકુ વાંદરો' કવિતાની કઈ પંક્તિઓ વધુ ગમી?

(૪) તમે જે લખતા હતા તેમાં તમને કઈ પ્રવૃત્તિમાં કંટાળો આવ્યો?

(૫) 'ઢીંકાચિકા ઢીંકાચિકા' ગીતની કઈ લીટી તમને યાદ રહી?

(૬) 'લપલપિયો કાચબો' વાર્તાની કઈ ઘટના યાદ રહી?

(૭) લ, ટ, ચ, ખ, ે માંથી તમને કયો અક્ષર પહેલેથી આવડતો હતો?

(૮) ચિત્ર પરથી શબ્દ લખવામાં કોઈ મુશ્કેલી પડી? કઈ?




| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ |
| ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ |
| ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ |
| ૩૬ | ૩૭ | ૩૮ | ૩૯ | ૪૦ |
| ૪૧ | ૪૨ | | | |

### એકમ - ૬ માટેની પૂર્વતૈયારી...

- સંગીતનાં સાધનો
- ઝ, હ, ઘ, ળ, ઉ, ઊ ના અક્ષરકાર્ડ (પ્લાસ્ટિક બૉક્સ)
- FLN શબ્દમિલાપ પેટીનાં અક્ષરકાર્ડ
- અગાઉ શીખેલા તમામ અક્ષરનાં કાર્ડ
- પ્રવૃત્તિ માટેની વર્ગ સામગ્રી
- અર્લી રીડર, પોસ્ટર, પ્રોજેક્ટ પ્રવૃત્તિ બુક, મહાવરા બુક, સ્લેટ-પેન, નોટબુક
- વર્ગ પુસ્તકાલયની વાર્તા પુસ્તિકાઓ
- સચિત્ર બાળપોથી
- પ્રવૃત્તિને અનુરૂપ શબ્દકાર્ડ



શિક્ષકની સહી : ........................ વાલીની સહી : ........................

તારીખ : ........................ તારીખ : ........................

 દોરો : ઉ ઉ ઉ ઉ 

# આટલું શીખી લઈએ

૧. ચિત્ર સાથે શબ્દ જોડો.

આ ચકલી છે.

મને અનાનસ ભાવે છે.

દેવ રમત રમે છે.


સૈનિક આવે છે.

વિમાન ગાજે છે.











૨. અક્ષરો ઓળખી તેને ફરતે વર્તુળ કરી બાજુમાં તે શબ્દ ફરીથી લખો.

લ : લસણ, વેલણ, લપસણી, કમાલ ________ ________ ________ ________

ટ : ટબ, ટપાલી, ટનાટન, માટલી ________ ________ ________ ________

ચ : ચકલી, વચન, ચમેલી, ચકમક ________ ________ ________ ________

ખ : ખલ, ખટખટ, નખ, મખમલ ________ ________ ________ ________

૩. અક્ષરોને માત્રા લગાવી લખો અને વાંચો.

| લ | લા | લિ | લી | લે | લૈ | લો |
|---|---|---|---|---|---|---|
| લ | | | | | | |
| ટ | | | | | | |
| ચ | | | | | | |
| ખ | | | | | | |

 લીપાટ - ટપાલી , કનિસે : ________ 

## ૪. શબ્દો શોધો અને લખો.

| | | | | |
|---|---|---|---|---|
| કો | ય | લ | ખ | ણ |
| ખા | ન | સ | મ | ચ |
| ટ | ર | ણ | ણ | ક |
| લી | બ | ટ | પા | લી |
| મ | કા | ગ | ડો | ગ |

કાબર

## ૫. શબ્દો વાંચો અને લખો.

| | | |
|---|---|---|
| લાખ | ટપક | ગાલ |
| લાલ | વૈદ | ટેકરી |
| કૈલાસ | સૈનિક | ચૈતાલી |
| ચૈતર | જેલ | રેખા |
| લાલચ | માછલી | લાકડી |
| સિલાઈ | બિલાડી | જૈમિન |

## ૬. વાક્યો વાંચો અને લખો.

ચકલી દાણા ચણે છે.

ખાખરા ખારા છે.

નૈતિક દાખલા ગણે છે.


જૈવલને કાબર ગમે છે.

બારીએથી પવન આવે છે.

# ૯. અજબ નગર

**૧.આવો, આપણા મિત્રોને ઘરે બોલાવીએ. (પઠન, ગાન, ઝીલગાન, સમૂહગાન) 9.1.1**

### પાંચીકડાં



હું તો ગ્યો'તો અમદાવાદ
ને ત્યાંથી લાવ્યો બૂટ
એ તો હતો કાળો કૂતરો
ને થઈ ગયો મોટો ઊંટ







કે અમે બાલુડાં પાંચીકડાં ગાઈએ
ને શેરડી-ખજૂર ખાતાં જઈએ...!



એ... ચૂલા ઉપર ઉંદરડી,
કરકર મીઠું ખાય...
પૂંછડી ઝાલી પછાડીએ તો
રૂપિયા ખનનન થાય.





કે અમે બાલુડાં પાંચીકડાં ગાઈએ
ને શેરડી-ખજૂર ખાતાં જઈએ...!

એ... ચૂલામાં ઊગ્યો આંબો
ને આંબે આવ્યાં બોરાં...
બોરાં વીણી ખાધાં ત્યાં તો
ખડખડ હસ્યાં છોરાં



કે અમે બાલુડાં પાંચીકડાં ગાઈએ
ને શેરડી-ખજૂર ખાતાં જઈએ...!

**૨. વાતચીત. 9.1.2**

- તમારે પાંખ હોય તો તમે શું શું કરો?
- તમારું દફતર જાદુઈ હોય તો એમાંથી શું શું નીકળે?
- જો તમે છૂમંતર થઈ શકો તો તમે શું શું કરો?

દોરો : ૐ ૐ ૐ

### ૩. મજા પડે તેવાં ગપ્પાં મારો. 9.3.2

વિદ્યાર્થીઓને એક-બે ઉદાહરણ આપી, બીજાં એવાં ગપ્પાં રજૂ કરવા કહો. વિદ્યાર્થીઓને પહેલાં પોતાના જૂથમાં એક-એક ગપ્પું રજૂ કરવા કહો. ત્યાર બાદ દરેક જૂથમાંથી એક ગપ્પું વર્ગ સમક્ષ રજૂ કરવા કહો.


ઉદાહરણ :

- મીનાના પપ્પાની બાઈક તો હૉર્ન મારે એટલે ઊડવા માંડે.
- મેં કાલે કીડી અને હાથીને લખોટી રમતાં જોયાં.
- મેં ટીવી ચાલુ કર્યું તો એમાંથી આઈસક્રીમ નીકળ્યો.
- મને મમ્મીએ પપૈયું આપ્યું. મે મોઢામાં મૂક્યું તો એ ચૉકલેટ થઈ ગયું.
- મમ્મીએ દૂધની થેલી તોડી તો એમાંથી ભેંસ નીકળી.

### ૪. ચિત્ર જુઓ, વાતચીત કરો

9.3.1

વિદ્યાર્થીઓને ધ્યાનથી બે-ત્રણ મિનિટ સુધી ચિત્ર જોવા કહો. એ પછી તેમને ચિત્ર વિશે કંઈક બોલવું હોય તો બોલવા દો. ત્યાર બાદ વાતચીત કરો.



## વાતચીત

- આ ચિત્રમાં શું શું છે?
- શું જોવાની વધુ મજા પડી?
- ચિત્રમાં છે તેવું થઈ જાય તો આપણે શું કરીએ?
- આ ચિત્રમાં તમારે કશુંક ઉમેરવું હોય તો શું ઉમેરો?
- ચિત્રમાં કાર હતી? કેટલી હતી?
- ચિત્રમાં દેડકાં હતા? કેટલાં દેડકાં નહોતા?
- તમારે ચિત્રમાં દેડકાં મૂકવાનાં હોય તો ક્યાં મૂકો?
- ચિત્રમાં શાળા હતી? કેટલી?
- શાળામાં આવું થાય તો શું શું થતું હોત?

## ૫. વાર્તા સાંભળીએ. 10.5.2

### અજબ ગજબ નગર

એક હતું અજબ નગર. અજબ
એમાં ત્રણ **છોકરા**; છોકરા
બે રહેતા જ નહોતા ને ત્રીજો રહેવા આવવાનો નહોતો.
ત્રણે જણા મુસાફરીએ ચાલ્યા.
મારગે ત્રણ ઝાડ આવ્યાં; મારગ
બે ઊગ્યાં જ નહોતાં ને ત્રીજું કોઈ દિવસ ઊગવાનું જ નહોતું.
એની હેઠે છોકરા બેઠા ને ત્રણ **તરબૂચ** ખાધાં. ખાધાં
બે તરબૂચ થયાં જ નહોતાં ને એક તરબૂચ થવાનું જ નહોતું.

છોકરા તો આગળ ચાલ્યા... આગળ
મારગે જતાં ત્રણ નદીઓ આવી.
બેમાં પાણી જ નહોતું ને એક નદી સુકાઈ ગઈ હતી. સુકાઈ
છોકરાંઓએ તો એનાં પાણી પીધાં. પાણી

 ઘોરો : ઘ ઘ ઘ 

પછી છોકરા એક ગામમાં ગયા.
ગામમાં ત્રણ ઘર હતાં;
બે ઘર તો ચણ્યા વિનાનાં ને એકને તો ભીંત જ નહોતી.
એમાં ત્રણ સોનાનાં તપેલાં;
બે તપેલાં ચોરાઈ ગયેલાં ને એક બનાવેલું જ નહીં.

ઘર
ભીંત

એમાં રાંધ્યા ચોખા;
ઓગણીસ કોથળા ભરી ચોખા હતા.
એમાંથી વીસ કોથળા ચોખા રાંધ્યા.
જમવા નોતર્યા ત્રણ માણસો;
બે માથા વિનાના ને એકને તો માથું જ નહીં.
માથા વિનાના માણસોએ વીસ કોથળા ચોખા ખાધા ને
બાકીના ત્રણે છોકરાઓએ ખાધા.

કોથળા
જમવા
માથું

- ગિજુભાઈ બધેકા

- **સાંભળો અને હસો, વાતો કરો.** 10.8.1

**વાર્તા વાંચ્યા પછી તરત પહેલા બે વાક્યો બધા વિદ્યાર્થીઓ હસે તે રીતે બે વખત વાંચી સંભળાવો. ત્યારબાદ વાતો કરો અને બોર્ડ પર કોષ્ટક દોરી લખાવવા કહો.**

૧. હું તમને ત્રણ પ્રશ્નો પૂછીશ. બે હતા નહિ ને ત્રીજો પૂછીશ નહીં.
૨. તમારે ત્રણ જવાબ આપવાના છે. બે જવાબ છે નહિ ને ત્રીજા માટે હું પ્રશ્ન પૂછીશ નહીં.
૩. પહેલા ફકરામાં કોની કોની વાત આવે છે?
૪. તેમાં જેની જેની વાત આવે છે, તે બધાં છે?
૫. બીજા ફકરામાં કોની વાત આવે છે કે જે નથી?
૬. ઉદાહરણ મુજબ ટેબલનાં ખાનાં ભરો.

**બોર્ડ પર લખો. વિદ્યાર્થીઓ મૌખિક જવાબ આપશે.**

| | | વાર્તામાં છે. | કેટલા છે? | ખરેખર છે? |
|---|---|---|---|---|
| ઉદાહરણ | ૧. | છોકરા | ત્રણ | ના |
| | ૨. | | | |
| | ૩. | | | |
| | ૪. | | | |
| | ૫. | | | |
| | ૬. | | | |
| | ૭. | | | |
| | ૮. | | | |

 દોરો : ળ ળ ળ 



### ૬. દોરો અને ભૂંસો.

9.4.1

વાર્તા ધીમે ધીમે વાંચો. વિદ્યાર્થીઓ તે મુજબ ચિત્ર દોરે અને ભૂંસે તેનું ઉદાહરણ બોર્ડ પર દોરી ભૂંસીને બતાવો. અહીંયાં તે 'ઘર', 'છોકરા'નાં ચિત્રો જ દોરે તે જરૂરી નથી. તે ઘરને બદલે □ કે △ કરે તો પણ યોગ્ય જ છે.

ઉદાહરણ : એક હતું અજબ નગર.
એમાં ત્રણ છોકરા; (ત્રણ છોકરા દોરવા.)
બે રહેતા જ નહોતા ને ત્રીજો રહેવા આવવાનો નહોતો. (છોકરા ભૂંસી નાખવા.)
ત્રણે જણા મુસાફરીએ ચાલ્યા. (રસ્તો દોરવો.)

### ૭. વાંચો.

10.3.2

પાંચ બાળકોને આગળ બોલાવો. તેમાંથી એકને કહો કે તેણે વાર્તાની બાજુમાં છાપેલા શબ્દ મોટેથી વાંચવાના છે. તે બાળક શબ્દ વાંચે. દા.ત. પાણી. તમે બાકીના ચાર બાળકોને પૂછો કે પહેલા બાળકે શબ્દ યોગ્ય વાંચ્યો કે તેમણે સુધારવો છે. જો શબ્દમાં ભૂલ હોય તો ચારમાંથી કોઈ એક બાળક ભૂલ સુધારે. હવે પહેલું બાળક તે શબ્દ ફરીથી વાંચે. વર્ગને સૂચના આપો કે પહેલું બાળક જે શબ્દ બોલે તે સમૂહમાં વંચાવો. આ પ્રવૃત્તિ પાંચ-પાંચના જૂથમાં ત્રણ-ચાર વાર કરાવવી.

 દોરો : ઉ ઉ ઉ ઉ 

**૮. વાક્ય સાંભળો. જો ખોટું હોય તો જીભ બહાર કાઢી "હા... હા... હા..." કરી હસો અને સાચું હોય તો શરીરને જમણી બાજુ વાળી "ઉ... ઉ... ઉ..." કરો.** 9.4.1

૧. દરેક માણસને ચાર હાથ હોય છે.

૨. માછલીઓ પાણીમાં રહે છે.

૩. સિંહ માળામાં રહે છે.

૪. વિમાન પાણીની અંદર ઊડી શકે છે.

૫. રિક્ષાને ત્રણ પૈડાં હોય છે.

૬. ગરોળી માણસની જેમ ચાલે છે.

૭. ઘડિયાળમાં ત્રણ કાંટા હોય છે.

૮. તરબૂચ કાપીએ તો ગોટલો નીકળે.

૯. કોથળો દફતર જેવડો હોય છે.



**૯. સાંભળો. જ્યારે 'હ' સંભળાય ત્યારે તાળી પાડો.**

હવે, આ તેમજ આવા બીજા શબ્દો લઈ ઝ, હ, ઘ, ળ, ઉ અક્ષરો સાથેની પ્રવૃત્તિ કરાવો. તાળીના બદલે કંપાસ ખખડાવવો, દફતર પર હાથ પછાડવો, વગેરે કહી શકાય.

10.3.1

| | | | | |
|---|---|---|---|---|
| હરણ | ઝડપ | વાદળ | વાઘ | હરખ |
| બળદ | ઝબક | હવન | ઈયળ | બળ |
| ઉષા | ઉંદર | લુહાર | ઉપહાર | જળ |
| હરિ | પહેરણ | ઘુવડ | હળદર | હલક |

## ૧૦. વાંચો અને ગાઓ.

9.2.1, 9.3.1

બાળકો આવા જોડકણાં જોડીને ગાય તે માટે આમાં પ્રાણી/પક્ષીના નામ બદલીને ગવડાવો.

ઝૂલો ઝૂલે ખૂ... ખૂ... ખૂ...
કબૂતરોનું કા... કા... કા...
કાચબો કૂદે હૂપ હૂપ હૂપ
મમ્મીનો વહાલો તું... તું... તું...





આકાશમાંથી આવે ઉંદર
બિલાડીને બોલાવે ઉંદર
હોંચીહોંચી બોલે ઉંદર
ઊંચા કૂદકા મારે ઉંદર



કીડી જેવું માથું લઈને
ધમધમ કરતો હાથી જાય
પંખા જેવા કાન હલાવી
ઊભો ઊભો હાથી ગાય





## ૧૧. ‘ગોતી લો’ રમો.


10.3.1, 10.7.1

બોર્ડ પર નીચેના શબ્દોમાંથી કોઈ એક શબ્દ લખો. મોટેથી એ શબ્દ વાંચો. વિદ્યાર્થીઓને તેમાં ‘ઝ’ ક્યાં છે તે બતાવવા કહો. દા.ત., ‘ઝરણું’. ત્યારબાદ ‘પઝલ’ શબ્દ લખી ‘ઝ’ બતાવવા કહો. આ રીતે શબ્દો ઉમેરતા જાઓ. ‘ઝ’ની આ રીતે ઓળખ કરાવ્યા બાદ પ્રવૃત્તિ ૯ માંથી ‘ઝ’ શોધી ઘૂંટવા કહો. આ જ રીતે ‘હ’ અને ‘ઉ’ ની ઓળખ કરાવો.

| ઝ | હ | ઉ |
|---|---|---|
| ઝરણું | હંસરાજ | ઉંદરડી |
| પઝલ | જહાજ | ઉકરડો |
| ઝડપી | હજાર | ઉકળાટ |
| ચીઝ | હિમાલય | ઘઉં |
| ડઝન | ઝળહળ | ઉજવણી |

 વાંચો : ઝળહળ ઝળહળ ઝળહળ 

૧૨. તીરની નિશાનીની દિશામાં આંગળી ફેરવો. 10.3.1



30 વાંચો : ઝઢઘળ ળઘઢઝ (ત્રીસ)

૧૩. લખો.

10.8.1

કાળા પાટિયા ઉપર અક્ષરોને યોગ્ય વળાંકમાં લખી બતાવો. વર્ગમાં રહેલા પ્લાસ્ટિક બૉક્સમાંના અક્ષરકાર્ડ વિદ્યાર્થીઓને બતાવો. અહીં અક્ષરનું લેખન સ્લેટમાં પણ કરાવવું.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઝ | ઝ | ઝ | ઝ | ઝ | ઝૂ | ઝૈ | ઝે | ઝી | ઝિ | ઝુ |
| ઘ | ઘ | ઘ | ઘ | ઘ | ઘૂ | ઘૈ | ઘે | ઘી | ઘિ | ઘુ |
| ઇ | ઇ | ઇ | ઇ | ઇ | ઇૂ | ઇૈ | ઇે | ઇી | ઇિ | ઇુ |
| ળ | ળ | ળ | ળ | ળ | ળૂ | ળૈ | ળે | ળી | ળિ | ળુ |
| ઉ | ઉ | ઉ | ઉ | ઉ | ઉ | ઉ | ઉ | ઉ | ઉ | ઉ |
| ઊ | ઊ | ઊ | ઊ | ઊ | ઊ | ઊ | ઊ | ઊ | ઊ | ઊ |

 વાંચો : અઈઉઊએ એઊઉઈએ 

૧૪. ફરી 'ગોતી લો' રમો. 10.3.1, 10.7.1

'ઘ', 'ળ', 'ઊ' અક્ષર માટે 'ગોતી લો' રમત રમાડો.

| ઘ | ળ | ઊ |
| --- | --- | --- |
| ઘંટ | નળ | ઊન |
| પાઘડી | જામફળ | ઊંઘ |
| ઘડઘડાટ | તળાવ | ઊડ |
| રઘુ | ઝળહળાટ | ઊછળકૂદ |
| ઘરકામ | ધોળું | ઊંટ |
| મઘમઘાટ | બાવળ | ઊડાઊડ |

૧૫. વર્તુળમાં રહેલો અક્ષર શબ્દમાંથી શોધી તેના ફરતે ◯ કરો. તે અક્ષર આવતો હોય તેવો શબ્દ બૉક્સમાંથી શોધી બે વાર લખો. 10.8.1

જળ, ઊધઈ, ઘણા, ઝૂલ, હરિ, ઉજાસ

| | | | | |
| --- | --- | --- | --- | --- |
| દા.ત. (ઝ) | → | ઝટપટ, ઝગમગ, ઝાલર | ઝૂલ | ઝૂલ |
| (હ) | → | હુકમ, હરણ, હળ | ______ | ______ |
| (ઘ) | → | ઘર, ઘમઘમ, ઘુવડ | ______ | ______ |
| (ળ) | → | જામફળ, નળ, તળાવ | ______ | ______ |
| (ઉ) | → | ઉંમર, ઉનાળો, ઉપર | ______ | ______ |
| (ઊ) | → | ઊંટ, ઊભરો, ઊન | ______ | ______ |

૧૬. વાંચો. તમે જે કામ ન કરી શકતા હોય તે છેકી નાખો. 10.4.1

વિજુ વાતોગરો કહે છે : મારા ઘરમાં હું મોડો ઊઠું છું. હું હજી ઘણો નાનો છું. પણ, કપડાં જાતે પહેરું છું. દફતર ઝટપટ ભરું છું. હું ખૂબ ઝડપથી દોડું છું. વળી, જમીને થાળી જાતે ધોઉં છું.

 છૂટું પાડો : દફતરઝટપટ : ______ ______ 



**૧૭. વાંચો, જુઓ, લખો.** 10.8.1

- કઊવો ______ કૂવો
- પઉલાવ ______ પુલાવ

| | |
|---|---|
| ૧. કઉહઊ ______ | ૨. ખજઊર ______ |
| ૩. છઊમંતર ______ | ૪. સેતઊર ______ |
| ૫. દઊધ ______ | ૬. પઊજા ______ |
| ૭. રામઉ ______ | ૮. વાળઉ ______ |
| ૯. ચાકઉ ______ | ૧૦. મજઊર ______ |

**૧૮. ઉ અને ઊ વાળા શબ્દ છૂટા પાડો.** 10.8.1

| | |
|---|---|
| કુહાડી | મૂળ |
| પહેરવું | સેતૂર |
| વાળું | ઝૂલણ |
| કૂદાકૂદી | કાચું |
| બહુચર | ફળિયું |
| ખૂબ | ધૂન |
| હૂક | તાળુ |

| ઉ | ઊ |
|---|---|
| ______ | ______ |
| ______ | ______ |
| ______ | ______ |
| ______ | ______ |
| ______ | ______ |
| ______ | ______ |
| ______ | ______ |

શિક્ષકની સહી : ______ | A | B | C | તારીખ : ______

 કઉહાડી - કુહાડી તાળઉ - ______ 

## ૧૯. વાંચો, જોડો, ખૂટતું હોય તે લખો.

10.3.1, 10.8.1

ઉદય લાડુ ખા. 

______ ગીત ગાય છે. 

______ થી દાંત સાફ ન કરાય. 

મેડમ ______ ઉપર બેસતાં નથી. 

આ મારા દાદાના ______ છે. 

આ ______ સૂતેલું છે. 

10.9.2

વિદ્યાર્થીઓને વારાફરતી એકમ-૬ની અર્લી રીડર વાંચવા કહો. તેમાં આવતાં શબ્દો અને વાક્યો વંચાવો, તેમની સ્લેટમાં લખવા કહો.



## ૨૦. ચિત્ર જોઈ શબ્દ લખો. 10.8.1



















શિક્ષકની સહી : ____________ | A | B | C | તારીખ : ____________

 સુધારો : સઊરજ : ____________ 

૨૧. ત્રણના જૂથમાં બેસો. આ શબ્દો એકબીજાને વાંચી સંભળાવો. 10.3.2

| | | | |
|---|---|---|---|
| ઝાકળ | ઘટાદાર | ઈલાજ | તળાવ |
| ખીચડી | નળાકાર | આજુબાજુ | મેદાન |
| કૂકડી | ઉતરડ | ઉગાડવું | ઝાડ |

૨૨. 'કોણ ગુમ થયું?' રમો. 10.7.1

ઉપરના શબ્દો બોર્ડ પર લખો. મોટેથી વાંચો-વંચાવો. આંખ બંધ કરાવી કોઈ શબ્દ ભૂંસી નાખો. તે કયો શબ્દ ગુમ થયો તે પૂછો. ત્યારબાદ આ શબ્દો લખી તમને બતાવે ત્યારે વ્યક્તિગત રીતે વંચાવો. 'કોણ ગુમ થયું?' મુજબ આ પ્રવૃત્તિ કરાવો.

૨૩. મોટેથી વાંચો. નમૂના મુજબ વાક્યોનું અનુલેખન કરો. તે વાક્યો સ્લેટ અને નોટબુકમાં પણ લખો. 10.8.2

૧. ઘરમાં નળ ટપકે છે.

૨. ઝૂંપડી પાસે ઝાડ છે.

૩. હરણ કૂદકા મારે છે.

૪. આ હૂક છે.

૫. બાળકને ઘુવડ ગમે છે.

૬. ઊન ગરમ છે.

૭. ઝાડ ઘટાદાર છે.

૮. દાદી હળવે ચાલે છે.

વિદ્યાર્થીઓ અનુલેખન કરતા હોય ત્યારે દરેક વિદ્યાર્થીને વ્યક્તિગત બોલાવીને આ વાક્યો વંચાવી લો. આવા પ્રશ્ન પણ પૂછો. (૧) પક્ષીનું નામ કયા વાક્યમાં છે? (૨) ત્રણ શબ્દવાળાં વાક્ય બતાવો. (૩) 'ઝાડ' કયા કયા વાક્યમાં છે?

શિક્ષકની સહી : ____________ | A | B | C | તારીખ : ____________

 સુધારો : કઊદકા : ________ 

૨૪. બાળકોને નીચેનાં વાક્યો વારંવાર બોલવા કહો. 10.3.2

| | | |
|---|---|---|
| અડદ ઉપર બળદ બેઠા,<br>ઊઠ બળદ અડદ ખા. | સૂંઠ ઉપર ઊંટ બેઠું,<br>ઊઠ ઊંટ સૂંઠ ખા. | ઊંટ ઊંચા, ઊંટ કી પીઠ ઊંચી,<br>ઊંચી પૂંછ ઊંટ કી. |

૨૫. રેલગાડીની રમત રમો. 10.7.1

બાળકોને પાંચ પાંચનાં જૂથમાં ઊભાં રાખી દરેકને એકએક શબ્દવાળું કાર્ડ આપો. રેલની જેમ રમત રમાડો. ખંજરી વગાડતાં વગાડતાં છૂક... છૂક... બોલતા જવું. ખંજરી વગાડવી બંધ કરો ત્યારે જે જૂથ બોર્ડની સામે આવે તે જૂથના દરેક બાળકને પોતાની પાસેના કાર્ડમાંથી શબ્દ વાંચીને બોલવા કહો.

| | | | |
|---|---|---|---|
| ગાડી | ખાય | રેલ | પડ |
| વાડી | જાય | ઢેલ | વાવડ |
| પહાડ | ખાટા | વાદળ | દરિયા |
| તાડ | ખારા | બાવળ | મળિયા |


- અક્ષર આધારિત બે-બે શબ્દો લખો. 10.3.2

લ ઝ ળ ઘ

ટ ખ મ પ

 છૂટું પાડો : બાવળવાદળ : ............ ............ 

## ૨૬. ચાલો 'ગપ્પાંની ગાડી' કવિતા ગાઈએ. (પઠન, ગાન, ઝીલગાન, સમૂહગાન) 9.1.3




- કરસનદાસ લુહાર

 શોધો : રોટલો - ઓટલો, ગાડી - .................. 

વાતચીત 9.1.2

- ડુંગર ઉપર શું શું હોય?
- દરિયામાં ઓટલો હોય? ઓટલો ક્યાં ક્યાં હોય?
- આપણી નિશાળમાં ઓટલો છે?
- શું ખાટુંમીઠું લાગે? પેંડા કેવા લાગે?
- કવિતામાં છે એવી વાતો કોઈ તમને કહે, તો તમે એમને શું કહેશો ?
- પહાડના પેંડા કેવડા હશે?

- **'ગપ્પાંની ગાડી' ગીતમાંથી નીચેના મૂળાક્ષરો ગણી સંખ્યા લખો.** 10.3.1

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ગ | | હ | | ઝ | | લ | |
| ડ | | ખ | | ણ | | દ | |
| ઘ | | વ | | ટ | | મ | |

- **આપેલ સૂચના પ્રમાણે ચિત્ર દોરતા જાવ.** 9.4.1

૧. ઝાડ દોરો. ૨. ઝાડથી દૂર ઘર. ૩. ઘર ઉપર ધજા.
૪. ઝાડની નીચે ઉંદર. ૫. ઝાડમાં હીંચકો બાંધેલો છે. ૬. ઝાડ ઉપર ઘુવડ છે.

 લખો : ઘઘ : .................. ધઘ : .................. 

## ૨૭. સાચું કે અજબગજબ કહો? 10.6.1

આવું સાચે જ થતું હોય તો 'સાચું' અને થતું ન હોય તો 'અજબ ગજબ' બોલવા કહો. આ સિવાયના આવા વાક્યો બનાવી કહો.

૧. પહાડ પેંડા ખાય.
૨. ઢેલ લાડવા બનાવે.
૩. રેલવેમાં માણસો બેઠા.
૪. શરબત ખાટોમીઠો લાગે.
૫. ચાંદો અને તારા રાતે દેખાય.

- ડબ્બા નંબર ૩ અને ૫ ગાઓ.

## ૨૮. ગાડીના ડબ્બા જુઓ, જવાબ શોધો, કહો અને લખો. 10.5.1

એક-એક પ્રશ્ન વારાફરતી વાંચો. વિદ્યાર્થી તેનો જવાબ મૌખિક રીતે આપે. પછી તેમને એ જવાબ ગાડીમાં ક્યાં છે? તે શોધવામાં મદદ કરો.

૧. તાડની ટોચે શું બેઠું છે? ..........
૨. પહાડ શું ખાય છે? ..........
૩. પાટા ક્યાં છે? ..........
૪. રેલને કોણ હંકારે છે? ..........

૫. પાંદે પાંદે શું ઊગ્યું છે? ..........
૬. દરિયા વચ્ચે શું છે? ..........
૭. કોણ ખોવાયું છે? ..........
૮. કોના વાવડ નથી? ..........

૯. દરિયામાં શું છે? ..........
૧૦. દરિયામાં શું ડૂબ્યું? ..........



## ૨૯. સરખા શબ્દો બોલો.

9.3.2, 9.7.1

ઉદાહરણ આપવાં કે, નાક, શાક, તાક એ સરખા સંભળાય છે. તમે કેટલાક શબ્દ બોલો અને તેના જેવો સરખો સંભળાતો શબ્દ વિદ્યાર્થીઓને બોલવા કહો. જેમ કે, તમે કહો, પેન, વિદ્યાર્થી કહે બેન. જરૂર પડ્યે વધારે ઉદાહરણ આપવાં.

 **શોધો :** નાક - શાક, .......... .......... 

૩૦. સાંભળવામાં સરખા લાગતા શબ્દો કયા છે? સરખા ન હોય તેના પર × કરો. 10.3.1


| | | | | |
|---|---|---|---|---|
| ૧. ગાડી | : | જાડી | કોડી | સાડી |
| ૨. બેલ | : | મીલ | સેલ | તેલ |
| ૩. ખસ | : | હસ | વીસ | બસ |
| ૪. બાઘો | : | આઘો | વાઘો | જાગો |
| ૫. પાંદ | : | ચાંદ | ફાંદ | ગેંદ |



૩૧. સરખા સંભળાતા શબ્દો ઓળખો. 9.3.2, 9.7.1

દરેક ડબ્બાની બે-બે પંક્તિ વાંચો અને વિદ્યાર્થીને તેમાં સરખા સંભળાતા શબ્દ ઓળખવા કહો.

૩૨. અક્ષર જોડો. 10.3.1




 લખો : હૂળુળૂ : .................................................... 

૩૩. સાંભળીએ, લખીએ, વાંચીએ. 10.3.2, 10.8.1

આપેલા અક્ષર પહેલાં છૂટા અને તરત જ ભેગા વાંચી સંભળાવો. જેમ કે, ઝ..ગ..મ..ગ.. ત્યારબાદ બૉક્સમાં આપેલ શબ્દ 'ઝગમગ' બોલો. આ રીતે વંચાવ્યા પછી દરેક શબ્દ ઘૂંટીને લખવા કહો. તે શબ્દો મોટેથી વંચાવો.

ઝ ગ મ ગ → ઝગમગ

હ ક દા ર → હકદાર

ઘ ડિ યા ળ → ઘડિયાળ

ઘૂ ર ક વું → ઘૂરકવું

જા મ ફ ળ → જામફળ

ઝા ટ કો → ઝાટકો

ઉ દ ય → ઉદય

ઊ ભ રો → ઊભરો

ત ળા વ → તળાવ

૩૪. વાંચો, લખો, ફરી વાંચો. 10.2.1, 10.8.2

હેતલ
હીંચકે
ઝૂલે
છે.

______

હેતલ ______

હેતલ હીંચકે ______

હેતલ હીંચકે ઝૂલે ______



સુધારો : ગમગઝ : ______

| |
|---|
| હેતલ |
| ટપકતો |
| નળ |
| જુએ |
| છે. |

| |
|---|
| |
| હેતલ |
| હેતલ ટપકતો |
| હેતલ ટપકતો નળ |
| હેતલ ટપકતો નળ જુએ |

| |
|---|
| તે |
| ઝટપટ |
| દોડે |
| છે. |

| |
|---|
| |
| તે |
| તે ઝટપટ |
| તે ઝટપટ દોડે |

| |
|---|
| અને |
| નળ |
| બંધ |
| કરે |
| છે. |

| |
|---|
| ______ |
| અને ______ |
| અને નળ ______ |
| અને નળ બંધ ______ |
| અને નળ બંધ કરે ______ |

વાહ! હેતલ, વાહ! ______

શિક્ષકની સહી : ______ | A | B | C | તારીખ : ______

મારું નામ : ______ છે. (તમારું નામ લખો.)



### ૩૫. લંગડીકૂદ રમો.

10.7.1

મેદાનમાં અથવા રૂમમાં ઠીકરીદાવ રમતની જેમ મેદાન દોરી ઝ, હ, ઘ, ળ, ઉ, ઊ અને ઝુ, હુ, ઘુ, ળુ અક્ષર લખો અને વિદ્યાર્થીઓને લંગડી લઈ રમવા કહો. વિદ્યાર્થી જે ખાનામાં આવે તે ખાનાનો અક્ષર બોલી આગળ વધવા કહો.

 છૂટું પાડો : નળબંધકર: ______ ______ ______ 



## ૩૬. ચિત્રનાં નામ શોધો, લખો.

10.8.3







| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| બ | હં | લ | ક | મ | ઘુ | પ | ગ |
| ઝ | ટ | જ | ળ | લ | વ | હે | બ |
| ન | હં | ચ | ખ | ઈ | ડ | ર | હું |
| ઘ | ર | ન | ન | ય | ક | ણ | ચ |
| ડિ | ખ | ળ | ખ | ળ | ગ | ડ | ર |
| ચા | ક | મ | ન | બ | ઉ | હ | ખ |
| ળ | ઉ | દા | ળિ | યા | ઘ | ળ | હ |
| વ | ત્ત | હ | યા | પ | ર | દ | રિ |
| સ | ર | ઘ | સ | ન | સ | ર | વ |
| ક | ફૂ | લ | ણ | વ | ટ | મૂ | ળ |











## ૩૭. ા, િ, ી, ુ, ૂ મૂકી વાક્યો ફરીથી વાંચો.

10.8.1

નદમાં હોડી ચાલે છે.
નદી પર પલ બને છે.
વાળમાં ગુલાબનું ફલ છે.
ઘવડ રાતે ઊડે છે.
ઘડયાળમાં છ વાગેલા છે.
મારા દદ જગે છે.
પણ હં સાત વાગે જ જાગ છં.

 વાંચો : નદી, પુલ, ઘડિયાળ, ફૂલ 

## ૩૮. મોટેથી વાંચો અને લખો. 10.8.1, 10.8.2

ઝાંઝર

ઝાંઝર ઝણકે છે.

ઝીલનું ઝાંઝર ઝણકે છે.

ઝીલનું ઝાંઝર ઝણક ઝણક ઝણકે છે.

હળ

રમેશ હળ હાંકે છે.

રમેશ વાડીમાં હળ હાંકે છે.

રમેશ વાડીમાં હળવે હળવે હળ હાંકે છે.



## ૩૯. વાંચો અને લખો. 10.4.1

આ ઝાડ છે. ઝાડની પાસે ઘર છે. ઘરમાં ઝીનલ રહે છે. ઝીનલના પગમાં ઝાંઝરી છે. ઝાંઝરી ઝણઝણ કરે છે. ઝીનલ હીંચકે ઝૂલે છે. મમ્મી કપડાં ગોઠવે છે. ઉંદર ઊન કાપે છે. ઝીનલ ઉંદર પકડે છે. ઉંદર દરમાં જાય છે.

આ

ઝાડની

ઘરમાં

ઝી

ઝાં



સુધારો : કણઝ કણઝ :

ઝી

મમ્મી

ઉં

ઝી

ઉં

૪૦. 'વાંચીમાર' રમત રમો. શબ્દો વાંચી તેને દડો મારી પાડી દો. 10.7.1, 10.3.1

- આખો વર્ગ જોઈ શકે તે રીતે ચાર શબ્દપત્તાં એક હરોળમાં ઊભાં ગોઠવો. જેમ કે, ઘડિયાળ, ઘોડીયાળ, ઘોડુયાળ, ઘોડીયાળી
- એક વિદ્યાર્થીને આગળ બોલાવી દડો આપો. વિદ્યાર્થીને બધા શબ્દ ધ્યાનથી જોઈ લેવા કહો.
- વિદ્યાર્થી જોઈ લે પછી તમે કહેશો 'ઘડિયાળ' ત્યારે વિદ્યાર્થીએ 'ઘડિયાળ' લખેલા શબ્દપત્તા પર દડો મારવાનો થશે.
- વર્ગના બાકીના વિદ્યાર્થીને દડો મારનાર વિદ્યાર્થીને શબ્દ ઓળખવામાં મદદ કરવા કહો.
- આવી રીતે શબ્દો બદલીને રમત રમાડો.

૪૧. ઝ, હ, ઘ, ળ, ઉ, ઊ, ુ, ૂ, આધારિત શબ્દો અને વાક્યો સાંભળીને લખો. 10.8.1

છ શબ્દો અને ચાર વાક્યોનું શ્રુતલેખન કરાવો.

૧ ______ ૨ ______ ૩ ______

૪ ______ ૫ ______ ૬ ______

વાક્ય ૧ ______

વાક્ય ૨ ______

વાક્ય ૩ ______

વાક્ય ૪ ______

શિક્ષકની સહી : ______ | A | B | C | તારીખ : ______

 સાચું શું? : ઉંદર કે ઉંધર 

**૪૨. અક્ષરવાળું ચિત્ર દોરો.**

વિદ્યાર્થીઓ જે તે અક્ષરના આધારે તેમની પસંદનું ચિત્ર દોરી શકે તેવી સમજ આપો. જેમ કે 'ઘ' ઘર, ઘડિયાળ દોરી શકાય.

| ઘ | ઝ |
|---|---|
| | |
| **હ** | **ળ** |
| | |

**૪૩. બંને બાજુથી વાંચો અને તેમાં શું નવાઈ છે તે કહો.** 10.3.2

| | | | | |
|---|---|---|---|---|
| નમન | ડાલડા | નયન | જીજાજી | કાળકા |
| રબર | તરત | કડક | કનક | કલાક |

**૪૪. ફરી યાદ કરીએ...!**



(૧) કયો અક્ષર લખવો સહેલો છે? ઝ, હ, ઘ, ળ, ઉ, ઊ? કેમ?
(૨) 'વાંચીમાર' રમતી વખતે શાની મજા પડી?
(૩) કઈ પ્રવૃત્તિ વારે વારે કરવી ગમે? કઈ પ્રવૃત્તિમાં તમને કંટાળો આવેલો?
(૪) 'ગપ્પાંની ગાડી'માં કયા ડબ્બાની લીટી યાદ રહી ગઈ?
(૫) કયો અક્ષર શીખવામાં અઘરો લાગ્યો?
(૬) કઈ પ્રવૃત્તિમાં તમને સૌથી વધુ હસવું આવ્યું?
(૭) 'કોણ ગુમ થયું?' પ્રવૃત્તિમાં કોને તરત ખબર પડી જતી હતી?
(૮) તમારા મિત્રોએ કેવાં કેવાં ગપ્પાં માર્યાં હતાં?

## ૪૫. હસહસાટ

કનુ : આ ટીવી કેટલાનું છે?
મનુ : વીસ હજારનું
કનુ : અરે! આ તો બહુ મોંઘુ કહેવાય. એવી તે શી ખાસિયત છે આ ટીવીમાં?
મનુ : આ ટીવી લાઈટ ગયા પછી ઑટોમૅટિક બંધ થઈ જાય છે.
કનુ : અરે, વાહ! તો પેક કરી દો.






| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ |
| ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ |
| ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ |
| ૩૬ | ૩૭ | ૩૮ | ૩૯ | ૪૦ |
| ૪૧ | ૪૨ | ૪૩ | ૪૪ | ૪૫ |

### એકમ - ૭ માટેની પૂર્વતૈયારી...

- સંગીતનાં સાધનો
- ચિત્ર કૅલેન્ડર
- ભ, ય, ધ, ફ, કાનો માત્ર, કાનો બે માત્રાનાં અક્ષરકાર્ડ (પ્લાસ્ટિક બૉક્સ)
- FLN શબ્દમિલાપ પેટીનાં અક્ષરકાર્ડ
- અગાઉ શીખેલા તમામ અક્ષરનાં કાર્ડ
- ચિત્રકાર્ડ
- પ્રવૃત્તિ માટેની વર્ગસામગ્રી
- બિગ બુક, અર્લી રીડર, પોસ્ટર, બોર્ડબુક, પ્રોજેક્ટ પ્રવૃત્તિ બુક, મહાવરા બુક, સ્લેટ-પેન નોટબુક વર્ગ પુસ્તકાલયની વાર્તાઓ, સચિત્ર બાળપોથી
- રંગ, પશુપક્ષી, ફળ, શાકભાજીનાં નામનાં પાંચ-પાંચ કાર્ડ



શિક્ષકની સહી : ........................ વાલીની સહી : ........................
તારીખ : ........................ તારીખ : ........................

 વાંચો : ટીવીમાં વીંટી. 

# આટલું શીખી લઈએ

૧. ચિત્ર સાથે શબ્દ જોડો.



મારું ઘર મને ગમે છે.



હરણ લીલું લીલું ઘાસ ખાય છે.



નળમાંથી ગરમ પાણી આવે છે.



ઊનનું સ્વેટર શિયાળામાં પહેરવું ગમે.



માસી નાની બહેનનું ઝભલું લાવ્યાં.

૨. અક્ષરો ઓળખી તેને ફરતે વર્તુળ કરી બાજુમાં તે શબ્દ ફરીથી લખો.

ઝ : ઝૂંપડી, ઝરણું

હ : હૂક, હરણ

ઘ : ઘર, ઘસઘસાટ

ળ : નળ, પાળી

ઉ : ઉંદર, ઉમા

ઊ : ઊન, ઊંઘ



છૂટું પાડો : ઝૂંપડીઝરણું :

૩. અક્ષરને માત્રા લગાવી વાંચો.

| ઝ | ઝા | ઝિ | ઝી | ઝુ | ઝૂ | ઝે | ઝૈ |
|---|---|---|---|---|---|---|---|
| ઝ | | | | | | | |
| હ | | | | | | | |
| ઘ | | | | | | | |
| ળ | | | | | | | |

૪. કોષ્ટકમાંથી છુપાયેલા શબ્દો શોધીને લખો.

| | | | |
|---|---|---|---|
| ઉ | ત | ર | ડ |
| ના | ળા | ઘા | ઘુ |
| ળો | વ | સ | વ |
| જુ | વા | ર | ડ |

૫. શબ્દો વાંચો અને લખો.

ઝાડ ______ ઝૂલ ______ ઘાસ ______

ઘુવડ ______ ઉતરડ ______ તળાવ ______

આજુબાજુ ______ જુવાર ______ હિસાબી ______

૬. વાક્યો વાંચો અને લખો.

કપડાં સૂકવવા માટે હૂકમાં દોરી બાંધી છે. ______

ઘુવડ રાત્રે પણ જુએ છે. ______

ઊંટ રણનું વહાણ છે. ______

હરણની ડોકે ઘૂઘરી બાંધી છે. ______

 સાચું શું? : ઘડિયાળ કે ઘડિયાળ 

# ૭. મારા ઘરના સભ્યો

વિદ્યાર્થીઓને વર્તુળમાં ઊભા રાખો. બે-બેની જોડમાં એક વિદ્યાર્થી બીજા વિદ્યાર્થીનો હાથ પકડે તે રીતે ઊભા રાખવા. કોઈ એક વિદ્યાર્થીના હાથમાં દડો આપો. ખાલી હાથ વડે ગોળ ફરતાં-ફરતાં દડો પાછો પહેલા વિદ્યાર્થી સુધી પહોંચાડવા કહો. આવું ત્રણ વાર કરાવડાવો.

૧. ચાલો, ગીત ગાઈએ. ગણગણીએ, ઘરે સંભળાવીએ. (પઠન, ગાન, ઝીલગાન, સમૂહગાન)


9.1.1, 9.1.3

### બા વિના મને ખવડાવે કોણ?




બા વિના મને ખવડાવે કોણ?
બા વિના મને સુવડાવે કોણ?
વહાલાં મારાં બા, મને વહાલાં મારાં બા...

બાપુ વિના મને રમાડે કોણ?
સાઈકલ પર મને બેસાડે કોણ?
વહાલા મારા બાપુ, મને વહાલા મારા બાપુ...

દાદી વિના લાડ કરે કોણ?
બવો મોટો આપે કોણ?
વહાલાં મારાં દાદી, મને વહાલાં મારાં દાદી...

દાદા વિના વાર્તા કહે કોણ?
મંદિરે મને લઈ જાય કોણ?
વહાલાં મારાં દાદા, મને વહાલાં મારાં દાદા...




## ૨. ચિત્ર જુઓ.

9.3.1, 9.3.2, 9.7.1



**વાતચીત**

- આ ચિત્રમાં કેટલાં બાળકો છે? ચિત્રમાં બાળકો શું કરી રહ્યાં છે?
- તમે કઈ કઈ રમતો રમો છો? ચિત્રમાં તમને સૌથી વધારે શું ગમ્યું?
- ચિત્રમાં દેખાતાં બેનના ટોપલામાં શું હશે? તે ક્યાં જતાં હશે?
- ચિત્રમાં બંને ભાઈઓ શી વાતો કરી રહ્યા હશે?
- ખાટલામાં બેઠેલાં બાળકો શું વિચારી રહ્યાં હશે?

- વિદ્યાર્થીઓને બે-બેની જોડીમાં એકબીજા સાથે વાતચીત કરવા કહો. જેમાં તેઓ પોતાનો પરિચય આપે. જેમ કે, નામ, પપ્પા, મમ્મી કોણ બહુ વહાલું, શું ગમે, (વસ્તુ/મીઠાઈ) વગેરે. ત્યારબાદ વર્ગમાં ઊભા થઈ દરેક જોડીને એકબીજા વિશે કહેવા કહો. 9.3.2, 9.4.1



૩. વાર્તા સાંભળીએ.

## પરિચય

10.5.1, 10.5.3

હેલો! હું છું વિજય.

દાદી મને વિજુ વાતોડિયો કહે છે. મમ્મી મને કામગરો વિજુ કહે છે.

હું શાકભાજી પાણીમાં ડુબાડી આપું પછી જ મમ્મી તેને સમારે ને શાક બનાવે. મમ્મી દાળઢોકળી બનાવે ત્યારે હું ઢોકળી કાપી આપું. મમ્મી કહે છે કે એટલે જ ઢોકળી ટેસ્ટી બને છે. દાદા-દાદીને લસણ, પાપડી મારે જ આપવાનાં, પછી તેઓ તે ફોલે. ઓસરીમાં કચરો હું અને દીદી જ કાઢીએ, પગલૂછણિયાં અમે જ ખંખેરીએ અને દાદા બગીચામાં કામ કરે ત્યારે પાણીની પાઈપ તો હું જ પકડું. દાદા કહે છે કે હું પાણી પિવડાવું છું એટલે ફૂલ સરસ ખીલે છે.

મમ્મી નોકરીએ નીકળે ત્યારે એમને પાકીટ મારે આપવું પડે, નહિ તો એ ભૂલી જાય. પપ્પા છોકરાંને ક્રિકેટ રમતાં શીખવે છે. એ કામે નીકળે ત્યારે એમને રૂમાલ, મોબાઇલ અને ટોપી હું જ આપું છું.



દાદા લાઇટબિલ ભરવા જાય કે શાક લેવા, મને જોડે લઈ જ જાય. દાદી સ્વેટર ભરે કે દીદીને લેસન કરાવે, મને જોડે જ બેસાડે.

હું ઘરનાં બધાંને કામમાં મદદ કરવા લાગું છું. હું દાદાને કપડાં વળાવવા લાગું છું, દાદીને વાસણ ગોઠવડાવવા લાગું છું, પપ્પાને પથારી કરવામાં મદદ કરું છું, મમ્મી ચિત્ર દોરવા બેસે ત્યારે તેને રંગ ને પાણી લાવી આપું છું, દીદીને સાઇકલ સાફ કરી આપું છું.

મારું કામ તો હું જાતે જ કરું છું - મારું દફતર જાતે ગોઠવું છું, વાળ જાતે ઓળું છું, કપડાં જાતે પહેરું છું અને નિશાળેય જાતે જ જાઉં છું.

હું મોટો થઈ ગયો છું પણ મમ્મી હજી મને નવડાવે છે. જોકે અમે પાળેલા કાચબાને તો હું જ નવડાવું છું.

### વાતચીત

- વિજય ક્યાં ક્યાં કામ કરે છે?
- વિજયના ઘરમાં કોણ કોણ છે?
- દાદી વિજયને વાતોડિયો કેમ કહેતાં હશે?
- તમે ઘરમાં ક્યાં ક્યાં કામ કરો છો?
- તમારા ઘરમાં કોણ કોણ છે?
- મમ્મી વિજયને કામગરો કેમ કહે છે?

૪. જો આપેલા કામ વિજય કરતો હોય તો 'વિજુ કામગરો' બોલો અને જો ન કરતો હોય તો 'વિજુ વાતોડિયો' બોલો. 9.4.1, 10.7.1

- દાળઢોકળી બનાવવી
- કપડાં વાળવાં
- પથારી પાથરવી
- શાકભાજી પાણીથી ધોવાં
- દીદીને ભણાવવું
- પાણીની પાઈપ પકડવી
- ઢોકળી કાપવી
- સાઈકલ સાફ કરવી
- ચિત્ર દોરવું
- બગીચામાં કામ કરવું
- દફ્તર ગોઠવવું




9.3.1, 9.4.1

- રસોઈ બનાવવી
- ઓસરી વાળવી
- કાચબાને નવડાવવું
- પથારી કરવી
- ચિત્ર દોરવું
- ક્રિકેટ રમતાં શીખવવું
- લાઈટબિલ ભરવું
- લસણ ફોલવું

૬. આવું કોણ બોલતું હશે? કહો. 9.3.1, 9.4.1, 9.7.1

૧. અરે વાહ! ઢોકળી કેટલી ટેસ્ટી થઈ છે!
૨. કેટલાં સુંદર ફૂલો ખીલ્યાં છે!
૩. બરાબર બોલ પકડજે.
૪. તું તો વાતો કરતાં થાકતો જ નથી.
૫. ચાલ બેટા! આપણે શાક ખરીદવા જઈએ.
૬. મમ્મી! લે, આ તારું પાકીટ.
૭. હું દફ્તર ગોઠવું છું.
૮. મમ્મી, હવે હું જાતે નાહીશ.
૯. તારી બેન બરાબર લખે છે કે નહિ, તે જોજે.
૧૦. ભાઈ! મને સાઈકલ સાફ કરી આપને!

**મારો પરિવાર** 9.3.1, 9.3.2, 9.4.1, 9.4.2

**આ પ્રવૃત્તિ એક તાસની નથી. અઠવાડિયું, દસ કે પંદર દિવસ સુધી આ પ્રવૃત્તિ કરાવો. રોજ ભાષાના તાસની શરૂઆતમાં કેટલાંક બાળકોને (બે કે ત્રણ) પોતાના પરિવારની વાત કહેવાની તક આપો. બાળક અટકી જાય તો તેને પ્રશ્નોનો ટેકો પૂરો પાડો. જેમ કે, તમારા પપ્પા શું કામ કરે છે? મમ્મીની કઈ વાત ગમે છે? તમે પોતાના વિશે પણ એક-એક વાક્ય કહો.**

## ૭. સંબંધમાં શું કહેવાય? લખો. 9.3.2, 9.4.1, 9.7.1

- પપ્પાના ભાઈ ........ કાકા ........
- મમ્મીના ભાઈ ................
- પપ્પાનાં બહેન ................
- પપ્પાના પપ્પા ................
- મમ્મીનાં બહેન ................
- મમ્મીનાં મમ્મી ................
- પપ્પાનાં મમ્મી ................
- મમ્મીનો દીકરો ................
- મમ્મીના પપ્પા ................
- પપ્પાની દીકરી ................

## ૮. સાંભળો, જ્યારે 'ભ' સંભળાય ત્યારે હળવેથી દફતર થપથપાવો. 9.4.1, 10.3.1

અભણ નભ ભવ ભય ભરત

આવા બીજા શબ્દો લઈ ય, ધ, ફ માટે દફતર થપથપાવવાની જગ્યાએ બીજી રીતે પ્રવૃત્તિ કરાવો.

યમરાજ વાયર વલય મલય લાયક

ધવલ ધરપત ધજા ધમાલ ધરા

બરફ ફટાફડા ફરજ ફણસ ફરકડી

## ૯. 'અક્ષરથપ્પો' રમો. 10.3.1, 10.7.1

ભ, ય, ધ, ફ તેમજ અગાઉ શીખી ગયેલા તમામ અક્ષરો અને માત્રા સાથેના અક્ષરો લેવા.

 લખો : કફ ................ ................ ................ 

# ૧૦. તીરની નિશાનીની દિશામાં આંગળી ફેરવો.

9.4.1, 10.3.1




વાંચો : અઓઈઓ ઔઈઓએ

## ૧૧. જુઓ, લખો અને ત્રણ વાર બોલો : ભ ય ધ ફ... ભી યી ધી ફી. 9.4.1, 10.3.1

૧. આંગળી મૂકીને એક-એક અક્ષર મોટેથી બોલાવો.
૨. ત્યારબાદ તમે જે અક્ષર બોલો તેના પર વિદ્યાર્થીઓને આંગળી મૂકવા કહો.
૩. તમે કોઈ એક અક્ષર પર આંગળી મૂકી તેનો સાચો/ખોટો ઉચ્ચાર કરો. જો એ સાચું હોય તો વિદ્યાર્થીઓને 'નમસ્તે' કરવા અને ખોટું હોય તો 'સલામ' કરવા કહો.
૪. હ્રસ્વ 'ઇ'નો ઉચ્ચાર નાનો અને દીર્ઘ 'ઈ'નો ઉચ્ચાર લાંબો કરવાનું ધ્યાન રાખો.
૫. હવે, જે તે અક્ષરનો નંબર બોલો. વિદ્યાર્થીઓને તે અક્ષર બોલવા કહો.
૬. અક્ષરોના નંબર આ રીતે બોલો : એક-ચાર, તો વિદ્યાર્થીઓ 'ભફ' બોલે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભ | ભ | ભ | ભ | ભા | ભુ | ભૂ | ભી | ભિ | ભૌ | ભો |
| | ભ | | | | | | | | | |
| ય | ય | ય | ય | યા | યુ | યૂ | યી | યિ | યૌ | યો |
| | ય | | | | | | | | | |
| ધ | ધ | ધ | ધ | ધા | ધુ | ધૂ | ધી | ધિ | ધૌ | ધો |
| | ધ | | | | | | | | | |
| ફ | ફ | ફ | ફ | ફા | ફુ | ફૂ | ફી | ફિ | ફૌ | ફો |
| | ફ | | | | | | | | | |
| ઓ | ઓ | ઓ | ઓ | ઓ | ઓ | ઓ | ઓ | ઓ | ઓ | ઓ |
| | ઓ | | | | | | | | | |
| ઔ | ઔ | ઔ | ઔ | ઔ | ઔ | ઔ | ઔ | ઔ | ઔ | ઔ |
| | ઔ | | | | | | | | | |

 **વાંચો :** ઔઓઈઈ ઈઈઓઔ 

૧૨. તમારા શિક્ષક આ ફકરો વાંચશે તેમાં ભ, ય, ધ, ફ આવે ત્યારે તાળી પાડો. 9.4.1, 10.7.1

ભરૂચ નર્મદા નદીને કિનારે આવેલું શહેર છે. યેશાનાં ધારા ફોઈ ભરૂચમાં રહે છે. એને ફોઈના ઘરે બહુ મજા પડે. રોજ સાંજ પડે ને ફોઈફુઆ તેને નદીકિનારે ફરવા લઈ જાય.

૧૩. આ વાક્યો વાંચો અને જ્યાં ભ, ય, ધ, ફ અક્ષરો આવતા હોય તેમની ફરતે ગોળ કરો. 10.3.1, 10.3.2

- બગીચાના બધા છોડ પર સુંદર ફૂલ હતાં. ત્યાં એક ફુવારો પણ હતો.
- ફટાકડાના અવાજથી ધિમહી ફફડી ગઈ તેના ધબકારા વધી ગયા. મમ્મીએ તેનો હાથ ફટાફટ ઝાલ્યો તેથી તેને સારું લાગ્યું.
- આ તો તમને ખબર જ હશે. ભારત આપણો દેશ છે. એટલે આપણે ભારતીય તરીકે ઓળખાઈએ છીએ.

૧૪. સાંભળીએ, લખીએ, વાંચીએ. 9.4.1, 10.3.1, 10.8.1

**આપેલા અક્ષર પહેલાં છૂટા અને પછી તરત જ ભેગા વાંચી સંભળાવો. જેમ કે, ધ...તૂ...રો... ધતૂરો. ત્યાર બાદ બૉક્સમાં આપેલ શબ્દ બોલો. આ રીતે વંચાવ્યા પછી દરેક શબ્દ ઘૂંટીને લખવા કહો. તે શબ્દો મોટેથી વંચાવો.**

ધ | તૂ | રો → ધતૂરો

ધ | ન | ધ | ન → ધનધન

ફ | ટા | ક | ડા → ફટાકડા

ભ | મ | ર | ડો → ભમરડો

ય | શ | પા | લ → યશપાલ

ભૂ | ગો | ળ → ભૂગોળ

ઓ | જા | ર → ઓજાર

ઓ | શી | કું → ઓશીકું

ઔ | ષ | ધિ → ઔષધિ

૧૫. જોડીમાં કામ કરો. મિત્રની હથેળીમાં આંગળી વડે એક પછી એક ભ, ય, ધ, ફ અક્ષરો લખો. તમારો મિત્ર પણ તમારી હથેળીમાં તે રીતે અક્ષર લખે તેવું કરો. 9.4.1, 10.7.1

ભ, ય, ધ, ફ અક્ષર અને સ્વરચિહ્નો લઈને શબ્દો બનાવો. આ શબ્દો FLN કિટની સ્લેટ ઉપર મૂકી આખો વર્ગ જોઈ શકે તેમ રાખો. શબ્દો વંચાવો.

- તમારા મિત્રનું નામ લખો. મારા મિત્રનું નામ .................... છે.

૧૬. સરખા શબ્દોને જોડો. જેટલી વાર છે તેટલી વાર વાંચો. જે શબ્દ ન જોડાય તેના પર × કરો. 10.3.1, 10.3.2

ગાજર | વાનર | અવાજ

વાનરો | અવાજ | ગાજર | ~~ખવાજ~~ | વાનર

લાડવો | ઈનામ | ખમણ

લાટવો | ઈમાન | લાડવો | ખમણ | ઈનામ

૧૭. માત્રાને મૂળાક્ષર સાથે જોડી શબ્દ બનાવો અને લખો. 10.8.1

ઔ

- ગ → .......... તમ
- ભ → ભૌતિક
- મ → .......... લિક
- ક → .......... રવ
- લ → .......... કિક
- સ → .......... રભ

ઓ

- ય → .......... ગ
- ભ → ભોજન
- મ → .......... રબી
- ફ → .......... રમ
- ક → .......... યલ
- ધ → .......... કો

૧૮. એકમ-૭ની અર્લી રીડર વાંચો. તેમાં આવતા શબ્દો અને વાક્યો સ્લેટ અને નોટમાં લખો. 10.9.2

 લખો : મમોમૌ : .................... ફફોફૌ : .................... 

૧૯. ચાલો, કવિતા ગાઈએ અને જોઈએ નીરજ શું શું કરે છે?

10.6.1

પઠન, ગાન, ઝીલગાન, સમૂહગાન





## મોટ્ટો મોટ્ટો થાઉં

દોરાની હું દાઢી ચોડું, રૂની મૂછ બનાવું
તપેલીની ટોપી પહેરી દરશન કરવા જાઉં
મોટ્ટો મોટ્ટો થાઉં
દાદા બની જાઉં
ચશ્માં પહેરું, છાપું વાંચું, ડોળા કાઢું મોટા
ડાહ્યાડમરા થઈને બેસે તેના પાડું ફોટા
મોટ્ટો મોટ્ટો થાઉં
પપ્પા બની જાઉં
અંધારામાં ઊભો રહું ને બિલ્લીથી ના ડરું
હાથે હાથે નહાઈ લઉં ને ઝાઝું લેસન કરું
મોટ્ટો મોટ્ટો થાઉં
ભાઈ બની જાઉં
રાતે પાછો નાનકડો થઈ મમ્મી પાસે જાઉં
મારી વહાલી મમ્મીનો હું 'ડાહ્યો દીકો' થાઉં
નીરજ બની જાઉં
તરત સૂઈ જાઉં





- રમેશ પારેખ

### વાતચીત

- તમને આમાંથી કઈ લીટી ગાવાની મજા પડી? તે મોટેથી ગાઓ.
- તમે કોના કોના ચંપલ પહેરો છો?
- તમને કોનાં કપડાં પહેરવાં ગમે છે?
- તમે ઘર ઘર રમો છો ત્યારે શું શું કરો છો?
- તમે નાના હતા ત્યારે શું શું કરતા હતા?
- જાદુ થાય ને તમે તમારા દાદા જેવડા થઈ જાઓ તો શું શું કરો?
- રાત્રે લાઈટ જાય / અંધારું થાય ત્યારે તમને શાની બીક લાગે?
- મમ્મી તમને 'ડાહ્યો દીકરો' કે 'ડાહી દીકરી' ક્યારે ક્યારે કહે છે?
- તમને જાતે નહાવું ગમે કે બીજા કોઈ નવડાવે તે ગમે? કેમ?
- મોટા થશો ત્યારે તમને કેવાં કપડાં પહેરવાં ગમશે?
- તમે જાતે નાહી શકો એવડાં ક્યારે થશો?
- નીરજ શામાંથી શું બનાવે છે? કહો.

| અ | બ |
|---|---|
| રૂ | દાઢી |
| તપેલી | મૂછ |
| દોરા | ટોપી |

૨૦. મોટો થઈને નીરજ શું બને છે? ઓળખો અને લખો. સાથે આપેલાં વાક્યો વાંચો. તે વાક્યો કોને લાગુ પડશે? લીટી દોરીને જોડો. 10.3.2, 10.4.3





અંધારામાં ઊભો રહે

લાકડાના ટેકે ચાલે





ચશ્માં પહેરે

મમ્મીનો દીકરો થાય.

## ૨૧. મોટેથી ગાઓ. નવા બનાવો. 9.1.3, 9.2.1

**'ભ' અને 'ય' નીચે લીટી કરો. 'ધ' અને 'ફ' પર ○ કરો.**

(૧) કાળો ભમ ભમરો
ધોળી ધફાક ગાય
સવારે ને સાંજે
ચરવાને જાય.



(૨) કાઉ કાઉ કૌ
કૂતરો ભસે ભૌ
ધાંય ધાંય ધૌ
હસી પડતા સૌ



(૩) વાળ ઉપર સાફો
ગાલ ઉપર લાફો
કાતર વડે કાપો
પગલાં વડે માપો

(૪) આગનો ધુમાડો
સાપનો ફૂંફાડો
કીડીનો રાફડો
સળગે તે કાકડો.



(૫) પાણી એટલે ભૂ
યુ એટલે તું
ધૂમાડો ધૂધૂ
સાપ કરે ફૂફૂ



● શબ્દો લખો. 10.8.1

| | ા | ે | ો | ૌ |
|---|---|---|---|---|
| ૧ | ભટાક<br>ગાય<br>ધફાક | સવારે | ભમરો | - |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |




**આપેલાં વાક્યો મોટેથી વાંચી સંભળાવો અને ઝીલવાંચન કરાવો. વ્યક્તિગત મુખરવાંચન કરવા કહો.**

10.2.1, 10.3.2

૧. મને ભજિયાં ભાવે છે.

૨. ભાવેશ ભુલભુલામણીમાં ભૂલો પડ્યો.

૩. ગાડીના ટાયરમાં વાયર ફસાઈ ગયો.

૪. ભૌમિક યોગ કરે છે.

૫. મારાં ફોઈ સફરજન લાવ્યાં.

૬. ધવલે ધમાલ કરી.

શિક્ષકની સહી : ____________ | A | B | C | તારીખ : ____________

**૨૩. અક્ષરો આડાઅવળા છે, તેમને સાચા ક્રમમાં ગોઠવી યોગ્ય શબ્દ બનાવો.** 10.8.1

૧. બોચકા ____________

૨. તોનફા ____________

૩. શીકુંઓ ____________

૪. રોળીગ ____________

૫. દરોવાં ____________

૬. છલીમા ____________

૭. લાબિડી ____________

૮. રુંકૂત ____________



**૨૪. પરિવારના સભ્યોને ભેગા કરો.**


10.7.1

**વર્ગમાં જુદાં જુદાં રંગ, પ્રાણી, પક્ષી, ફળ, શાકભાજીનાં નામનાં પાંચ-પાંચ કાર્ડ બનાવીને મૂકો. દરેક વિદ્યાર્થીને એક કાર્ડ લેવા માટે કહો. ત્યારબાદ રંગનાં નામ લખેલ કાર્ડવાળા વિદ્યાર્થીઓને બારી પાસે, પશુનાં નામ લખેલ કાર્ડવાળા ટેબલ પાસે એકઠા થવા કહો. આ રીતે જૂથ પાડ્યા પછી દરેક વિદ્યાર્થીને પોતાની પાસેનું કાર્ડ મોટેથી વાંચવા કહો.**

 છૂટું પાડો : સફરભજિયાંજન : ____________ ____________ 

૨૫. અક્ષરથપ્પો રમો. અગાઉ શીખેલા તમામ મૂળાક્ષરોનો ઉપયોગ કરવો. 10.7.1

૨૬. ચિત્ર ઓળખો અને શબ્દ લખો. 10.8.1, 10.8.3






















10.8.1

(૧) ગૌરવ શાળાએ જાય છે.
(૨) ભૌમિક યોગ કરે છે.
(૩) ફણસ મોટું ફળ છે.
(૪) ભરતને ભાખરી ભાવે છે.

| | |
|---|---|
| ગૌરવ | |
| શાળાએ | ગૌરવ |
| જાય | ગૌરવ શાળાએ |
| છે. | ગૌરવ શાળાએ જાય |

| | |
|---|---|
| ભૌમિક | |
| યોગ | ભૌમિક |
| કરે | ભૌમિક યોગ |
| છે. | ભૌમિક યોગ કરે |

 છૂટું પાડો : ભાખશાકરી : 

| | |
|---|---|
| ફણસ | |
| મોટું | ફણસ |
| ફળ | ફણસ મોટું |
| છે. | ફણસ મોટું ફળ |

| | |
|---|---|
| ભરતને | |
| ભાખરી | ભરતને |
| ભાવે | ભરતને ભાખરી |
| છે. | ભરતને ભાખરી ભાવે |

શિક્ષકની સહી : ____________ | A | B | C | તારીખ : ____________



## ૨૮. વાંચો અને લખો.

વિદ્યાર્થી લખતા હોય તે દરમિયાન એક-એક વિદ્યાર્થીને આ વાક્યો વ્યક્તિગત વંચાવો.

10.8.1

૧. ધજા ફરકે છે.

૨. ફોઈબા ફોરમને ફાલુદા આપે છે.

૩. ભમરડો ફરે છે.

૪. મને કોયલનો ટહુકો ગમે છે.

૫. યશોદા કાનાને રમાડે છે.

## ૨૯. વાંચો.

10.4.1



### મેળો

ભરતપુર ગામમાં મેળો ભરાયો હતો. આજુબાજુનાં ગામોમાંથી લોકો મેળામાં આવ્યા હતા. મેળામાં ઘણાબધા ફેરીવાળા અને ખાણીપીણીવાળા પણ હતા. નાનાં બાળકો ચકરડી અને હોડીમાં બેસીને મોજમસ્તી કરતાં હતાં. મહિલાઓ બંગડીઓ અને શણગારનો સામાન ખરીદી રહી હતી. મેળો બે દિવસ ચાલ્યો હતો.

૩૦. (અ) ફકરામાંથી શબ્દ શોધો. ખાલી જગ્યા પૂરો. 10.3.1

૧. ભ ___ ___ પુ ___  ૨. ___ રી વા ___

૩. ___ ણ ___ ર  ૪. ___ જુ ___ જુ

(બ) ઊલટો શબ્દ સીધો કરો. 10.3.1

૧. કોલો - લોકો  ૪. નમાસા - ________

૨. ળાવાણીપીણીખા - ________  ૫. ડીગબં - ________

૩. કોળબા - ________  ૬. ડીરકચ - ________

(ક) ફકરામાંથી ગણો અને લખો. 10.3.1

૧. એક અક્ષરવાળા શબ્દો - ૧  ૨. બે અક્ષરવાળા શબ્દો - ____

૩. ત્રણ અક્ષરવાળા શબ્દો - ____  ૪. ચાર અક્ષરવાળા શબ્દો - ____

૩૧. સાંભળીને લખો. 10.8.1

ભ, ય, ધ, ફ, ઓ, ઔ, ો, ૌ આધારિત છ શબ્દો અને પાંચ વાક્યોનું શ્રુતલેખન કરાવો.

૧. ________  ૨. ________  ૩. ________

૪. ________  ૫. ________  ૬. ________

વાક્ય ૧ ________

વાક્ય ૨ ________

વાક્ય ૩ ________

વાક્ય ૪ ________

વાક્ય ૫ ________

શિક્ષકની સહી : ________ | A | B | C | તારીખ : ________

## ૩૨. આવું જ હોય! યોગ્ય શબ્દ નીચે √ કરો. 10.3.2

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | મધમાખી, | ધમખામી, | ધમામખી, | માધીમખ |
| ૨. | ઈપાલટ, | પાઇલટ, | ટઇલપા, | પાલઇટ |
| ૩. | ભમરડો, | મભરડો, | ભડોરમ, | ભમડોર |
| ૪. | હદળર, | હરદળ, | હરળદ, | હળદર |
| ૫. | તીતીડોઘો, | તીતીઘોડો, | તીડોતીઘો, | તીઘોડોતી |
| ૬. | અગજર, | અરજગ, | અજગર, | અરગજ |
| ૭. | દવારજો, | દરજોવા, | દજોવાર, | દરવાજો |
| ૮. | સરરોવ, | સવરોર, | સરોવર, | સરવરો |
| ૯. | તાણુંપ, | તાપણું, | તાઈપણું, | પતાઈણું |



## ૩૩. મેદાનની રમત ભરતી-ઓટ.

9.4.1, 9.4.2

આ રમત ભરતી અને ઓટના અભિનયની છે. આ રમતથી બાળકોને એકબીજા સાથે તાલ મિલાવવાની તાલીમ મળે છે. દસ-વીસ બાળકોને એક હારમાં હાથ પકડીને ઊભાં રાખો. તમે 'ભરતી' કહો ત્યારે 'હૂહૂહૂહૂ' એવા ઊંચા અવાજે બાળકોને પાંચ પગલાં આગળ દોડવા કહો. આ દશ્ય મોજા જેવું લાગશે. તમે 'ઓટ' કહો ત્યારે બધાં બાળકોને 'હં...' એવા ધીમા અવાજે પાછળ જઈ ઘૂંટણિયે બેસી જવા કહો.

## ૩૪. હસાહસાટ

વિજુ : તું તારી મમ્મીનું કહ્યું માને છે?

ભાનુ : મમ્મી કહે એનાથી પણ વધારે!

વિજુ : કેવી રીતે?

ભાનુ : મમ્મી અડધી ચૉકલેટ ખાવાનું કહે તો હું આખી ખાઈ જાઉં છું.



## ૩૫. ફરી યાદ કરીએ...!

(૧) ભ, ય, ધ, ફ માંથી કયો અક્ષર સૌથી પહેલાં લખતાં આવડી ગયેલો?
(૨) અક્ષરથપ્પો રમતી વખતે શાની મજા પડી?
(૩) ચિત્ર કેલેન્ડર જોઈ તમને તમારા પરિવારનું શું યાદ આવ્યું?
(૪) 'મોટ્ટો મોટ્ટો થાઉં'ની કઈ લીટી યાદ રહી ગઈ?
(૫) આ એકમ દરમિયાન અગાઉના કયા કયા અક્ષરોનો ઉપયોગ કર્યો?
(૬) વિજયની જેમ તમે પણ ઘરમાં કશી મદદ કરો છો? કઈ?
(૭) દફતર થપથપાવવાની પ્રવૃત્તિ કેવી લાગી?
(૮) ભરતી અને ઓટની રમતમાં કેવી મજા પડી?

### આટલું તો આવડે છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ |
| ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ |
| ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ |

### એકમ - ૮ માટેની પૂર્વતૈયારી...

- ચિત્ર કેલેન્ડર
- વાર્તાના પાત્રોનાં મહોરાં
- ઢ, ઠ, શ, થ, ં ના અક્ષરકાર્ડ, શબ્દકાર્ડ
- FLN શબ્દમિલાપ પેટી
- સ્કેચપેન, પેન્સિલ
- વર્ગ પુસ્તકાલયની વાર્તાપુસ્તિકાઓ
- સંગીતનાં સાધનો

શિક્ષકની સહી : ..........................
તારીખ : ..........................

વાલીની સહી : ..........................
તારીખ : ..........................


 દોરો : ઢ ઠ ઢ ઠ 

# આટલું શીખી લઈએ

૧. ચિત્ર સાથે વાક્ય જોડો.



મને ભારતમાતાની સેવા કરવી ગમે.



યતિન મારો શાળાનો મિત્ર છે.



મારા ઘર પર ધજા ફરકે છે.



દિવાળીમાં ફટાકડા ફોડવા કરતાં મીઠાઈ ખાવી વધુ સારી.



મધ કુદરતી ઔષધ છે.



દાદા-દાદી ઓટલે બેસી વાતો કરે છે.

૨. અક્ષરો ઓળખી તેને ફરતે વર્તુળ કરી બાજુમાં તે શબ્દ ફરીથી લખો.

ભ : ભમરડો, આભ, ભડકો, ભજન ________ ________ ________ ________

ય : યતિન, નિલય, યમરાજ, નિયમ ________ ________ ________ ________

ધ : ધરતી, ધરમ, ધજા, ધમધમ ________ ________ ________ ________

ફ : ફરજ, ફટાકડા, સાફ, ફાફડા ________ ________ ________ ________

 દોરો : ઠ ઢ ઠ ઢ 

૩. અક્ષરોને માત્રા લગાવી લખો અને વાંચો.

| ભ | ભા | ભિ | ભી | ભુ | ભૂ | ભે | ભૈ | ભો | ભૌ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ભ | | | | | | | | | |
|ય | | | | | | | | | |
| ધ | | | | | | | | | |
| ફ | | | | | | | | | |

૪. કોષ્ટકમાંથી યોગ્ય અક્ષરો સાથેના શબ્દો બનાવી લખો.

| | | | |
|---|---|---|---|
| ધ | મા | લ | ચૌ |
| જા | ફૂ | લ | દ |
| ભ | મ | રો | ભા |
| ખે | લૈ | યો | ર |

૫. શબ્દો વાંચી લખો.

ચોપડી મોગરો રોટલી

નૌકા ચૌદ યાદ

ધવલ ફાનસ સફળ

૬. વાક્યો વાંચી લખો.

ધજા ફરકે છે.

ખેલૈયો રમે છે.


લાઈટ જતાં ફાનસ કામ આવે છે.

ભમરો ફૂલ પર બેસે છે.

# ૮. બળિયો ભીમ

૧. ગીત ગાઈએ. (પઠન, ગાન, ઝીલગાન, સમૂહગાન) 9.1.1, 9.1.3

## ઢોલકપુરનો ભીમ





ઢોલકપુરનો બળિયો ભીમ
શરણાઈપુરનો શશી
ઢોલ વગાડે ઢમ ઢમ ઢમ
ને ગીતો ગાતાં હસી.





ભીમભાઈની ભારે કાયા
ભૂખ લાગી કકડીને
બોરડીનું થડ હલાવે
બેઉ હાથે પકડીને

બોરાં પડતાં ટપ ટપ ટપ
શશી વીણતો પટ પટ પટ
નવ નવ બોરના કીધા ભાગ
ખાતાં નીકળ્યા ઠળિયા આઠ.





નવમો ઠળિયો જડ્યો નહિ
પણ ધરાઈ ગયો શશી
"ઠાંસી લઈએ બીજાં થોડાં?"
પૂછ્યું ભીમે પછી.

શશી હસી

 વાંચો : કકડીને ભૂખ લાગી. 

## ૨. ચિત્ર જુઓ.

9.3.1 ચિત્ર કેલેન્ડરનો ઉપયોગ કરો.



### વાતચીત

- આ ચિત્રમાં તમને સૌથી વધારે શું ગમ્યું?
- બગીચામાં કેટલાં બાળકો છે?
- બાળકો કઈ કઈ રમત રમી રહ્યાં છે?
- તમને સૌથી વધારે કઈ રમત રમવી ગમે? શા માટે?
- ચિત્રમાં બાળકો અને મોટેરાં સિવાય બીજું શું શું દેખાય છે?
- તમને કોની સાથે બગીચામાં જવું ગમે?
- આ ચિત્રમાં દેખાય છે એ સિવાય બગીચામાં બીજું શું શું હોય તો તમને વધુ મજા પડે?
- એક છોકરો અને છોકરી દોડી રહ્યાં છે, તેઓ કેમ દોડતાં હશે?
- બાળકો અને ફુગ્ગાવાળા પાસે મળી કેટલા ફુગ્ગા થશે?

### ૩. યાદ કરો, કહો, ઓળખો અને લખો.

9.3.2

**વિદ્યાર્થીઓ પોતાનાં તોફાન વિશે વર્ગમાં વાત કરે એ પહેલાં તમારા નાનપણનાં બે-ત્રણ રસપ્રદ તોફાનો વિશે વાત કરો. ત્યારબાદ વિદ્યાર્થીઓને એક પછી એક ઊભા કરી તેમનાં તોફાન વિશે વાત કરવા જણાવો. વર્ગમાં દરેક બાળકોનાં તોફાન વિશે થયેલ ચર્ચા બાદ સૌથી વધુ તોફાની કોણ છે? તે નક્કી કરવા કહો. વર્ગના આ તોફાની બાળકનું નામ નીચે આપેલ ખાલી જગ્યામાં લખવા કહો.**

- આપણા વર્ગમાં સૌથી વધુ તોફાની બાળક કોણ? ..............................

### ૪. વાર્તા સાંભળીએ.

9.3.1, 9.5.1

## બળિયો ભીમ

હસ્તિનાપુર નામનું નગર હતું. આ નગરમાં એકસો પાંચ રાજકુમાર રહેતા હતા. પાંચ પાંડવ અને સો કૌરવ.

પાંચ પાંડવ એટલે યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, સહદેવ, નકુલ. સો કૌરવ એટલે દુર્યોધન અને તેના નવ્વાણું ભાઈઓ. નાના નાના રાજકુમારો ખાય, પીએ, રમે અને મજા કરે. એકવાર પાંચેય પાંડવ બગીચામાં રમતા હતા. એટલામાં દુર્યોધન અને તેના નવ્વાણું ભાઈઓ આવ્યા. દુર્યોધન અને તેના બીજા ભાઈઓને પાંડવો જરાય ન ગમે. એમાંય ભીમ માટે કૌરવોના મનમાં બહુ જ ખીજ. કૌરવો હંમેશાં પાંડવોને હેરાન કરવાની તક જ શોધતા હોય.

એક દિવસની વાત છે. દુર્યોધન પાંડવોને કહે, "ચાલો, આપણે ભેગા મળીને આંબલીપીપળી રમીએ." ભીમ અને અર્જુને રમવાની ના પાડી, પરંતુ યુધિષ્ઠિરે કહ્યું, "હા, ચાલો, આપણે સાથે રમીએ." યુધિષ્ઠિરની વાત બધા પાંડવ માને. રમવાનું શરૂ થયું. કૌરવોએ એવું વિચાર્યું કે ભીમને દાવ આપવો અને આપણે ઝાડ પર ચઢી જવું. એ જાડિયો તો ઝાડ પર ચડી જ નહિ શકે, મજા આવશે! ભીમનો દાવ આવ્યો ત્યારે કૌરવો તો ભીમને ખીજવવા લાગ્યા.

"જાડિયો જાડિયો જાડિયો ભીમ,
ઝાડ પર એ ચઢશે કેમ?
આંબલીપીપળીનો દાવ દેવા
આપણને એ અડશે કેમ?"

ભેગુ લખો : આં બ લી પી પ ળી : ..............................



ભીમ વિચારમાં પડ્યો, "વાત તો સાચી, હું ઝાડ પર કેવી રીતે ચઢું?"

ત્યાં તો કૌરવો ફરીથી બોલવા લાગ્યા :

"કોઈના ટેકે ચઢશે તો પણ,
ફેરો એનો ફોગટ જશે,
ઝાડની ડાળીએ પગ મૂકશે તો
ડાળી સાથે નીચે જશે."

ભીમને બહુ ગુસ્સો આવ્યો. એણે તો જોરથી બૂમ પાડી. એના મોટા અવાજથી એક-બે કૌરવો તો ધ્રૂજવા લાગ્યા. ભીમે પોતાનો હાથી જેવો પગ પછાડ્યો. ધરતી ધ્રૂજી. બે-ત્રણ કૌરવો તો 'ઓ મા રે...' કરીને નીચે પડ્યા. ભીમ હજુ પણ ગુસ્સામાં હતો કારણ કે દુર્યોધન અને દુઃશાસન હજુ ઝાડ પર હતા અને ભીમને ખીજવતા હતા. ગુસ્સામાં ને ગુસ્સામાં ભીમે ઝાડના થડને જોરથી એક મુક્કો માર્યો. આખું ઝાડ ધ્રૂજી ગયું. ચાર-પાંચ કૌરવો તો 'મરી ગયા ઓ મા રે...!' બોલતાં નીચે પટકાયા. આ જોઈને ભીમને યુક્તિ સૂઝી. એણે તો ઝાડના થડને બાથમાં પકડીને જોરથી હલાવવાનું શરૂ કર્યું. આખું ઝાડ હિલ્લોળા લેવા માંડ્યું. ઝાડ હલવાથી દુર્યોધન, દુઃશાસન અને બાકીના બધા કૌરવો ઝાડ પરથી ટપોટપ નીચે પછડાયા. દુર્યોધન તો ઊંધે માથે પડ્યો. ભીમ દુર્યોધનને અડી ગયો. દાવ દુર્યોધન પર આવી ગયો. ભીમ ખુશ થઈ ગયો.

 લખો : ઝા ડની ડા ળી એ : ........................................ 

## વાતચીત

- આ વાર્તામાં કઈ બાબત તમને ખૂબ ગમી?
- વાર્તામાં શું થયું ત્યારે તમને મજા પડી ગઈ?
- રાજકુમાર કોને કહેવાય?
- તમને તમારાં ભાઈબહેન કે મિત્ર પર ખીજ ચડે છે? ક્યારે?
- તમને કોઈના પર ખીજ ચડે ત્યારે તમે શું કરો છો?
- આંબલીપીંપળીની રમત કેવી રીતે રમાય? કોઈને ખબર ન હોય તો શિક્ષક રમત વિશે કહેશે.
- તમે તમારાં ભાઈબહેન કે મિત્ર સાથે બીજી કઈ કઈ રમતો રમો છો?
- તમને કોઈએ ખીજવ્યા છે? કેવી રીતે? પછી તમે શું કરેલું? કોઈ તમને ખીજવે ત્યારે તમને કેવું લાગતું હોય છે?
- તમે કોઈને ખીજવો ત્યારે તેને કેવું લાગતું હશે?



### ૫. ફરી વાર્તા સાંભળીએ. શિક્ષક પૂછે તે પ્રશ્નોના મૌખિક જવાબ આપીએ. 10.5.3

૧. પાંડવો કેટલા હતા?
૨. પાંડવો સિવાયના રાજકુમારો શું કહેવાતા?
૩. કૌરવોને પાંડવોમાંથી કોણ જરાય નહોતો ગમતો?
૪. દુર્યોધને પાંડવોને શું રમવા કહ્યું?
૫. યુધિષ્ઠિરની વાત કોણ કોણ માનતું હતું?
૬. ભીમનો દાવ આવ્યો ત્યારે કૌરવો ક્યાં ચઢી ગયા?
૭. ભીમને ખીજવવા કૌરવોએ ગાયેલું ગીત તમને યાદ છે? જો યાદ હોય તો જેટલી આવડે તેટલી લીટીઓ ગાઓ.
૮. ભીમ ઝાડ પર કેમ નહોતો ચઢી શકતો?
૯. બહુ ગુસ્સો આવ્યો ત્યારે ભીમે શું કર્યું?
૧૦. દુર્યોધન અને દુઃશાસનને પાડવા ભીમે શી યુક્તિ કરી?
૧૧. છેલ્લે કોના પર દાવ આવ્યો? કેમ?



### ૬. રમો.

10.5.3

વિદ્યાર્થીઓને વર્તુળમાં ઊભા રાખો, એક-એક વાક્ય બોલો. વાર્તાના આધારે જો વાક્ય સાચું હોય તો ભીમની જેમ પગ પછાડવાનો અભિનય કરવા કહો. જો વાક્ય ખોટું હોય તો કૌરવો ઝાડ પરથી નીચે પડતા 'ઓ મા રે...' બોલતા હોય તેવો અભિનય કરવા કહો.

૧. આ વાર્તામાં હસ્તિનાપુરના રાજકુમારોની વાત છે.
૨. યુધિષ્ઠિરને નવ્વાણું ભાઈઓ હતા.
૩. દુર્યોધનને કૌરવો સાથે આંબલીપીપળી રમવી હતી.
૪. ભીમ બહુ તાકાતવાળો હતો.
૫. ભીમે ઝાડ પર ચડીને બધા કૌરવોને નીચે પાડી દીધા.
૬. યુધિષ્ઠિરની વાત બધા પાંડવો માનતા હતા.
૭. પાંડવો બગીચામાં કામ કરતા હતા.
૮. ભીમે જોરથી બૂમ પાડી.
૯. ભીમે દુર્યોધનને બાથમાં પકડી લીધો.
૧૦. છેલ્લે દુર્યોધન આઉટ થઈ ગયો.

### ૭. વાંચો. વાર્તામાં તે માટે વપરાયેલા શબ્દો શોધીને લખો.

- નગરનું નામ ..................
- સૌથી મોટો પાંડવ ..................
- ઝાડ પરથી પડ્યા ..................
- સૌથી મોટો કૌરવ ..................
- કૌરવો પર ગુસ્સે થતાં ભીમને સૂઝી ..................
- દુર્યોધનના કેટલા ભાઈઓ ..................

### ૮. વાક્યોને વાર્તાની ઘટના મુજબ ક્રમ આપી વાક્યોનું સાચા ક્રમમાં સુલેખન કરો. 10.5.3

૧. સૌથી મોટા કૌરવ પર દાવ આવી ગયો. ☐
૨. કૌરવો ભીમને ખીજવવા લાગ્યા. ☐
૩. કૌરવો અને પાંડવો સાથે રમતા હતા. ☐
૪. ભીમ ઝાડના થડને હલાવવા લાગ્યો. ☐

- યોગ્ય ઘટનાક્રમ અનુસાર વાક્યોનું સુલેખન.

૧. ..................
૨. ..................
૩. ..................
૪. ..................

શિક્ષકની સહી : __________ | A | B | C | તારીખ : __________

 ગોઠવો : નામ તારું શું? .................. (છોતેર)




10.3.1

વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે તેમને ચાર જૂથમાં વહેંચો. ચારેય જૂથને ઢ, ઠ, શ, થ અક્ષરનાં એક-એક કાર્ડ આપી ઊભા રાખો. (ફ્લૅશકાર્ડનો ઉપયોગ કરો.) હવે, 'ઢોલકપુરનો ભીમ' ગીત ગાઓ. ગીતમાં જ્યારે જે જૂથના અક્ષરકાર્ડવાળો અક્ષર આવે ત્યારે અને જેટલી વાર તે અક્ષર આવે તેટલી વાર તે જૂથને કૂદકા મારવા કહો. જેમ કે, 'ઢોલકપુરનો બળિયો ભીમ' લીટીમાં એક વખત 'ઢ' આવે છે, તો ત્યારે 'ઢ' અક્ષરકાર્ડવાળું જૂથ એક વખત કૂદકો મારશે. આખા ગીતના અંતે વિદ્યાર્થીઓને પૂછો કે કયા જૂથે સૌથી વધુ કૂદકા માર્યા?

- કહો / કરો.

૧. 'ઢ' અને 'ઠ' માં શું સરખું છે? શું જુદું છે?

૨. 'શ' અને 'થ' માં શું સરખું છે? શું જુદું છે?

૩. 'ઢોલકપુરનો ભીમ' ગીતમાં જુઓ. તેમાં

- 'ઢ' પર ◯ કરો.
- 'ઠ' પર △ કરો.
- 'શ' નીચે ___ કરો.
- 'થ' પર □ કરો.
- 'ટપકું' હોય તે શબ્દો નીચે ⟶ કરો.



૧૦. 'ગોતી લો' રમો.

10.3.1

આ શબ્દોમાંથી કોઈ એક શબ્દ બોર્ડ પર લખો. મોટેથી એ શબ્દ વાંચો. વિદ્યાર્થીઓને તેમાં 'ઢ' ક્યાં છે તે બતાવવા કહો. દા.ત., 'ઢોલક'. ત્યારબાદ 'ઢમક' શબ્દ લખી 'ઢ' બતાવવા કહો. આ રીતે શબ્દો ઉમેરતા જાઓ. આ જ રીતે 'ઠ', 'શ' અને 'થ' ની ઓળખ કરાવો.

'ગોતી લો' રમત રમાડો.

શબ્દોમાંથી ઢ,ઠ,શ,થ અક્ષરો શોધવાના છે.

| ઢ | ઠ | શ | થ |
|---|---|---|---|
| ઢમકઢમક | ઠળિયો | શક્કરટેટી | હથેળી |
| ઢમઢોલ | ઠચૂકઠચૂક | શાક | થાંભલો |
| કઢી | કઠણ | શાબાશ | પથારી |
| ઢાંકણી | ઠાગાઠૈયા | મીઠાશ | માથું |
| દાઢી | ઠાઠમાઠ | દિશા | રથ |
| ઢોકળાં | ઠીકઠાક | કશુંક | હાથ |

**૧૧.તીરની નિશાનીની દિશામાં આંગળી ફેરવો.** 10.3.1



 **લખો :** ઢમઠમઠમઢમ : ........................................ (ઇઠ્યોતેર)

## ૧૨. જુઓ અને લખો.



બાળકોને ઢ, ઠ, શ, થ ત્રણ વાર બોલવા કહો. ત્યારબાદ તેમને તીરની નિશાની મુજબ પેન્સિલ ચલાવવા કહો.

10.3.1

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઢ | ઢ | ઢ | ઢૌ | ઢં | ઢે | ઢો | ઢ | ઢી | ઢૌ | ઢં |
| | ઢ | | | | | | | | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઠ | ઠ | ઠ | ઠૌ | ઠં | ઠે | ઠો | ઠ | ઠી | ઠૌ | ઠં |
| | ઠ | | | | | | | | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શ | શ | શ | શૌ | શં | શે | શો | શ | શી | શૌ | શં |
| | શ | | | | | | | | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| થ | થ | થ | થૌ | થં | થે | થો | થ | થી | થૌ | થં |
| | થ | | | | | | | | | |

 વાંચો : તા થૈયા થૈયા તા થૈ... 

૧૩. ફરીથી 'ગોતી લો' રમો. 10.3.1

ં

| | | | |
|---|---|---|---|
| આંબલી | જાંબુ | લોખંડ | ડુંગર |
| પલંગ | છલાંગ | લંબુ | ઠંડું |
| ચંપલ | અંબાજી | ઉંદર | ઊંટ |

૧૪. ગોળ કરો અને લખો. 10.3.1

વિદ્યાર્થીઓને શબ્દમાંથી જે તે અક્ષર શોધી ગોળ કરવા કહો. ત્યારબાદ બૉક્સમાંથી એ અક્ષર મુજબના શબ્દો શોધી લખવા કહો.

શંકા, ઠુમકો, ઢોલિયો, થેપલાં, ઠાકર, ઢંઢેરો, કોઠો, મઢૂલી, શશાંક, શૈલી, થાંભલો, થપ્પો, ખંડેર, લંગડી, પલંગ

ઢ - ગઢેડા ઢગલો ઢાલ ઢમઢમ પાવાગઢ મઢૂલી ........ ........

ઠ - મેરઠ જઠર સોરઠ ઠપકો ઠળિયો ........ ........ ........

શ - છાશ શરણાઈ શરણ શક્કરિયું શાબાશ ........ ........ ........

થ - થડ થાળી હાથ પાથરવું થનગનાટ ........ ........ ........

અં - અંજના મંગળ નણંદ અનંત વાળંદ ........ ........ ........

શિક્ષકની સહી : ____________ | A | B | C | તારીખ : ____________

૧૫. ચિત્ર જુઓ, શબ્દ લખો. વાંચો. 10.3.1, 10.3.2



ઢો + લ = ઢોલ



☐ ☐ → ☐



☐ ☐ ☐ → ☐



☐ ☐ → ☐

## ૧૬. સૂનો, ઢૂંઢો, નિકાલો.

10.3.1

- કોષ્ટકમાં આપેલ શબ્દો બોલો.
- વિદ્યાર્થીઓને ઢ, ઠ, શ, થ, ' ં ' અનુસ્વારવાળા અક્ષર પર છેકો મારવા કહો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ઠંડી | ટાઢ | ઢાંકણ | કંચન | બંધન | ખંજરી | ગુંજન |
| અંજીર | પતંગ | અંચાઈ | કઠણ | ઠળિયો | થનગન | છાશ |
| શરણાઈ | ઠેકડો | બેઠક | અંગૂઠો | મીઠું | શાક | ચંપલ |
| ઊઠો | કોઢ | બંસી | કઢી | થાળી | ઢગલો | થાળી |

- **પ્રવૃત્તિ નં. ૧૬ પૂર્ણ કરી 'ઢ', 'ઠ', 'શ', 'થ' વાળા શબ્દોની સંખ્યા લખો.**

૧. 'ઢ' વાળા શબ્દોની સંખ્યા ☐ ૨. 'ઠ' વાળા શબ્દોની સંખ્યા ☐

૩. 'શ' વાળા શબ્દોની સંખ્યા ☐ ૪. 'થ' વાળા શબ્દોની સંખ્યા ☐



## ૧૭. ફકરો વાંચો.

10.2.1, 10.4.1

સો કૌરવ અને પાંચ પાંડવની આ વાત છે. કૌરવોને પાંડવો ગમતા નહોતા. વળી, ભીમ સહેજે ગમતો નહોતો. એક દિવસ બધા ભેગા મળી આંબલીપીંપળી રમતા હતા. ભીમથી ઝાડ પર ચઢાયું નહીં. તે ઝાડ હલાવવા માંડ્યો. બધા કૌરવ નીચે પડ્યા. ભીમ રાજી રાજી થઈ ગયો.

- **અભિનય કરો.**

૧. ભીમ દાવ લે છે. ૨. ભીમ પગ પછાડે છે.

૩. ભીમ થડ હલાવે છે. ૪. ભીમ રાજી થાય છે.

 **ગોઠવો :** છે દાવ ? કોનો : ..................................................... 

• હવે, આ ફકરાનું સુલેખન કરો.



## ૧૮. ચાલો, કવિતા ગાઈએ.

9.1.2, 9.7.1


### ધરતી ધમધમતી





હું તો દોડું ત્યાં, ધરતી ધમધમતી,
મારા પગ કેરી ઘૂઘરી રૂમઝૂમતી... હું તો દોડું
પેલાં ઊડે પતંગિયાં રંગબેરંગી,
ક્યારે દોડીને થાઉં એની સંગી,
જરી દોડું ત્યાં, ધરતી ધમધમતી... હું તો દોડું
પેલા આભલે વાદળી વરસી જતી,
એની પાછળ પડું એમ સરકી જતી,
બૂમ પાડું ત્યાં ધરતી ધમધમતી... હું તો દોડું
મારે આંગણે મોરલે કળા કરી,
મને જોવાની કેવી મજા પડી,
જરા નાચું ત્યાં ધરતી ધમધમતી... હું તો દોડું
ઊગ્યો ચાંદો ને રાત થઈ અજવાળી,
અમે ભાઈ ને બેન રમ્યાં સાતતાળી,
વીરો નાસે ત્યાં ધરતી ધમધમતી... હું તો દોડું







## વાતચીત

- ગીતની કઈ પંક્તિ ગાવાની તમને વધુ ગમી? ગાઈ બતાવો.
- 'ધરતી ધમધમ થવી' એટલે ખરેખર શું થતું હશે?
- ગીતમાં બહેનને દોડીને રંગબેરંગી પતંગિયાંની દોસ્ત બની જવાનું મન થાય છે, તમને કોના દોસ્ત બનવાનું મન થાય છે?
- 'વાદળી સરકી જાય' એટલે ખરેખર એ ક્યાં જતી હશે?
- ગીતમાં બહેનને કળા કરતો મોર જોવાની મજા પડે છે, તમને શામાં મજા પડે છે?
- ગીતમાં ભાઈબહેન સાતતાળીની રમત રમે છે, તમે તમારાં ભાઈબહેન સાથે કઈ કઈ રમતો રમો છો?
- જ્યારે તમે દોડો છો ત્યારે શું થાય છે? અવાજ આવે છે? કેવો? બોલી બતાવો.



### ૧૯. આવું થાય ત્યારે કેવો અવાજ થાય કહો...

- હાથી ચાલે ત્યારે
- વરસાદ જોરથી પડે ત્યારે
- મમ્મી કપડાં ધૂએ ત્યારે
- હવા જોરથી ફૂંકાય ત્યારે

### ૨૦. કોણ શું કરે? જોડકાં જોડો. 10.6.1

| | (અ) | (બ) |
|---|---|---|
| ૧. | ધરતી | સરકે |
| ૨. | ઘૂઘરી | ઝૂમેઝૂમે |
| ૩. | વાદળી | સાતતાળી રમે |
| ૪. | મોર | ધમધમે |
| ૫. | ભાઈબહેન | કળા કરે |



સાચું શું? : ધૂધરી / ઘૂઘરી / ઘૂધરી

૨૧. ચિત્ર જુઓ. તેને લગતી પંક્તિ ગીતમાંથી શોધીને લખો. 10.8.3

૧. 

૨. 

૩. 

૪. 

૫. 

૨૨. અક્ષરની આસપાસ આપેલી માત્રા મૂકી લખો અને વાંચો. 10.3.1

| | ા | િ | ી | ુ | ૂ | ે | ૈ | ો | ૌ | ં |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ | આ | ઈ | ઈ | ઉ | ઊ | એ | ઐ | ઓ | ઔ | અં |
| શ | શા | શિ | શી | શુ | શૂ | શે | શૈ | શો | શૌ | શં |
| ઢ | | | | | | | | | | |
| ઠ | | | | | | | | | | |
| થ | | | | | | | | | | |

 વાંચો : ભફાંગ થઈ ગયું. 



## ૨૩. વાંચીમાર રમત રમો.

9.4.2

- અગાઉના એકમમાં આવતા અક્ષરવાળા શબ્દ-વાક્ય લઈ આ રમત રમાડવી.

## ૨૪. સાંભળીને લખો.

10.3.2, 10.7.1, 10.8.1

ઢ, ઠ, શ, થ, અં, ' ˙ ' આધારિત છ શબ્દો અને ત્રણ વાક્યોનું શ્રુતલેખન કરાવો.

૧. ............ ૨. ............ ૩. ............

૪. ............ ૫. ............ ૬. ............

વાક્ય ૧ ............

વાક્ય ૨ ............

વાક્ય ૩ ............

શિક્ષકની સહી : ____________ | A | B | C | તારીખ : ____________

## ૨૫. ચિત્ર જુઓ. તેની સામે આપેલા વાક્યમાંથી ખોટો શબ્દ છેકો. સાચું વાક્ય લખો.

10.2.1, 10.8.3

૧. આ શંખ સફેદ/રંગીન છે.



............

૨. હથોડી ઊંચકી જુઓ, પેનથી પણ ભારે/હલકી છે.



............

૩. થાળીમાં પૂજાપો છે, તો થાળી ખાલી/ભરેલી કહેવાય.



............

૪. રેતીનો મોટો/નાનો ઢગલો તો પહાડ જેવો લાગે.



............

૫. માએ કહ્યું, "બોર સાચવીને ખાજે, ઠળિયો નાનો/મોટો છે, ગળી ન જવાય."



............

 વાંચો : ચાંખી પંખી ડાબા ડંખી 

## ૨૬. ગાઓ.

ગવડાવો અને અક્ષરો ફરતે ◯ કરવા કહો. 9.1.3, 10.3.1

• ટ, ઠ, ડ, ઢ અક્ષર પર ◯ કરો.

| | | |
|---|---|---|
| ૧. ધોળું ધોળું દૂધ | ૨. ઢોલ ઢબૂકે ઢમઢમ | ૩. ડમ ડમા ડમડમ |
| ભીનું ભીનું પાણી | હાથી ચાલે ધમધમ | ઢમ ઢમા ઢમઢમ |
| ટાઢો ટાઢો બરફ | ધજા ફરકે ફરફર | ઢોલ વાગે ઢમઢમ |
| મીઠી મીઠી વાણી | પતંગ ઊડે સરસર | ડમરુ વાગે ડમડમ |

## ૨૭. વાંચો અને જવાબ લખો. 10.3.2

૧. ધરતી ફેરફૂદરડી ફરતી હતી એટલે 'ભફ' દઈને પડી.

- કોણ પડી? ..........
- પડવાનો અવાજ કેવો આવ્યો? ..........
- 'ફ' કેટલી વાર છે? ..........

૨. ભરતને ગીત યાદ નહોતું એટલે ફોરમે ગાયું.

- ગીત કોણે ગાયું? ..........
- ગીત કોને યાદ હતું? ..........
- 'ય' કેટલી વાર છે? ..........

૩. નિશાળમાં વેશભૂષા હરીફાઈ હતી એટલે શીતલ શણગાર સજીને નીકળી.

- શીતલે કઈ હરીફાઈમાં ભાગ લીધો છે? ..........
- શીતલ ઘરેથી નીકળીને ક્યાં જશે? ..........
- 'શ' કેટલી વાર છે? ..........

શિક્ષકની સહી : ____________ | A | B | C | તારીખ : ____________


## ૨૮. ફકરો વાંચો. જવાબ લખો. 10.4.1

એક સિંહ. તેનું નામ કેસરી. એણે એક ખાલી ગુફા જોઈ. તે ગુફા શિયાળની હતી. શિયાળનું નામ ડિપુ. સાંજે ડિપુ ઘરે આવ્યો. ઘરની આગળ તેણે પગલાં જોયાં.

ડિપુ કહે, "વહાલી ગુફા, આઈ એમ એટ હોમ."

સિંહ હળવા અવાજે કહે, "વેલકમ."

શિયાળ તરત નાસી ગયું.



 લખો : ઢમઢમઢમઢમ : .......... 

• લખો.

૧. કોનું નામ 'કેસરી' હતું? ____________ નું

૨. કોનું નામ 'ડિપુ' હતું? ____________ નું

૩. આ ફકરામાં ો વાળા શબ્દો નીચે લીટી કરો.

૪. ગણી કાઢો કે ફકરામાં કેટલા છે : 'હ' વાળા શબ્દ : ____________

'ઘ' વાળા શબ્દ : ____________

'ફ' વાળા શબ્દ : ____________

'ય' વાળા શબ્દ : ____________

૫. 'ળ' વાળા શબ્દો લખો : ____________ ____________ ____________

• સાચી રીતે લખો.

૧. સિંહનુંનામકેસરીહતું. ____________

૨. ગુફાશિયાળનુંઘરકહેવાય. ____________

૩. ગુફાઆગળસિંહનાંપગલાંહતાં. ____________

• રંગીન પેનથી આ રીતે શબ્દો લખો.

કેસરી : કેસરી  શિયાળ : ____________  સિંહ : ____________

ગુફા : ____________  અવાજ : ____________  વહાલી : ____________

10.4.1




ખેતરમાં મૂળો રોપીને દાદાએ ગાયું.

"મૂળા મૂળા ખૂબ વધજે.

મોટો મોટો થાજે."

તે મૂળાને કૂતરાએ પાણી પાયું.

ભાણી અને દાદીએ પણ પાણી પાયું.

મૂળો વધીને પૂળા જેવડો થઈ ગયો.

 વાંચો : મૂળા જેવો પૂળો, પૂળા જેવો મૂળો 

- લખો.

૧. ' ્ ' કેટલી વાર છે? ..........

૨. 'ણ' વાળા શબ્દ : .......... .......... ..........

૩. 'ય' વાળા શબ્દ : .......... .......... ..........

- ફકરામાં બધા ' ે ', ' ા ' અને ' ્ ' પર ◯ કરો.

### ૩૦. જોડકાં જોડો. વાંચો.

| | |
|---|---|
| ૧. મારી ઉંમર | આવડે છે. |
| ૨. આ ચોપડી | છ વરસ છે. |
| ૩. મને વાંચતાં | ગણું છું. |
| ૪. હું દાખલા | ગુજરાતીની છે. |

### ૩૧. જોડકાં જોડો.

| | | |
|---|---|---|
| ૧. તરસ લાગે | તો | ઊંઘી જવાય |
| ૨. ભૂખ લાગે | | હસી પડાય |
| ૩. ઊંઘ આવે | | ખાઈ લેવાય |
| ૪. હસવું આવે | | રડી પડાય |
| ૫. રડવું આવે | | પાણી પીવાય |

### ૩૨. ચોપડીઓ જોવા જઈએ. 10.9.2

વિદ્યાર્થીઓ શાળા-પુસ્તકાલયમાં લઈ જાઓ. તેમને બધી ચોપડીઓ જોવા દો. તેઓ ચોપડીઓ જોઈને જે વાતો કરે એ નોંધો. તેમની વાતોના આધારે

- ક્યું પુસ્તક ગમ્યું ?
- કેમ ગમ્યું ?
- મોટા થઈને ક્યું પુસ્તક વાંચશો ?

જેવી વાતચીત કરો.

### ૩૩. ચાલો રમીએ. 10.8.4

વાંચો

- બે ડગલા ચાલ
- ધીમે ધીમે દોડ
- બે તાળી પાડ
- એક લાડવો ખા
- પંખો બંધ કર
- ત્રણ ચપટી વગાડ
- જોર જોરથી હસ
- છાનું છાનું રડ
- પાચમું પાનુ ખોલ
- બધા દફતર ગોઠવ

ઉપરમાંથી કોઈ પણ પાંચ ચિઠ્ઠી બનાવો અને તે ચિઠ્ઠી પોતાના મિત્રને આપી મિત્રને તે અનુસાર કરવાનું કહો.

 છૂટું પાડો : હસરડવુંવું : .......... .......... 

## ૩૪. હસહસાટ

મચ્છરની મમ્મી : કેવું લાગ્યું પહેલી વાર ઊડવાનું?

બચ્ચું : મજા પડી. હું જ્યાં જ્યાં ઊડતો હતો ત્યાં ત્યાં માણસો તાળીઓ પાડતા હતા.



## ૩૫. ફરી યાદ કરીએ...!



(૧) 'ઢોલકપુરનો ભીમ' ગીતમાં બોર ખાતાં અંદરથી શું નીકળ્યું?

(૨) બળિયો ભીમ વાર્તામાં તમને કયું પાત્ર ખૂબ ગમ્યું?

(૩) રમતના મેદાનમાં તમે કઈ કઈ રમતો રમ્યા છો?

(૪) 'ધરતી ધમધમતી' એ ગીતમાં પતંગિયાં કેવાં હતાં?

(૫) આ એકમમાં કઈ પ્રવૃત્તિ તમને ખૂબ ગમી?

(૬) આ એકમમાં તમે કયા કયા અક્ષર શીખ્યા?

(૭) શું તમને લખવાની મજા પડી? ક્યારે?

(૮) 'ગોતી લો', 'સૂનો ઢૂંઢો નિકાલો', 'વાંચીમાર' - આ રમતોમાંથી તમને કઈ રમત ખૂબ ગમી?



### આટલું તો આવડે છે.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ |
| ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ | | | | |

શિક્ષકની સહી : .......................... વાલીની સહી : ..........................

તારીખ : .......................... તારીખ : ..........................

છૂટું પાડો : જાગવુંઊંઘવું: .............. ..............

# આટલું શીખી લઈએ

૧. ચિત્રનો શબ્દ વાક્યમાં મૂકો.



- ફૂંક મારવાથી મધુરી ______ વાગે.
- મંદિરમાં ______ વગાડવાની મજા પડે.
- મારા ઘરના ઝાડ પર ______ હૂપાહૂપ કરતો હોય છે.
- મારા દાદા મને ______ રમતાં શીખવે છે.
- ______ માં ચા ગરમા ગરમ રહે છે.
- નવરાત્રીમાં ______ ના તાલે રાસ રમવાની મજા પડે.
- ______ કઠણ હોય છે.
- મારી બહેને મેળામાંથી લાલ લાલ ______ ખરીદી.

૨. અક્ષરો ઓળખી તેને ફરતે વર્તુળ કરી બાજુમાં તે શબ્દ ફરીથી લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ઢ | : | અઢળક | ઢમઢમ | ઢસરડો | ______ | ______ | ______ |
| ઠ | : | મઠ | કઠણ | ઠેકડો | ______ | ______ | ______ |
| શ | : | શંખ | શેતરંજી | શરમ | ______ | ______ | ______ |
| થ | : | સંગાથ | થડ | નાથ | ______ | ______ | ______ |
| અં | : | અંગત | અંશ | અંદર | ______ | ______ | ______ |



છૂટું પાડો : ચડવુંપડવું: ______ ______

૩. અક્ષરને માત્રા લગાવી લખો અને વાંચો.

| ઢ | ઢા | ઢિ | ઢી | ઢુ | ઢૂ | ઢે | ઢૈ | ઢો | ઢૌ | ઢં |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હ | | | | | | | | | | |
| ઠ | | | | | | | | | | |
| શ | | | | | | | | | | |
| થ | | | | | | | | | | |

૪. કોષ્ટકમાંથી યોગ્ય અક્ષરો સાથેના શબ્દો બનાવી લખો.

| | | | |
|---|---|---|---|
| પં | ખી | થ | ડ |
| રં | મ | ઠ | શ |
| ગ | વા | ન | ર |
| ઢીં | ગ | લી | મ |

મઠ

૫. વાક્યો વાંચો અને લખો.

- પાયલના આંગણે પંખીઓ રમવા આવે.
- સંગીતાની ઢીંગલીએ સફેદ સાડી પહેરી.
- થડ હલાવતાં બોરનો ઢગલો થઈ ગયો.
- મંદિરે સવાર-સાંજ શંખ વગાડાય છે.
- શશીબેને શકોરામાં શીરો લીધો.

 લખો : ૫૫૫૫ : (એકાણું)

૬. ચિત્રનો શબ્દ વાક્યમાં લખી યોગ્ય વાક્ય બનાવી વાંચો.



- મારા ઘરના મંદિરમાં સફેદ .................. છે.



- કનુકાકા દીવાલમાં .................. થી ખીલી મારી આપે છે.



- ભાવતાં ભોજન .................. માં લઈએ છીએ.



- રેતીનો મોટો .................. પહાડ જેવો લાગે છે.

- ફકરાની નીચે આપેલા શબ્દનો સાચો શબ્દ ફકરામાંથી શોધી લખો.

શિયાળાના ઠારમાં એક ઠેગા જેવા ઠિંગુજી ઠંડીમાં થરથરતા હતા. તેમની પાસે એક થેલી હતી. જેમાં ઢગલાબંધ થેલીઓ હતી. દરેક થેલીમાં અંજીર હતાં. ઠિંગુજી અંજીર વેચતા હતા. તેમને બજારમાં એક નાનો છોકરો દેખાયો. જેનું નામ થોર હતું. થોરને ખૂબ ભૂખ લાગી હતી. ઠીંગુજીએ થોરને અંજીરની એક થેલી આપી. થોર તે ખાઈ ખુશ થયો.

| | | |
|---|---|---|
| ઠીગુજી .................. | ઠડી .................. | અજીર .................. |
| ભખ .................. | થલી .................. | ખશ .................. |

 રમ્ભા - રંભા, અમ્બા - .................. (બાણું)

## એકમ-૫ના વિશેષ મહાવરા માટે

છબીલ છબછબ કરે,
નરેન છબછબ કરે,
છાલક છાલક રમે.
નાક લાલ લાલ છે.
છબીલ બીમાર છે.
જેમ તાવ ચડે,
તેમ છબીલ રડે.

બાપા એ પણ જાણે,
પીડા ચડે આ ટાણે.
બાપા વહેલા ચાલે,
વૈદજીને તેડી લાવે.
વૈદજી નાડી પકડે,
છબીલના લલાટે અડકે.
બીમારીનો ઈલાજ આ,
લે મારી દવા ખા.





- ઉપરના ગીતમાંથી તમને ગમતાં શબ્દો લખો.

| | | | |
|---|---|---|---|
| લટકા<br>લખાણ<br>લગાન<br>લટાર | ટાઈમ<br>ટોપલો<br>ટોપી<br>ટોપરું | ચાકર<br>ચોપડી<br>ચાખડી<br>ચાલક | તરલ હસતો હસતો આવ્યો.<br>પાણી ભરવા માટલી લાવ.<br>શાક સમારવા છરી લાવ. |

ગણો : આ પાના પર 'લ' કેટલીવાર? ..................

## શબ્દ વાંચતા જાઓ અને લખતા જાઓ.

| | | | |
|---|---|---|---|
| ટાલ | પાટ | ખાટલી | જૈન |
| છાલ | ચાટ | માટલી | વૈરાગ |
| વાલ | રાખ | ચીજ | જૈવિક |
| ગાલ | ખાખ | ચીસ | દૈનિક |
| લાલ | ચાર | વૈદ | સૈનિક |
| વાટ | ચાસ | પૈસા | ભૈરવી |

| | | |
|---|---|---|
| ખા | ઈલાજ | ચડે |
| છબછબ | બીમારી | ટાણે |
| છાલક | દવા | પૈડા |

બારણે ચકલી આવે છે.

કેવલને ચકલી ગમે છે.

ચકલી આવ, દાણા ચણ.

ચકલી દાણા ચણે છે.

ખેતરમાં કાબર આવે છે.

કૈલાસને કાબર ગમે છે.

કાબર આવ, દાણા ચણ.

કાબર દાણા ચણે છે.



ગણો : આ પાના પર 'ટ' કેટલીવાર? (ચોરાણું)

૧. વાંચો, ૈ (બે માત્રાવાળા) શબ્દો નીચે લીટી કરો અને લખો.

કૈલાસ અને દૈવત ભાઈબહેન. બંને રોજ નવી નવી રમતો રમે. કોઈ દિવસ ચોરપોલીસ તો કોઈ દિવસ પકડદાવ. આજે તે સૈનિક-સૈનિક રમે છે. બંને બૂટમોજાં અને ટોપી પહેરીને તૈયાર થયાં છે. મોજાં ખાખી રંગના છે.

- ફકરામાં આ અક્ષર કેટલી વાર છે? ગણીને લખો.

લ : ☐ ટ : ☐ ચ : ☐ ખ : ☐

- ૈ (બે માત્રાવાળા) શબ્દોની આગળનો શબ્દ શોધો અને લખો.

- નકામા અક્ષરો છેકી સાચો શબ્દ લખો.

- ચૈસૈનિકર
- કિદિવયસે
- પકડકડદાવ
- તૈપાયારટ

- વાંચો અને નકામો જવાબ છેકો.

૧. ચૈતાલી તેના ભાઈને ભૈ કહે છે. તમે શું કહો છો? ભઈ / ભાઈ / ભૈ.

૨. કિરણ તેના ફોઈને ફૈ કહે છે. તમે શું કહો છો? ફોઈ / ફઈ / ફૈ.

૩. હેતલ તેની બહેનપણીને સૈયર કહે છે. તમે શું કહો છો? બેનપણી / બહેનપણી / સૈ.

૨. વાક્ય ખોટી રીતે લખાયું છે. તમે સુધારીને લખો.

૧. ચૈતરબાજરીવાવેછે.

૨. ટપાલીટપાલલાવેછે.

૩. કૈલાસઅનેદૈવતભાઈબહેનછે.

૪. દાદાજીપૈસાઆપેછે.

૫. વૈદઈલાજકરેછે.

૬. ઐરાવતથૈથૈનાચેછે.




ભેગું લખો : બહે ન પ ણી : ________ (પંચાણું)

**હરેન અહીં આવ, ઝટઝટ આવ.**
**હરેન બહાર ચાલ, ઝટપટ ચાલ.**




બહેન ભાઈને સાથે ફરવા માટે બોલાવે છે. ‘‘ચાલ ભાઈ હરેન, બહાર ફરવા ચાલ, બહાર આવ, ઝટપટ આવ.’’

**હરણ કૂદકા મારે છે,**
**કૂણું ઘાસ ચરે છે.**



નદીકાંઠે કૂણું ઘાસ ચરતાં કૂદકા મારતાં હરણ જોઈને ભાઈબહેન ખુશ ખુશ થઈ જાય છે.

**આ છે પાણી,**
**ખળખળ વહેતું પાણી.**



ફરતાં ફરતાં ભાઈબહેન નદીકાંઠે આવે છે. વહેતી નદીનું ખળખળ પાણી ભાઈ બહેનને બતાવે છે. ‘‘આ છે વહેતું પાણી, ખળખળ વહેતું પાણી.’’

**બહેન ઉપર આવ, બહેન ચણા લાવ.**
**આ છે આભના તારા, ઝગમગ ઝગમગ તારા.**



ફરીને પરત આવેલાં ભાઈબહેન ઘરની અગાસી પર ચઢે છે. ભાઈ ઉપર અગાસીમાં પહોંચી ગયો છે અને ત્યાંથી બહેનને બોલાવે છે. બહેનના હાથમાં ચણાનું પડીકું છે. તે લઈને બહેન પગથિયાં ચડે છે.

| | | | | |
|---|---|---|---|---|
| ઝડપી | વિશાલ | ઘડિયાળ | ઊંડ | મનુ પૂરીશાક ખા. |
| ઝાકળ | વિચાર | ઘરબાર | આબુ | વિપુલ ઝાડુ લાવ. |
| ઝટપટ | વિનાશ | ઘરમાલિક | કુમાર | મનન ગુણાકાર કર. |
| ઝાટકો | વિનય | ઘાસ | કુહાડી | |

છૂટું પાડો : ઝટખળઝટખળ : ............ ............

## શબ્દ વાંચતાં જાઓ અને લખતાં જાઓ.

| | | | |
|---|---|---|---|
| નળ | ઉજાણી | અમૂલ | ગુલાબી |
| બળદ | ચારણ | ગુલાબ | નકુલ |
| હેત | દૈનિક | પૂનમ | હાજરી |
| ખુમારી | ઘુવડ | હાજર | જુવાર |
| ઘડપણ | ઊન | સૂતર | સૈનિક |
| ખેતર | ઝરણું | રાહુલ | લાલ |

| | |
|---|---|
| બહેન | હરેન |
| ઉપર | કૂદકા |
| ઘાસ | ઝળહળ |

કાળુ કાગળ લખે છે.

કાળુ મામાને કાગળ લખે છે.

મારે આબુ જવું છે.

મારે ઘરઘર રમવું છે.

વરસાદ પડે છે.

વરસાદ ઝરમર ઝરમર પડે છે.

ગોઠવો : કોણ લખે કાગળ ?

૧. ફકરો વાંચો અક્ષર શોધો.

ઝરણાનું ઘર ગામને છેડે. તેના ઘરથી થોડે આઘે જંગલ. જંગલમાં તો ઘણાં ઝાડ. ઊંચા ઊંચા ઘટાદાર ઝાડ. તે જંગલમાં એક વાઘ રહે.

**લખો :** (૧) 'ઘ' ની આગળના શબ્દો : ..............................

(૨) 'ઊ' હોય તેવા શબ્દો : ..............................

(૩) 'ઝ' ની પાછળના શબ્દો : ..............................

વાઘને ભૂખ લાગી. તેનું પેટ કહે, "હરણ ખાઉં, ઝરખ ખાઉં, હાથી ખાઉં, ઊંટ ખાઉં." ચાલતો ચાલતો તે પીપળા નીચે ગયો. તે પીપળા નીચે ઊભો હતો. તેવામાં ખૂબ જોરથી પવન આવ્યો. સૂઉ, સૂઉ. પીપળા પરથી ટપટપ ટેટાં પડ્યાં. વાઘ ડરી ગયો. ઊભી પૂંછડીએ નાસી ગયો.

**લખો :** (૧) 'હ' ની આગળના શબ્દો : ..............................

(૨) 'ઉ' વાળા શબ્દો : ..............................

(૩) 'ઊ' વાળા શબ્દો : ..............................

(૪) 'ટ' ની પાછળના શબ્દો : ..............................

(૫) પવનનો અવાજ : ..............................

(૬) ટેટાંનો અવાજ : ..............................

- બંને ફકરા વાંચો. ઉદાહરણ મુજબ શબ્દો લખો.

| ા | ે | ી | િ | ઉ | ઊ | ુ | ૂ |
|---|---|---|---|---|---|---|---|
| | પેટ | લાગી | | ખાઉં | | તેનું | |
| | | હાથી | | | | | |
| પીપળા | | | | | | | |

- ખોટા અક્ષર છેકો. સાચો શબ્દ બનાવો અને લખો.

(૧) વાદઘ : .............................. (૨) ગઝરબખ : ..............................

(૩) ઊંઘચટ : .............................. (૪) હાળાચીથી : ..............................

 છૂટું પાડો : હાવાથીઘ .............................. .............................. 

- વાક્ય સાચી રીતે લખો.

(૧) ઝરણાનાઘરનીપાસેજંગલહતું.

(૨) જંગલમાંઊંચાંઅનેઘટાદારઝાડહતાં.

(૩) સૂઉંઉંકરતોપવનઆવ્યો.

(૪) બીનેવાઘઊભીપૂંછડીએનાસીગયો.

૨. ફકરો વાંચો.

અમારા ગામમાં એક તળાવ છે. તળાવમાં ચાર કાચબા છે. તળાવમાં બે બતક છે. પાણીમાં ગુલાબી કમળ છે. પાણીમાં માછલી પણ છે. માછલી પાણીમાં આમતેમ તરે. અમે મમરા નાખીએ. તળાવમાં દેડકાં પણ છે. દેડકાં ડ્રાંઉંડ્રાંઉં કરે. તળાવ પાસે ઘણાં ઝાડ છે. લીમડાનું ઝાડ છે. વડનું ઝાડ છે. જાંબુનું ઝાડ છે. ઝાડ પર ચડવાની મજા પડે. જાંબુ ખાવાની મજા પડે.

- વાંચો સાચા વાક્યની સામે ☺ કરો. ખોટા વાક્યની સામે ☹ કરો.

(૧) તળાવમાં ફોર કાચબા છે. ☐
(૨) તળાવમાં ત્રણ ડક છે. ☐
(૩) પાણીમાં ફીશ તરે છે. ☐
(૪) તળાવમાં ફ્રોગ નથી. ☐
(૫) તળાવ પાસે બાવળનું ટ્રી છે. ☐
(૬) ફ્રોગ ડ્રાંઉંડ્રાંઉં કરે છે. ☐
(૭) ગામમાં વન લેક છે. ☐
(૮) તળાવ પાસે નીમ ટ્રી છે. ☐

- વાક્યો સુધારો.

(૧) પાણીમાં ગુલા____ કમળ છે.
(૨) માછ____ પાણીમાં તરે.
(૩) માછલી મમ____ ખાય.
(૪) તળાવમાં બે બત____ છે.
(૫) તળાવ પા____ ઝાડ છે.
(૬) દેડ____ ડ્રાંઉંડ્રાંઉં કરે છે.

- જોડકાં જોડો અને લખો.

| | | |
|---|---|---|
| પાણીમાં | કમળ | કૂદે |
| | દેડકાં | તરે |
| | માછલી | ઊગે |

 છૂટું પાડો : દેડમાછલીકાં : ____ ____ 

૩. ખોટા શબ્દને ◯ કરો. સાચું વાક્ય લખો.

ઉદાહરણ : ઝૂંપડી પાસે (જડ) છે. ઝૂંપડી પાસે ઝાડ છે.

(૧) રાતે મુવડ જાગે છે.

(૨) માછલી પાણીમાં તરે.

(૩) વાંદરો લૂપલૂપ કરે.

(૪) સવારે સૂરજ ઊગે.

(૫) જાંબુ બાવા ગમે.


(૬) ઘરમાં બળ ટપકે છે.

(૭) ઝરણું ખળખળ વડે છે.

(૮) ખેડૂત હળ હાંકે છે.

(૯) રાતે તારા ઝગમગે છે.


૪. કેવો અવાજ કરે?

ઉદાહરણ :  ચીં ચીં ચીં

(૧) 

(૨) 

(૩) 

(૪) 

(૫) 


(૬) 

(૭) 

(૮) 

 બોલો : ટેહૂક...ટેહૂક...ટેહૂક... 

# એકમ-૭ના વિશેષ મહાવરા માટે



ધનાભાઈ આળસુ હતા.

કોઈક ને કોઈકના ઘરે પહોંચી જાય, જમવા ટાણે પહોંચી જાય... એક વાર કોઈકના ઘરે ગયા.

બધા એની પર નારાજ થયા. સૌ કહે, ધનાને ખાવા ન આપો...

ખાધા વિનાના ધનાભાઈ... આમ તેમ ફરતા હતા...

ધનાભાઈ સમજી ગયા, કામ કરીને ખવાય...

લાવ, કોઈ કામ કરીએ.

ધનાભાઈએ કરી હાથલારી... ફળો વેચે સાદ પાડી...

ધનાભાઈ રાજી, ગામ રાજી.

એક વાત સૌને સમજાય, કામ કરે એનું ગૌરવ થાય.

ધનાભાઈ કહે બધાને...

આળસ તો ના કરીએ કદી, મહેનત કરવાની આ સદી...

| | | | | |
|---|---|---|---|---|
| ફરવું<br>ફળિયું<br>ફાડવું<br>ફૂવાજી | ભૂખ<br>ભાવુક<br>ભુજા<br>ભભૂત | યમુના<br>યુગલ<br>યુવતી<br>યદુકુળ | દૂધી<br>ધાતુ<br>ધૂણી | પૂનમ બજારમાં ગઈ.<br>ભીમ લાડુ ખાય.<br>રાજુ ઝાડ પર ચડ. |



પાનામાંથી આ વાક્ય શોધી લીટી કરો : રાજી, ગામ રાજી.

## શબ્દ વાંચો અને લખો.

| | | |
|---|---|---|
| રાધા | યતિ | અભય |
| ફોરમ | યાચક | ધજા |
| મૌન | વીણા | ભૂલ |
| ગૌરવ | ભૈરવ | ફૂલ |

મૈયા ગાય દોહે છે.

ભોજન તૈયાર થાય છે.

કૌશિકને દૂધ ભાવે છે.

ફોરમ દોડતી આવે છે.

મૌલિક રોટલો ખાય છે.

| | | |
|---|---|---|
| આળસુ | ઘર | ફરતા |
| હતા | નારાજ | કામ |
| આમ | તેમ | ફળ |
| સાદ | હાથલારી | સદી |

 પાનામાંથી આ શબ્દો શોધી લીટી કરો : નારાજ, ગૌરવ, ભોજન 

- ફકરો વાંચો.

## 'ભૂખ્યો બગલો'

એક બગલો હતો. તેને ભૂખ લાગી હતી. તે ખાવાનું ખાવા ગયો. તેને ખેતરમાં એક કાકડી મળી. કાકડી લઈને તે ખાવા બેઠો. નજીકમાં તળાવ હતું. તળાવમાં માછલીઓ હતી. તેણે વિચાર્યું, "કાકડી અને માછલી સાથે ખાઉં તો મજા પડી જાય!" તે માછલી પકડવા ગયો. તળાવમાં મગર હતો. મગર તેની પાછળ દોડ્યો. બગલો તો કાકડી લઈને ભાગ્યો. બગલાને એક માટલું દેખાયું. તેણે કાકડી માટલામાં નાખી અને ભાગી ગયો. બગલો પાછો આવ્યો અને જોયું તો માટલું તો ખાલી હતું.

**ગુલાબી અક્ષરવાળા શબ્દોમાં શિક્ષકે વાંચવામાં મદદ કરવી.**

- કેટલાક શબ્દો ફકરામાં વારંવાર આવે છે તો તે શબ્દ કેટલી વાર વપરાયો તેની સંખ્યા લખો.


એક ☐ તેને ☐ હતો ☐ હતી ☐ તેણે ☐

તે ☐ તો ☐ ગયો ☐ તેની ☐

- ફકરો વાંચો અને ઉદાહરણ મુજબ લખો.

| ા | ે | ી | ુ | ો |
|---|---|---|---|---|
| ખાવા | એક | લાગી | દેખાયું | હતો |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

**સરરર સરરર કરતી આવી,**
**લાલ પરી આવી...**
**શૈલી પાસે આવી, હાથને લંબાવી.**



શૈલી ઢીંગલી સાથે રમી રહી હતી. અચાનક એને 'છમછમ' એવો અવાજ સંભળાયો. અવાજની દિશામાં એણે જોયું તો એને સુંદર લાલ પરી જોવા મળી. એણે બૂમ પાડી : "લાલ પરી, લાલ પરી..."

**જગાડવાને મમ્મી આવી,**
**પેલી રેવડી ક્યાં ખોવાણી?**



આંખો ચોળતી એ ઊઠી. સપનું તૂટી ગયું. પરી પણ અલોપ થઈ ગઈ. શૈલીએ મમ્મીને સપનાની વાત કરી. મમ્મીએ કહ્યું : 'સાંજે હું તને રેવડી ખવડાવીશ!'

**પરી આવી નાચતી ગાતી, નવાંનવેલાં ગીતો ગાતી.**
**મીઠી મીઠી રેવડી લાવી! શૈલીબેનને ખૂબ ભાવી.**



શૈલી તો પરી સાથે રમવા લાગી. પરી નવાં નવાં મધુર ગીતો સંભળાવવા લાગી. શૈલી પણ પરીની સાથે ગીત ગાવા લાગી. પરી શૈલી માટે રેવડી લાવી હતી. શૈલીને રેવડી બહુ ભાવતી હતી.

રેવડી ખાવા માગતી શૈલી આગળ વધી. પણ સવાર થઈ ગઈ હતી. મમ્મીએ શૈલીને જગાડી.

**શૈલીએ ઓઢી લીધો ધાબળો,**
**'જાગ બેટા ! થઈ સવાર !'**
**'મમ્મી ! મારે ખાવી રેવડી...!'**
**તું જાગી જા, થા તૈયાર !**
**ઢગલો રેવડી આપીશ પછી !**

| | | | | |
|---|---|---|---|---|
| ઠીકરી<br>ઠમકવું<br>ઠાલવવું<br>ઠપકો | ઢચુપચુ<br>ઢબૂકલુ<br>ઢસડવુ<br>ઢીકાપાટું | શીખવવું<br>શિયાળ<br>શક્કરિયું<br>શિશુપાલ | થાક<br>થથડાવું<br>થુંકદાની<br>થીંગડું | સુમન દુકાન ઉઘાડ.<br>સુથાર ખુરશી બનાવ.<br>માળી જમરૂખ બતાવ. |

પાનામાં ગણો : 'રેવડી' કેટલીવાર? ..............................

## શબ્દ વાંચતા જાઓ અને લખતા જાઓ.

| | | |
|---|---|---|
| ગાઢ | થડ | ઢોલ |
| ઢળિયો | સાંઢ | ધોરણ |
| શંકર | ખીણ | શિયાળ |
| થીગડું | સૌરભ | ભયંકર |
| ટાઢ | હોઠ | છાશ |
| દાઢ | ઠોઠ | શાક |

પંખી.

રંગબેરંગી પંખી.

આંગણે પંખી આવે છે.

શૈલેશ દાણા નાખ.

પંખી દાણા ચણે.

| | | |
|---|---|---|
| શૈલી | ગીતો | રેવડી |
| હાથ | ઢગલો | ઓઢી |
| મમ્મી | સવાર | પરી |
| આઠ | ધાબળો | પૂરાં |

 પાનામાં ગણો : 'ઢ' વાળા શબ્દ કેટલા? ______ 

- જુદા પડતા ઉચ્ચારવાળા શબ્દ પર ☐ કરો.

| | | | |
|---|---|---|---|
| ઠંડી - | દંડી, | વંડી, | વંડો |
| થેલી - | ડેલી, | લીટી, | વેલી |
| થોર - | બોર, | બોટ, | ઘોર |
| શિયાળો - | ઉનાળો, | ચોમાસું, | ઉકાળો |
| ભૂખ - | દુઃખ, | મુખ, | ફૂલ |

- શબ્દો ભેગા થઈ ગયા છે. અલગ કરીને વાક્ય લખો.

૧. શરણાઈગુંજી, ગોપીનાચી. ______

૨. સંદીપનીદાઢી ઠંડીમાં થરથરવાલાગી. ______

૩. બાપાથરણું પાથરીપૂજા કરવાબેઠાં. ______

૪. ભમરાનુંગુંજન મધુરહોયછે. ______

- ચિત્રોની મદદથી ખાલી જગ્યા પૂરો.

૧. આકાશમાં રંગબેરંગી ______ ચગે છે.




૨. ______ થૈ થૈ નાચે છે.



૩. ચંદન ______ વગાડે છે.



૪. ______ વાગે ઢમ ઢમ ઢમ.



૫. માટીનો મોટો ______.




# વર્ગ સહાયક અધ્યયન સંપુટ સામગ્રી

૧. અધ્યયન સંપુટ પુસ્તિકા
૨. વિદ્યાપ્રવેશ વિદ્યાર્થી પ્રવૃત્તિપોથી (ધોરણ-૧)
૩. પ્રોજેક્ટ પ્રવૃત્તિ બુક
૪. લેખનપોથી
૫. ચિત્રપોથી
૬. નોટબુક (વિદ્યાર્થી દીઠ-૩)
૭. સ્લેટ અને પેન બૉક્સ
૮. શૈક્ષણિક સ્ટેશનરી કિટ
૯. શિક્ષકસાથી મૉડ્યુલ
૧૦. વિદ્યાર્થી પ્રગતિ રજિસ્ટર
૧૧. નિપુણ ભારત માર્ગદર્શિકા (ભાગ-૧,૨)
૧૨. વિદ્યાપ્રવેશ શિક્ષક આવૃત્તિ
૧૩. સર્જન માટેની વર્ગસામગ્રી
૧૪. અધ્યયન નિષ્પત્તિ ચાર્ટ
૧૫. બોર્ડ બુક
૧૬. લાર્જ સ્ટોરીબુક
૧૭. વાર્તાનો વડલો ભાગ ૧-૨
૧૮. ચિત્રવાર્તા પુસ્તિકા (૧૨ ભાગ)
૧૯. દ્વિભાષી વાર્તા પુસ્તિકા
૨૦. અર્લીરીડર (પ્રારંભિક વાચનમાળા)
૨૧. સચિત્ર બાળપોથી
૨૨. ચિત્ર કેલેન્ડર
૨૩. ફ્લેશ કાર્ડ
૨૪. ચાર્ટ/પોસ્ટર
૨૫. બ્રેઈલ કિટ
૨૬. **NCERT Maths kit**
૨૭. **IIT FLN KIT**
૨૮. જાદુઈ પિટારા
૨૯. રમતગમતનાં સાધનો
૩૦. સંગીતનાં સાધનો

૩૧. ઓડિયો સામગ્રી

# અધ્યયન સંપુટ
# ગુજરાતી
## ધોરણ ૧



GCERT

NIPUN BHARAT

समग्र शिक्षा
Samagra Shiksha

આ સામગ્રી સમગ્ર શિક્ષા, ગાંધીનગર તરફથી વિનામૂલ્યે આપવામાં આવેલ છે. (વર્ષ ૨૦૨૫-૨૬)